આચાર્ય હરિભદ્રકૃત

# અષ્ટક પ્રકરણ

[ ભાષાનુવાદ સહિત ]

સંગ્રાહક


શ્રી મહાવીર જૈન વિદ્યાલય

મુંબઈ,


સંપાદક


શ્રી ખુશાલદાસ જગજીવનદાસ

ન્યાયતીર્થ.

પ્રકાશક :
માનદ મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય,
ગોવાલિયા ટેંક રોડ; મુંબઈ

પ્રથમાવૃત્તિ
પ્રત ૧૦૦૦

વીર સં. ૨૪૬૭
ઇ. સ. ૧૯૪૧

કિંમત ચાર આના.

મુદ્રક:
હીરાલાલ દેવચંદ શાહ, શારદા મુદ્રણાલય, જુમામસીદ સામે
પાનકોર નાકા—અમદાવાદ.

## —પ્રકાશકીય—

અભ્યાસીને ઉપયોગી થાય અને ખાસ કરીને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના અભ્યાસીને અભ્યાસમાં મદદ કરે તે હેતુથી શ્રીમાન્ હરિભદ્રસૂરિના અષ્ટકપ્રકરણના મૂળ અને અર્થને છપાવવા વ્યવસ્થા કરી. જૈન સાહિત્યના બે મોટા વિભાગ તત્ત્વજ્ઞાન અને ચરણકરણને અંગે શ્રી તત્ત્વાર્થ સૂત્રની યોજના પંડિત સુખલાલજીએ સુંદર રીતે કરી છે, અષ્ટકપ્રકરણમાં પણ આચાર્યશ્રીએ તે જ વિષયને લગતા કેટલાક મહત્વના મુદ્દાઓ ઉપર પોતાની સરળ અને લાક્ષણિક શૈલીમાં સુંદર પ્રકાશ પાડેલ છે. આ ગ્રંથનું માત્ર મૂળ અને ભાષાનુવાદ તૈયાર કર્યા હોય તો તે હાથમાં રાખી વિદ્યાર્થીને તે પર ભાષણ આપી શકાય. તે પ્રકારની સગવડ ખાતર આ ગ્રંથની યોજના કરી છે. તેવી જ રીતે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર માટે ગોઠવણ થોડા વખતમાં અમલમાં આવશે.

જૈન ધર્મની વિશાળતા અને મહત્તાનો વિદ્યાથી વર્ગને ખ્યાલ બંધાય અને તેનો પરિચય વધે એ આ સંસ્થાનો અગત્યનો ઉદ્દેશ છે; અને તે ઉદ્દેશ આવા ગ્રંથોના પ્રકાશન અને અભ્યાસથી પાર પડે તેમ હોઈ વ્યવસ્થાપક સમિતિ સંમતિથી આ કામ હાથ ધર્યું છે. એ પ્રયોગની સફ પર બારિક ધ્યાન આપવાનું રહે છે.

અન્ય પાઠશાળામાં પણ આ પ્રયોગ થાય એ વાત એકજ છે કે વિદ્યાર્થીવર્ગ જૈન રહે, જૈ

રહસ્ય સમજે અને જૈનો વિશ્વબંધુત્વ સમજી જીવી શકે છે એ વાતનો સ્વીકાર કરે એટલે આપણો હેતુ પાર પડે તેમ છે. પ્રયોગને સફળતા ઇચ્છતાં એને અંગે પંડિત ખુશાલદાસે પાઠશુદ્ધિ અને અર્થનિર્ણય કરવાને અંગે લીધેલ પ્રયાસની ખાસ નોંધ લેવામાં આવે છે. આ પ્રકારનું પ્રકાશન ઉપયોગી થશે તો એ દિશાએ વધારે પ્રયાસ કરવાની સમિતિની ઇચ્છા છે. ખરો આધાર તો એના પર વિવેચન કરનાર અધ્યાપકનો છે. એમને અનેક ટીકાનો પ્રસંગ પ્રાપ્તવ્ય છે. શાસ્ત્રબોધ હોય, પૃથક્કરણ શક્તિ હોય અને વિદ્યાર્થીની વય, રૂચિ અને ગ્રહણશક્તિ પર ધ્યાન હોય તો આ પુસ્તિકા પરથી ભારે મોટી ઇમારતની રચનાની શક્યતા છે. આખા જૈન સંયમ અને ચારિત્રનું આમાં દોહન છે અને એનો ઉપયોગ કરવાની આવડત પર એની સફળતા છે. સંસ્થાનો આ ઉદ્દેશ પાર પડે એવી ભાવના સાથે પંડિત અધ્યાપકો એનો ખૂબ ઉપયોગ કરે, અને એને માત્ર ભૂમિકારૂપ સમજી પોતાના જ્ઞાનને વધારવા અને વાપરવા માટે આ યોજના છે એ વાત લક્ષ્યમાં રાખી એનો લાભ આપે.

અભ્યાસીને તો આ માત્ર ભૂમિકારૂપ છે. એના પર મોટી ટીકાઓ છે, એના પર શાસ્ત્રવિસ્તાર છે અને એના ર ખૂબ કહેવા જેવું છે એ વાતનું ધ્યાન રહે. ચારિત્ર ર મુક્તિ નથી અને ચારિત્ર પ્રાપ્તિની ભૂમિકાઓ છે, નો છે અને પ્રગતિ માર્ગ દર્શન છે એ વાત લક્ષ્યમાં ા આ નાની પુસ્તિકામાંથી ઘણું માર્ગદર્શન થશે અને ચિ પ્રમાણે ધ્યાન યોગમાં પ્રગતિ થશે એ વાત તરફ ંચવામાં આવે છે. જૈન ધર્મના મૂળ પાયા નાખ-

વાના આ તો અંદરના પથ્થરો છે, એના પર મકાન બંધાશે ત્યારે તો અનોખી ભાત પડશે. એ રાજમાર્ગના પ્રવેશ દ્વારો અહીં જરૂર સાંપડશે. રૂચિ પ્રમાણે સંગ્રહ કરી આગળ વધવાની પ્રેરણા કરી આ ગ્રંથનો અભ્યાસ કરવા પ્રેરણા કરી અત્રે વિરમીએ.

માનદ મંત્રીઓ

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

## —સંપાદકીય—

જૈન જનતા સમક્ષ શ્રી હરિભદ્રસૂરિ જેવા સમર્થ આચાર્યની કૃતિ—અષ્ટક પ્રકરણનો અનુવાદ મૂકતાં મને અતિ આનંદ થાય છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓના ધાર્મિક અભ્યાસક્રમમાં ઉકત ગ્રંથ રાખવામાં આવેલ છે તેથી વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવો અનુવાદ વિદ્યાલયના અધિકારીઓએ સંસ્થા તરફથી જ બહાર પાડવાનો નિર્ણય કર્યો અને એ કામ મને સોંપવામાં આવ્યું. મેં યથાશકય અનુવાદો સારા બનાવવાની કોશિશ કરી છે, તેમ છતાં મારો આ સર્વ પ્રથમ પ્રયત્ન છે તેથી તેમાં સ્ખલના જરૂર રહી હશે. શિક્ષકો, વિદ્વાનો અને વિદ્યાર્થીઓ તે તરફ મારું ધ્યાન ખેંચશે તો હું તેમનો આભારી બનીશ, જેથી ભવિષ્યમાં તે ત્રુટિઓ દૂર થશે, અને સમાજ સમક્ષ સારામાં સારો અનુવાદ રજૂ કરી શકાશે.

માત્ર અનુવાદ તૈયાર કરવો, ટિપ્પણો નહિ એ અમારી દ્દા હતી, તેથી મૂળ શ્લોક અને તેનો અનુવાદ આપેલ વિદ્યાર્થીઓની દૃષ્ટિએ આ અનુવાદ હોઇને શ્લોકોનો અક્ષરશઃ અનુવાદ કરવાની કોશિશ કરેલ છે, તથાપિ ની ભાષાનો સ્વાભાવિક પ્રવાહ કે તેની વિશેષતા ન ની પણ યથાશકય કાળજી રાખેલ છે. વળી આચાર્ય

જે ભાવ શ્લોકમાં કહેવા માગતા હોય, તે કદાચ તેમાં ન આવી શકયો હોય અને ટીકામાં તેને સ્પષ્ટ કર્યો હોય તો તેને કૌંસમાં મૂકીને અનુવાદમાં બતાવવામાં આવ્યો છે. તેમજ વિશેષ સ્પષ્ટતા ખાતર જે કાંઈ ઉમેરવામાં આવેલ છે તેને પણ યથાશક્ય કૌંસમાં મૂકેલ છે. ઉપરાંત વિદ્યાર્થીઓની સગવડતા ખાતર ગ્રંથકારનું સંક્ષિપ્ત જીવન ચરિત અને પાછળ કેટલાંક પરિશિષ્ટો આપવામાં આવેલ છે. પાછળના આચાર્યોએ અષ્ટક પ્રકરણનો ઘણી છુટથી ઉપયોગ કરેલ છે તેથી સંપાદન કાર્યમાં ઉપયોગી થાય એ દૃષ્ટિએ પરિશિષ્ટમાં શ્લોકોનો અકારાદિક્રમ પણ આપેલ છે.

મારે જે ખાસ કહેવાનું છે તે એ છે કે હું મારા પૂર્વ અનુવાદકોનો તથા સંપાદનમાં મદદરૂપ થયેલ ગ્રંથો કે લેખોના વિદ્વાન સંપાદકો તેમજ લેખકોનો અત્યંત ઋણી છું. એ બધાનાં નામોની લાંબી હારમાળા આપવાનું ઉચિત નથી ધારતો તથાપિ આ કામમાં અવારનવાર પ્રત્યક્ષ સલાહ આપીને જેમણે મને ઘણી મદદ કરી છે તેવાં નામોનો અહીં ઉલ્લેખ કર્યા વિના હું રહી શકતો નથી. તેઓ છે મુનિશ્રી. જિનવિજયજી, શ્રી. મોતીચંદ ગિરધર કાપડિયા અને શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઈ. શ્રી. મોતીચંદભાઈએ તો તેમની અનેકવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતા હોવા છતાંય મારું બધું લખાણ અથેતિ તપાસી જઈ કેટલીય વાર મને યોગ્ય સલાહ સૂચના આપી છે, જેથી તેમનો વિશેષ આભારી છું. આમાં તેમનો સંસ્થા પ્રત્યેનો અનહદ પ્રેમ પણ તરી આવે છે.

અંતમાં આ પુસ્તકોને બહાર પાડવામાં ઘણી રીતે મદદરૂપ થયેલ ઉત્સાહી અને ધૈર્યશીલ પ્રેસ મેનેજર શ્રી. કાંતિલાલ ભાઈનો આભાર માન્યા વિના રહી શકતો નથી.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ગોવાલિયાટેંક, મુંબઈ
વિજયાદશમી ૧૯૯૭

ખુશાલદાસ

# — શ્રીહરિભદ્રસૂરિ —

પોતાના આચાર અને વિચાર દ્વારા જૈન ધર્મની તથા સાહિત્યની અનુપમ સેવા કરનાર આ આચાર્ય વિક્રમની આઠમી શતાબ્દિમાં[1] દિવાકર સમા દીપી રહ્યા હતા. પરંતુ બીજા ઘણા આચાર્યોની માફક તેઓશ્રી પણ પોતાનું જીવન વૃત્તાંત ક્યાંય આપી ગયા નથી. તેમના ગ્રંથો ઉપરથી ફક્ત એટલું જ જાણી શકાય છે કે તેઓ વિદ્યાધરકુળમાં થયા હતા, તેમના ધર્મગુરુનું નામ શ્રી જિનદત્તસૂરિ હતું, તેઓ શ્રી જિનભટસૂરિની આજ્ઞામાં રહીને વિચરતા હતા તથા પોતાને 'યાકિની' નામનાં એક વિદુષી જૈન સાધ્વીના ધર્મપુત્ર તરીકે ઓળખાવતા હતા.[2] તેમણે 'ભવવિરહ'[3] એવું પોતાનું

---

૧. શ્રીહરિભદ્રના સમય નિર્ણય પરત્વે અનેક ઉહાપોહ થયેલ છે. પરંતુ હવે તેઓ વિ. સં. ૭૦૦ થી ૭૭૦ લગભગ થયેલા હોવા જોઇએ એમ સાબિત થઈ ચૂકયું છે. તે માટે જૂઓ—

૧) 'હરિભદ્રકા સમયનિર્ણય' નામનો લેખ જૈન સાહિત્ય સંશોધક પ્રથમ ખંડ પૃ. ૨૧ થી

(૨) શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાનો 'શ્રીસિદ્ધર્ષિ' નામનો ગ્રંથ ભાગ ૭

૨ "समाप्ता चेयं शिष्यहिता नामावश्यकटीका। कृतिः सिताम्बराचार्यजिनभटनिगदानुसारिणो विद्याधरकुलतिलकाचार्यजिनदत्तशिष्यस्य धर्मतो याकिनीमहत्तरासूनोः अल्पमतेः आचार्यहरिभद्रस्य"

૩. પ્રબંધકોશમાં શ્રીરાજશેખરસૂરિ 'હરિભદ્રસૂરિ' પ્રબંધમાં કહે છે કે તેમના બે પ્રિય ભાણેજો અને શિષ્યોનો બૌદ્ધોને હાથે વધ થયો હતો તેથી ત્યાર પછીથી તેમણે પોતાના ૧૪૪૦ ગ્રંથોને અંતે 'ભવવિરહ' એવો ઉપનામસૂચક શબ્દ વાપરેલ છે.

ઉપનામ રાખ્યું હતું.

[ભવવિરહ=ભવનો વિરહ=સંસારનો છેદઃ એ છેદ જેમણે કર્યો છે તેવા 'ભવવિરહ' સૂરિ શ્રી હરિભદ્ર.]

તેમના જીવનસંબંધી શૃંખલાબદ્ધ માહિતી પૂરી પાડનારા પુરાતન પ્રબંધકારોના ઉપલબ્ધ ગ્રંથોમાંથી ધ્યાન ખેંચે એવા નીચેના ગ્રંથો છે.

(૧) કથાવલી[૧]–શ્રી ભદ્રેશ્વરકૃત. લગભગ વિક્રમનો બારમો સૈકો.

(૨) પ્રભાવક ચરિત્ર–શ્રી પ્રભાચંદ્રસૂરિકૃત. વિ. સં. ૧૩૩૪

(૩) પ્રબંધકોશ–શ્રી રાજશેખરસૂરિકૃત. વિ. સં. ૧૪૦૫

તેમને આધારે તેમજ તુલનાત્મક દૃષ્ટિએ લખનાર વર્તમાન વિદ્વાનોનાં લખાણોને આધારે પ્રસ્તુત ચરિત્ર લખવામાં આવ્યું છે.

વીરભૂમિ મેવાડમાં આવેલ ચિત્રકૂટ (ચિત્તોડ) નામના નગરમાં આપણા ચરિત્રનાયક શ્રી હરિભદ્રનો જન્મ રાજ-પુરોહિતને ઘેર થયો હતો. બાલ્યાવસ્થાથી જ તેમની બુદ્ધિ-પ્રભાની અદ્‌ભુતતા સિદ્ધ થઈ ચૂકી હતી. તેઓ વ્યાકરણ,

---

'तत्प्रथमं याकिनीधर्मसूनुरिति हारिभद्रग्रन्थेष्वन्तेऽभूत् ।
१४४० पुनर्भवविरहान्तता ।'

સિંઘી જૈન ગ્રંથમાળા પ્રકાશિત પ્રબંધકોશ પૃ. ૨૫

૧. 'કથાવલી' અત્યારે સામે નથી. મુનિશ્રી કલ્યાણવિજયજીએ 'પ્રબંધ પર્યાલોચન' નામની 'પ્રભાવક ચરિત્ર'ના અનુવાદની (પ્રકાશક–જૈન આત્માનંદ સભા; ભાવનગર.) પ્રસ્તાવનામાં હરિભદ્રસૂરિ પ્રબંધની પર્યાલોચના કરતાં કથાવલીમાંથી કેટલાય ઉલ્લેખો કરેલા છે. તે પૈકી કેટલાકને અહીં આવશ્યકતાનુસાર લીધેલ છે.

કાવ્ય, સાહિત્ય, ન્યાય આદિ ચૌદ વિદ્યાના પારગામી હતા. તેથી પોતાની નાની ઉમરથી જ પુરોહિતતા અને વિદ્વત્તાને કારણે તેઓ રાજ્યમાન્ય અને લોકમાન્ય બન્યા હતા. પરંતુ પોતાને મળતા માનપાન અને જ્ઞાનપાનથી આપણા યુવાન પુરોહિતજી ફુલ્યા માતા ન હતા. તેમણે એવી દૃઢ પ્રતિજ્ઞા કરી હતી કે "જેનું કથન હું ન સમજી શકું તેનો હું શિષ્ય થાઉં."

એકદા પુરોહિતજી રાજભવનમાંથી નીકળીને પોતાને ઘેર ચાલ્યા આવતા હતા. રસ્તામાં એક જૈન ઉપાશ્રય પડતો હતો. ત્યાં એક સાધ્વીજી સ્વાધ્યાય કરતાં બેઠાં હતાં એટલામાં પુરોહિતજી ત્યાંથી પસાર થયા. અચાનક કેટલાક શબ્દો તેમને કાને પડયા, પણ તેમનાથી તે શબ્દો સમજાયા નહિ તેથી વધારે ધ્યાન દઇ સાંભળવા ઊભા રહ્યા; પરંતુ તુંબડીમાંના કાંકરાની પેઠે શબ્દો સંભળાતા રહ્યા પણ સમજાયા નહિ.[૧] પુરોહિતજીને પોતાની પ્રતિજ્ઞા તો પ્રત્યેક પળે યાદ હતી જ; તેથી સહેજ ગર્વ ગળ્યો હોય એમ સાધ્વીજી પાસે જઇને તેમણે પૂછ્યું "હે માતાજી! આપ બોલી રહ્યા છો તેનો અર્થ શો છે? તે સમજાવવા કૃપા કરો

૧. તે વખતે સાધ્વીજી જે ગાથા બોલી રહ્યા હતા અને શ્રી હરિભદ્રજી જેને સમજી શકયા ન હતા તે નીચે પ્રમાણે છે.

चक्किदुगं हरिपणगं पणगं चक्कीण केसवो चक्की ।
केसवचक्की केसवदुचक्किकेसी य चक्की य " ॥

અર્થ:—'પ્રથમ બે ચક્રવર્તી થયા, પછી પાંચ વાસુદેવ, પછી પાંચ ચક્રવર્તીઓ, તે પછી એક કેશવ–વાસુદેવ, પછી એક ચક્રી, તે પછી એક વાસુદેવ, પછી એક ચક્રવર્તી, ત્યારપછી એક વાસુદેવ અને બે ચક્રવર્તી પછી કેશવ અને છેલ્લા ચક્રવર્તી.

મને આપનો શિષ્ય બનાવો." એમ કહી તેમણે પોતાની ભીષ્મ પ્રતિજ્ઞાની હકીકત કહી સંભળાવી. પરંતુ સાધ્વીથી પુરુષને દીક્ષા દઈ શકાય નહિ કે પોતાના શિષ્ય કરી શકાય નહિ એવો જૈનાચાર હોવાથી ચતુર સાધ્વીજી હરિભદ્રને સમજાવી પોતાના ધર્મગુરુ શ્રી જિનદત્તાચાર્ય પાસે લઈ ગયાં અને અર્થ સમજાવવા વિનંતિ કરી.

આ રીતે પુરોહિતજી જૈન સાધુઓના પરિચયમાં આવ્યા. સાધ્વીની વિનયશીલતા અને સાધુની સરળતા તથા સહૃદયતાનો પ્રત્યક્ષ પાઠ પહેલવહેલો ત્યાંજ મળ્યો. તે જ વખતે શ્રી જિનદત્તસૂરિ પાસે દીક્ષા લીધી અને સાધ્વીને પોતાનાં 'ધર્મજનની' તરીકે સ્વીકાર્યાં. આ સાધ્વી તે 'યાકિની મહત્તરા' જ, કે જે હરિભદ્ર જેવા ધર્મપુત્રને પામીને અમર બની ગયા.

આમ જ્ઞાન અને ગુણનો ભેદ સમજાયો અને અસાધારણ વિદ્વાનનો અસાધારણ અહંકાર અસાધારણ રીતે ઓગળી ગયો. પહેલાંના સકળશાસ્ત્રજ્ઞ પુરોહિતપ્રવર હવેથી 'અલ્પમતિ' અણગાર બની ગયા. અને સરળતા, સુજનતા અને સહૃદયતાના સ્રોતને એ મહાનુભાવ જીવનભર વહેવરાવતા રહ્યા.

દીક્ષા લીધા પછી અહિંસા, અનાગ્રહ અને અકષાયના પાયા પર રચાયેલાં જૈન આગમોનો અભ્યાસ શરુ કરી દીધો અને પોતાનું જીવન તદનુસાર બનાવતા ગયા. કાળક્રમે શાસ્ત્રોમાં પ્રવીણ થતાં જ ગુરુએ તેમને આચાર્યપદે સ્થાપ્યા.

# શિષ્ય મંડળ

શિષ્યો સંબંધી માહિતી આપવાની બાબતમાં પ્રબંધકારો જૂદા પડે છે. પ્રભાવકચરિત્રકાર અને પ્રબંધકોષકાર જણાવે છે કે શ્રી હરિભદ્રસૂરિને હંસ અને પરમહંસ નામના બે શિષ્યો હતા. આ શિષ્યો તેમના ભાણેજો થતા હતા. તે બન્ને યુદ્ધવિદ્યાનિપુણ હતા અને સહસ્રયોધી કહેવાતા હતા. પરંતુ કોઈ ખાસ નિમિત્તને કારણે મામા પાસે જતાં તેમના ઉપદેશથી પ્રેરાઇને દીક્ષા લીધી. તે વખતે બૌદ્ધ લોકોનું જોર બહુ હતું. તેથી તેમણે જૈનાગમોના પૂર્ણ અભ્યાસ પછી બૌદ્ધમઠોમાં જઇને બૌદ્ધશાસ્ત્રોમાં નિષ્ણાત થવા ધાર્યું. તેમણે ગુરુને પોતાની ઇચ્છા જણાવી, પરંતુ તે સમયે પ્રવર્તતા ભિન્ન મતાવલંબીઓ વચ્ચેના પરસ્પર દ્વેષભાવનો વિચાર કરીને ગુરુએ બીજે કયાંય ન જતાં પોતાની પાસે રહીને જ અભ્યાસ કરવાની સલાહ આપી. શિષ્યોને આ સલાહ રુચી નહિ અને ગુરુ પાસેથી પરાણે આજ્ઞા લઇને એક બૌદ્ધ વિદ્યાપીઠમાં જવા ઉપડયા કે જ્યાં ૧૫૦૦૦ વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરી રહ્યા હતા. ઘણાં વર્ષો સુધી ત્યાં અભ્યાસ કર્યા બાદ તેમના જૈન હોવાની ખબર પડી જતાં, તે બન્ને ભાઇઓ ત્યાંથી નાસી છૂટયા. પરંતુ ત્યાંના બૌદ્ધ રાજાના લશ્કરે વિદ્યાપીઠના કુલપતિના કહેવાથી તેમનો પીછો પકડયો. તેમાં મોટો ભાઈ હંસ મરાયો અને નાનો ભાઇ પરમહંસ નજીકના સૂરપાળ નામના રાજાની મદદથી થોડો આશ્રય પામ્યો અને છેવટે ગુરુ પાસે જઈ શકયો. ગુરુને પોતાનાં વીતક કહી સંભળાવી તે મર-

ણુને શરણુ થયો.[૧] આમ બન્ને પ્રિય શિષ્યોનો બૌદ્ધો દ્વારા નાશ થયો. ભાણેજ તેમજ શિષ્યોનો નાશ અને જૈનધર્મની હીયણુા નજર સમક્ષ આવી ઊભાં રહ્યાં. અકષાયી અણગાર કષાયની જાજ્વલ્યમાન મૂર્તિ બની ગઈ. તે જ ક્ષણે તેમણે ત્યાંના કુલપતિને હરાવી તેનો નાશ કરવાનો નિર્ણય કર્યો અને ત્યાંથી બૌદ્ધ નગર તરફ વિહાર કર્યો. વચ્ચે સૂરપાળ રાજાની રાજધાનીમાં રોકાયા અને ત્યાંથી શાસ્ત્રાર્થ માટે બૌદ્ધાચાર્યને કહેણુ મોકલાવ્યું. બૌદ્ધાચાર્યે ઉન્મત્તભાવે ઉત્તર મોકલાવ્યો કે અમોને શાસ્રાર્થ કરવાનું એકજ શરતે મંજુર છે કે જે હારે તેનો તેલની ઉકળતી કડાઇમાં હોમ કરવામાં આવે. શ્રી હરિભદ્રે એ શરત મંજુર રાખી. સૂરપાળ રાજાના દરબારમાં સભાપતિ અને શ્રોતાગણુની ભરચક હાજરી વચ્ચે પહેલેથી નકકી કરેલ રીત મુજબ શાસ્ત્રાર્થ શરૂ થયો. બૌદ્ધ કુલપતિએ પૂર્વ પક્ષ કરતાં ક્ષણિકવાદનું સ્થાપન અને સમર્થન કર્યું. હવે ઉત્તર પક્ષ કરવા હરિભદ્રસૂરિ ઊઠયા અને તેમણે સૌના આશ્ચર્ય વચ્ચે ક્ષણિકવાદનું

---

૧. અહીં પ્રબંધકોશકાર જુદા પડે છે તેઓ કહે છે કે ગુરુ પાસે પહોંચતાં પહેલાં જ રાત્રે દરવાજા બંધ થઇ જવાને કારણે પરમહંસ બહાર દરવાજા પાસે સૂતો હતો અને બૌદ્ધ રાજાના સિપાહીઓએ આવીને તેનો શિરચ્છેદ કર્યો. હરિભદ્રને ખબર પડતાં જ તેમણે તેલની કડાઇઓ ઉકળાવી અને આકાશ માર્ગે પક્ષીના રૂપમાં બૌદ્ધ સાધુઓને ખેંચી લાવીને હોમવા લાગ્યા. ગુરુને આ વાતની ખબર પડતાં તેમણે ચાર ગાથાઓ આપીને બે સાધુઓને મોકલ્યા. હરિભદ્રનો ક્રોધ શમ્યો અને પ્રાયશ્ચિત્તરૂપે ૧૪૪૦ ગ્રંથો રચ્યા.

જડમૂળથી ખંડન કરી અનેકાંતવાદની સ્થાપના કરી તથા તેના સમર્થનમાં અનેક અકાટય યુક્તિઓ રજુ કરી પોતાનું આસન ગ્રહણ કર્યું. સૂરીશ્વરને સાંભળ્યા પછી ઉત્તર આપવા કોઈ સુગતશિષ્ય સામે આવ્યો નહિ. સભામાં સર્વત્ર મૌન છવાયું. છેવટે સભાપતિ અને સભ્યોએ 'કુલપતિઃ પરાભૂતઃ' એ જાહેરાત દ્વારા શાંત વાતાવરણ ક્ષુબ્ધ કરી મૂકયું. પોતાની જ શરતનો ભોગ પોતાને જ થવું પડશે એવું કુલપતિએ સ્વપ્ને પણ માન્યું નહિ હોય. આખરે ઉકળતી તેલની કડાઇમાં તેમનો હોમ થયો. આમ એક પછી એક એમ પાંચ છ બૌદ્ધાચાર્યોને હરાવી તેમને પણ યમસદન મોકલ્યા. બરાબર તેજ સમયે હરિભદ્રના આજ્ઞાગુરુ શ્રીજિનભટસૂરિ તરફથી આવેલ બે શિષ્યોએ તેમના હાથમાં ગુરુએ મોકલેલ ત્રણ ગાથાઓ[1] મૂકી. વાંચતાં જ હરિભદ્રનો મોહભાવ તૂટયો અને તરત શાસ્ત્રાર્થ બંધ કર્યો. જો આ ગાથાઓ સમયસર ન આવી હોત તો હજુ પણ ન જાણે બીજા કેટલાયને યમરાજના અતિથિ થવું પડયું હોત.

પરંતુ કથાવલીમાં આ વિષયક હકીકત જુદી છે. તેનો સાર આ પ્રમાણે છે.

"હરિભદ્રને સર્વશાસ્ત્રકુશળ જિનભદ્ર અને વીરભદ્ર નામના બે શિષ્યો હતા. તે સમયે ચિત્તોડમાં બૌદ્ધમતનું પ્રાબલ્ય હતું તેથી હરિભદ્રના જ્ઞાન અને કળાની બૌદ્ધો ઘણી ઇર્ષ્યા કરતા હતા. એજ સબબથી હરિભદ્રના તે બન્ને શિષ્યોને બૌદ્ધોએ એકાંતમાં મારી નાખ્યા. કોઇપણ રીતે

---

૧ પ્રબંધકોશમાં ચાર ગાથાઓ મોકલાવ્યાનો ઉલ્લેખ છે.

હરિભદ્રને એ વાતની ખબર પડતાં ઘણાં દિલગીર થઇને તેમણે અનશન કરવાનો નિર્ધાર કર્યો. પણ પ્રવચનના પ્રભાવક જાણીને બધાંએ તેમને તેમ કરતાં રોક્યા. છેવટે હરિભદ્રે ગ્રંથરાશિને જ પોતાની શિષ્ય સંતતિ માની અને તેની રચનામાં તેઓ વિશેષ ઉદ્યમવાન થયા.”

હવે આ બંન્ને હકીકતોની આપણે સમીક્ષા કરીએ. બૌદ્ધનગર ક્યાં આવ્યું. સુરપાળ ક્યાંનો રાજા હતો કયા વંશનો હતો એ બધા વિષે કાંઇ જાણી શકાયું નથી. બીજું ૧૪૦૦ કે ૧૪૪૦ ગ્રંથોની કલ્પના અવાસ્તવિક જેવી લાગે છે. (કદાચ હરિભદ્રસૂરિના નામે ચડેલ લગભગ ૮૮ ગ્રંથોનાં તે પ્રકરણો હોવાં જોઇએ.) ત્રીજું હંસ અને પરમહંસ જેવાં બીજા કોઇનાં નામો જૈન પરંપરામાં હજુ સુધી સંભળાયાં નથી. ચોથું હરિભદ્રની સમભાવી પ્રકૃતિ, તેમની યોગનિષ્ઠા અને ‘ભવવિરહ’ જેવું તેમનું અસાધારણ અને લાક્ષણિક ઉપનામ એ બધાનો વિચાર કરતાં ઉપર્યુક્ત રીતનું ધર્મઝનુન તેમનામાં હશે કે નહિ એ શંકાસ્પદ છે; તેમની પાસે રહીને અભ્યાસ કરનાર શ્રી ઉદ્યોતનસૂરિએ કે તરત પછી થયેલ શ્રી સિદ્ધર્ષિએ તેમના આવા ઝનુનનો કે ૧૪૪૦ ગ્રંથોના નિર્માણનો ક્યાંય ઉલ્લેખ કર્યો લાગતો નથી. હવે કથાવલીકારની શિષ્યો સંબંધી માહિતીનો વિચાર કરીએ. જોકે આવી હકીકત આપનાર તેઓ એકલા જ છે છતાં શ્રી હરિભદ્રની પ્રકૃતિની સાથે બંધ બેસે એવી એ હકીકત જરૂર લાગે છે.

બન્ને પ્રકારની હકીકતો ઉપરથી એટલું તો જરૂર જણાય છે કે હરિભદ્રના શિષ્યોનો બૌદ્ધોને હાથે વધ થયો

હતો. પછી પોતાના હાથથી દીક્ષિત શિષ્યો તેમને રહ્યા ન હતા, છતાં તેમની પાસે રહીને અભ્યાસ કરનારા શિષ્યો તો અવશ્ય હોવા જોઇએ. તેવામાંના એક તો 'કુવલયમાલા'ના કર્તા દાક્ષિણ્યચિન્હ શ્રી ઉદ્યોતનસૂરિ છે. તેમણે કુવલયમાલાના અંતે હરિભદ્રને ન્યાય અને...........નો અભ્યાસ કરાવનાર ગુરુ તરીકે સ્વીકાર્યા છે.

## છેલ્લા શ્રુતધર

છેલ્લે તેમની આધ્યાત્મિક, આગમિક અને સાહિત્યિક યોગ્યતાનો વિચાર ન કરીએ તો જે કારણે આજે હરિભદ્ર-સૂરિ આપણા મનોમંદિરમાં વિરાજે છે અને આપણે તેમનાં ગુણગાન ગાઇએ છીએ, તે કારણ અંધારામાં જ રહી જાય અને આપણું આ ચરિત્ર પણ અધુરું જ કહેવાય.

કથાવલીકાર તેમને છેલ્લા શ્રુતધર કહીને સંબોધે છે. પ્રભાવક ચરિત્રકાર શ્રી પ્રભાચંદ્ર સૂરિ જેવા અનેક આચાર્યોએ તેમને ૧૪૦૦ ગ્રંથોના–પ્રકરણોના રચયિતા કહીને સ્તવ્યા છે. અત્યારે પણ તેમનો જે ગ્રંથરાશિ જૈન ભંડારોમાં જળવાઈ રહ્યો છે તે એટલો બધો વિશાળ છે કે તેમને સંપૂર્ણપણે અવગાહવાનું કાર્ય પણ સામાન્ય માણસને માટે દુઃશક્ય છે. તેમના નાના મોટા અઠ્ઠાસી ગ્રંથોનાં નામો આજે આપણને મળી આવે છે તેમાંના ઘણા છપાયા છે અને કેટલાક છપાયા વિનાના છે અને કેટલાકનાં માત્ર નામો જ મળ્યાં છે.[1]

તેઓ પ્રકાન્ડ આગમિક હતા. જૈન આગમો ઉપર

૧. વિગત માટે જુઓ શ્રી કલ્યાણવિજયજી દ્વારા સંપાદિત

સંસ્કૃતમાં ટીકા લખનાર સર્વ પ્રથમ આ આચાર્ય જ હતા. તેમની પહેલાં આગમો ઉપર નિર્યુક્તિઓ, ચૂર્ણિઓ અને ભાષ્યો જે કાંઈ લખાણું છે, તે બધું પ્રાકૃતમાં જ છે. તેમની આ પહેલ ખૂબ જ અનુકરણીય થઈ પડી.

વળી તેમણે ટીકાની માફક સ્વતંત્ર પ્રકરણ ગ્રંથો પણ રચ્યા છે, તેથી તેઓ પ્રકરણકાર પણ હતા. જેમાં કોઈ પણ વિષય પદ્ધતિસર શાસ્ત્રીય રૂપમાં ગોઠવાયેલ હોય તે પ્રકરણ. ઉપલબ્ધ સાહિત્ય ઉપરથી જણાય છે કે શ્રી ઉમાસ્વાતિએ તત્વાર્થાદિ પ્રકરણ ગ્રંથો લખીને જૈન સાહિત્યમાં નવી પ્રણાલિકા શરૂ કરી, શ્રી સિદ્ધસેને તેને વિકસાવી અને શ્રી હરિભદ્રે તો તે પ્રણાલિકાને એટલી હદે વિકસાવી કે તે દ્વારા તેમણે સમસ્ત જૈનવાઙ્મયને જનતા સમક્ષ વ્યવસ્થિત રૂપમાં લાવી મૂક્યું. પ્રસિદ્ધ જર્મન વિદ્વાન શ્રી હરમન જેકોબીના શબ્દોમાં કહીએ તો 'શ્રી હરિભદ્રે શ્વેતાંબરોના સાહિત્યને પૂર્ણતાની ઊંચી ટોચે પહોંચાડયું છે.'

જૈન શ્રુતસાહિત્ય મુખ્યપણે ચાર વિભાગોમાં વહેંચાયેલું છે. તે દરેક વિભાગને અનુયોગ કહેવામાં આવે છે. તે ચારેય અનુયોગો ઉપર તેમણે સ્વતંત્ર ગ્રંથો રચ્યા છે. દા. ત.

(૧) દ્રવ્યાનુયોગ–ધર્મસંગ્રહણિ આદિ.

(૨) ગણિતાનુયોગ–ક્ષેત્રસમાસટીકા.

(૩) ચરણકરણાનુયોગ–પંચવસ્તુ, ધર્મબિંદુ આદિ.

---

અને શ્રી. દે. લા. ગ્રંથસમિતિ દ્વારા પ્રકાશિત 'ધર્મસંગ્રહણિ ભાગ. ૨જો' તેમાં શરૂઆતનો 'ગ્રંથકાર પરિચય' નામનો લેખ (સંસ્કૃતમાં) પૃ. ૧૩થી ૧૯.

(૪) ધર્મકથાનુયોગ–સમરાઇચ્ચકહા, ધૂર્તાખ્યાન આદિ.

દર્શનશાસ્ત્રોનો તેમનો અભ્યાસ પણ તેટલોજ તલસ્પર્શી હતો, એટલું જ નહિ બલ્કે એક આદર્શ દાર્શનિકને છાજે તેવા સમન્વય અને મધ્યસ્થતાની વિશિષ્ટ દૃષ્ટિપૂર્વકનો હતો. તેમના 'અનેકાંતજયપતાકા' 'શાસ્ત્રવાર્તાસમુચ્ચય' અને 'ષડ્દર્શનસમુચ્ચય' જેવા દાર્શનિક ગ્રંથો વાચકને તેમની એ વિશેષતાનો વારંવાર પરિચય કરાવે છે.

મધ્યસ્થભાવ એ એમનો જીવનમંત્ર હતો. તેમણે કહ્યું છે કે—

"पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥"

"વીર પ્રભુ પ્રત્યે મારો પક્ષપાત નથી, તેમજ કપિલ કે કણાદ; બ્રહ્મા કે બુદ્ધ કોઈ તરફ મારો દ્વેષભાવ પણ નથી. જેનું વચન યુક્તિયુક્ત હોય તેનો જ સ્વીકાર કરવો જોઇએ."

ખરેખર! અનેકાંતના રહસ્યને આચરણમાં ઉતારનાર સિવાય, જૈનધર્મના સાચા પ્રભાવક પુરુષ વિના, બીજા કોઇથી ઉપરના શબ્દો ઉચ્ચારાય તેમ નથી. તેમની ગુણગ્રાહક બુદ્ધિનો, તેમના સમભાવી સ્વભાવનો તથા માત્ર તાત્વિક વસ્તુ તરફના તેમના પક્ષપાતનો આ શ્લોક સુંદર નમૂનો છે. આવા કેટલાય બીજા નમૂનાઓ આપણને તેમના ગ્રંથોમાંથી મળી રહે છે. દાર્શનિકોમાં દેખાય છે તેવી ઉચ્છૃંખલતા અને અન્યને માટેના અતિ હલકા અભિપ્રાય તેમના ગ્રંથોમાં ગોત્યાં પણ મળતાં નથી. ભારતીય દાર્શનિકોની સાથે તુલના કરતાં શ્રી જિનવિજયજી જણાવે છે કે—

"ભિન્ન ભિન્ન મતોના સિદ્ધાંતોની વિવેચના કરતી વખતે પોતાથી વિરોધીમતવાળા વિચારકોનો પણ ગૌરવપૂર્વક નામોલ્લેખ કરવાવાળા અને સમભાવપૂર્વક મૃદુ અને મધુર શબ્દો દ્વારા વિચારમીમાંસા કરવાવાળા એવા કોઈ વિદ્વાન જો ભારતીય સાહિત્યના ઈતિહાસમાં ઉલ્લેખ કરાવા યોગ્ય હોય તો તેમનામાં શ્રી હરિભદ્રનું નામ સૌથી પ્રથમ લખાવા યોગ્ય છે"[1] ધાર્મિક અસહિષ્ણુતાના આ યુગમાં શ્રી હરિભદ્રનું ચરિત્ર આપણા દીલ ઉપર કેવી સુંદર છાપ પાડી રહ્યું છે?

વિષય નિરૂપણની તેમની શૈલી પણ અનોખી જ છે. સામાના દીલમાં પોતાની વાત ઉતારવી સહેલી નથી. પરંતુ શ્રી હરિભદ્રે એ કળાને હસ્તગત કરી હતી. સમજાવવાની સચોટ શૈલીના અનેક નમૂનાઓ તેમના ગ્રંથોમાં યત્રતત્ર વિખરાયેલા પડ્યા છે. તે સંબંધમાં પં. બેચરદાસજી જણાવે છે—

"હું દૃઢતાપૂર્વક જણાવી શકું છું કે ભગવંત મહાવીરના શાસનમાં જે જે ગ્રંથકાર આચાર્યો થઈ ગયા છે, તે બધામાં આ એક શ્રી હરિભદ્રજી જ આવા સમર્થ સમજાવનાર મને જડ્યા છે. બીજી એની જોડી ક્યાંય ગોતી પણ મળી નથી."[2]

---

૧ જુઓ 'हरिभद्रका समयनिर्णय'

જૈન સા૰ સં૰ ૧ લો ખંડ પૃ. ૨૧

૨ જુઓ 'જૈન દર્શન' પ્રસ્તાવના પૃ. ૩૪

પ્રકાશક—મનસુખલાલ રવજીભાઈ

તેમણે લખેલ 'સમરાદિત્ય કથા' કથા સાહિત્યમાં ઊંચું સ્થાન ભોગવે છે, તેમની કવિકલ્પનાનો તે નાદર નમૂનો છે.

તેમનો આધ્યાત્મિક વિકાસ પણ અનુપમ હતો. 'ભવ-વિરહ' જેવું વિલક્ષણ ઉપનામ તેમની યોગાનુભૂતિને જ સૂચવે છે. તેમણે 'યોગ દૃષ્ટિસમુચ્ચય' 'યોગબિંદુ' 'ષોડશક,' 'યોગવિંશિકા' જેવા યોગવિષયક ગ્રંથો રચીને પોતાના આધ્યાત્મિક ગહન ચિંતનનો પરિચય કરાવ્યો છે. એ ગ્રંથો રચીને તો તેમણે જૈન યોગ સાહિત્યમાં તદ્દન નવી ભાત પાડી છે.

પં. સુખલાલજીએ નીચેના શબ્દોમાં શ્રીહરિભદ્રની યોગ્યતા અને તેમની સેવાનો સંક્ષિપ્ત ખ્યાલ આપી દીધો છે.

"તેમની બહુશ્રુતતા, તેમની સર્વતોમુખી પ્રતિભા, મધ્યસ્થતા, અને સમન્વયશક્તિનો પરિચય તેમના ગ્રંથો પરથી યથાર્થ રીતે થાય છે. તેમની શતમુખી પ્રતિભાનો સ્રોત તેમના બનાવેલ ચાર અનુયોગવિષયક ગ્રંથોમાં જ નહિ બલ્કે જૈન ન્યાય તથા ભારતવર્ષીય તત્કાલીન સમગ્ર દાર્શનિક સિદ્ધાંતોની ચર્ચાવાળા ગ્રંથોમાં પણ વહેલો છે. આટલું કરીને જ તેમની પ્રતિભા મૌન થઈ નથી, તેણે તો યોગ-માર્ગમાં એક એવી દિશા બતાવી જે કેવળ જૈન યોગ સાહિત્યમાં જ નહિ પરંતુ આર્યજાતીય સંપૂર્ણ યોગવિષયક સાહિત્યમાં એક નવી વસ્તુ છે."[1]

પરંતુ આગમિક, દાર્શનિક, આધ્યાત્મિક અને સાહિત્યિક તરીકેનો પોતાનો પરિચય આપીને જ તેઓ અટકતા નથી; સુધારક તરીકે પણ આપણી સમક્ષ આવીને તેઓ

---

૧ જુઓ 'યોગદર્શન તથા યોગવિંશિકા'ની પ્રસ્તાવના પૃ. ૫૯–૬૦

ઊભા રહે છે. તેમના સમયમાં ઘર કરી બેઠેલો ચૈત્યવાસી જૈન સાધુઓનો સડો તેમને શલ્યની માફક સાલતો હતો અને તેથી તે સડા સામે તેમણે જબરજસ્ત વિરોધ જાહેર કર્યો હતો. 'સંબોધપ્રકરણ' નામનો તેમનો ગ્રંથ તેમના ઉકળાટનું પ્રતિબિંબ છે. તે સાધુઓ દેવદ્રવ્યને પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખી ભગવાન મહાવીરના ઉચ્ચકોટીના ત્યાગમાર્ગને વગોવી રહ્યા હતા ત્યાં સુધી કે ખાનગી મિલ્કત રાખી વ્યાજવટું પણ કરતા હતા. એકલી સ્ત્રીઓ સામે ગાતા કે વ્યાખ્યાન વાંચતા; વિના કારણે કટિવસ્ત્ર વાપરતા; રાત્રે સ્ત્રીઓને ઉપાશ્રયમાં આવવા દેતા; તાંબુલ વગેરે મુખવાસનો ઉપયોગ કરતા; ઉચ્ચાટન, મંત્રતંત્ર, વૈદું વગેરે દ્વારા પૈસા પેદા કરતા, પરસ્પર વેરવૃત્તિ વધે એવી રીતે શ્રાવકોને સલાહ આપતા અને પોતાના વાડાને મજબુત કરવા લગ્નવ્યવહાર જોડવામાં ભાગ લેતા, પરનિંદા અને આત્મપ્રશંસા તો તેમને હમેશની આદત જેવાં થઈ રહ્યાં હતાં. આમ ભગવાન મહાવીરના અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મ અને અપરિગ્રહ જેવાં મહાન વ્રતોનો છડેચોક ભંગ કરી રહ્યા હતા. આગળ ચાલતાં શ્રીહરિભદ્રસૂરિ જણાવે છે "તેઓ સાધુઓ નથી પણ પેટભરાઓનું પેડું છે."

આવી પ્રવર્તતી સ્થિતિનો તેમણે સામનો કર્યો હતો, તથા પોતાની પ્રતિભા અને આચરણદ્વારા તેવા વ્યવહારવાળા સાધુઓના સામર્થ્યને હચમચાવી મૂકયું હતું.

આ બધા ઉપરથી એમ લાગે છે કે તેમનું જીવન એક આદર્શ નમૂનો હતો. સંસારથી છૂટવાની અને અન્ય પ્રાણીઓને છોડવાની તેમની તત્પરતા યત્રતત્ર તરવરી આવે છે.

# અષ્ટકપ્રકરણ વિષયાનુક્રમણિકા

નોટઃ—દરેક અષ્ટકની નીચે તેનો વિગતવાર વિષયક્રમ આપેલ છે. તેમાં જે અંકો છે તે શ્લોકોના અંક સમજવા.


અષ્ટક — પૃષ્ઠ

**૧. મહાદેવાષ્ટક** — **૧–૩**

મહાદેવનું સ્વરૂપઃ તેની રાગદ્વેષમોહરહિતતા ૧, ૨.—તેની સર્વજ્ઞતા, શાશ્વતસુખેશ્વરતા, કર્મરહિતતા, સદ્વ્યવહારોની તથા સચ્છાસ્ત્રોની સર્જકતા અને વિશેષતા. ૩–૭–તેવા ગુણોવાળો મહાદેવ કહેવાય ૮.

**૨. સ્નાનાષ્ટક** — **૩–૫.**

સ્નાનના પ્રકારઃ દ્રવ્યસ્નાન અને ભાવસ્નાન ૧.––દ્રવ્યસ્નાન એટલે શું? ૨.—તેનું ગૃહસ્થ માટેનું વિધાન, ભાવ શુદ્ધિમાં નિમિત્તભૂતતા ૩,૪.—'સાધુ માટે દ્રવ્યસ્નાન કેમ નહિ?' એવી શંકાનું સમાધાન ૫.—ભાવસ્નાનનું સ્વરૂપ ૬. તે સાધુ માટે છે, તેનો લાભ. ૭,૮.

**૩. પૂજાષ્ટક** — **૫–૭**

અષ્ટપુષ્પી પૂજા; તેના અશુદ્ધ પૂજા અને શુદ્ધ પૂજા એવા બે પ્રકાર ૧.—અશુદ્ધ પૂજાનું સ્વરૂપ ૨,૩.—તેની પુણ્યાનુબંધમાં નિમિત્તતા ૪,—ભાવ પુષ્પોની ગણતરી, તથા ભાવપૂજાનું સ્વરૂપ, તેનું ફળ. ૫–૮.

**૪. અગ્નિકારિકાષ્ટક** — **૭–૯**

સાધુએ ભાવાગ્નિકારિકા જ કરવી જોઇએ, તે મોક્ષસાધક છે ૧.૩.–દ્રવ્યાગ્નિકારિકાથી રાજ્ય પ્રાપ્તિ અને પરિણામે પાપ તેથી તેની સદોષતા ૪,૬.–ભાવાગ્નિકારિકાની વિશેષતા ૭–૮.

અષ્ટક પૃષ્ઠ

**૫. ભિક્ષાષ્ટક ૧૦,૧૧**

ભિક્ષાના ત્રણ પ્રકાર ૧,-(૧) સર્વસંપત્કરી ભિક્ષાનું સ્વરૂપ ૨,૩.-(૨) પૌરુષધ્ની ભિક્ષાનું સ્વરૂપ ૪,૫.-(૩) વૃત્તિભિક્ષાનું સ્વરૂપ, બીજા પ્રકારની કરતાં ત્રીજા પ્રકારની વધારે સારી ૬,૭. દાતાઓને થતા ફળનો વિચાર. ૮.

**૬. સર્વસંપત્કરીભિક્ષાષ્ટક ૧૨-૧૪.**

વિશુદ્ધ પિંડનું સ્વરૂપ ૧,-તેવા પિંડની શકયાશકયતાનો વિચાર ૨-૮.

**૭. પ્રચ્છન્નભોજનાષ્ટક ૧૫, ૧૬.**

સાધુઓ માટે પ્રચ્છન્નભોજનનું વિધાન ૧,-તેના અભાવમાં પુણ્ય, પાપનો સંભવ તથા શાસનદ્વેષ, શાસ્ત્રાજ્ઞાભંગ વગેરે દોષોની સંભાવના, તે બધાની હેયતા, પ્રકટ ભોજનનો ત્યાગ ૨-૮.

**૮ પ્રત્યાખ્યાનાષ્ટક ૧૭-૧૯**

પ્રત્યાખ્યાનના બે પ્રકારઃ દ્રવ્ય અને ભાવ પ્રત્યાખ્યાન ૧,- અપેક્ષા, અવિધિ, અપરિણામ તથા વીર્યાભાવ એ ચાર ભાવ પ્રત્યાખ્યાનનાં વિધ્નો છે ૨,-એ ચારે વિધ્નો-દોષો પૂર્વકનું પ્રત્યાખ્યાન દ્રવ્ય પ્રયાખ્યાન ૩-૫.-તે સિવાયનું ભાવ પ્રત્યાખ્યાન, તે જ સમ્યક્ ચારિત્ર ૬,૭. ભકિતપૂર્વકનું દ્રવ્ય પ્રત્યાખ્યાન ભાવ પ્રત્યાખ્યાનનું કારણ ૮.

**૯ જ્ઞાનાષ્ટક ૧૯-૨૧.**

જ્ઞાનના ત્રણ પ્રકારઃ વિષયપ્રતિભાસરૂપ, આત્મપરિણતિરૂપ અને તત્ત્વસંવેદનરૂપ ૧,-એ ત્રણેયનું સ્વરૂપ ૨-૮

**૧૦ વૈરાગ્યાષ્ટક ૨૨, ૨૩.**

(૧) આર્ત્તધ્યાનનામક વૈરાગ્ય (૨) મોહગર્ભિત વૈરાગ્ય (૩)

અષ્ટક પૃષ્ઠ

સદ્જ્ઞાનયુક્ત વૈરાગ્ય–એ ત્રણેય પ્રકારોનું સ્વરૂપ ૧–૮.

**૧૧. તપોષ્ટક** **૨૪–૨૬**

'તપ દુઃખાત્મક છે' એવી શંકાનું સ્થાપન ૧–૪.–'તપ એ સુખાત્મક છે' એવું સ્થાપન અને શંકાનું નિરસન. ૫–૮

**૧૨. વાદાષ્ટક** **૨૬–૨૮.**

ત્રણ પ્રકારનો વાદ ૧. (૧) શુષ્કવાદનું સ્વરૂપ ૨.–તે બન્ને પ્રસંગે (જીત્યે કે હાર્યે) અનર્થકારી છે ૩.–(૨) વિવાદનું સ્વરૂપ, તે પણ સદોષી છે ૪,૫.–ધર્મવાદનું સ્વરૂપ, તેની નિર્દોષતા ૬,૭. પ્રસંગ આવ્યે વિવેકપૂર્વક કોઇપણ વાદ કરવો. ૮.

**૧૩ ધર્મવાદાષ્ટક** **૨૮–૩૦**

ધર્મવાદનો વિષય મોક્ષોપયોગી અહિંસાદિવ્રતો વગેરે ૧–૨. –પારમાર્થિક દૃષ્ટિએ ધર્મની વિચારણાની સંગતતા, પ્રમાણાદિની નહિ ૩–૮.

**૧૪. એકાન્તનિત્યપક્ષખંડનાષ્ટક...** **૩૦–૩૨**

નિષ્ક્રિય, નિત્ય અને સર્વવ્યાપક આત્મામાં વાસ્તવિક રીતે હિંસા, અહિંસાદિ કે ઊર્ધ્વ અધોગતિ આદિ કાંઇ ઘટી શકતું નથી તેનું નિરૂપણ ૧–૮.

**૧૫. એકાન્તઅનિત્યપક્ષખંડનાષ્ટક** **૩૩–૩૫.**

સ્વાભાવિક રીતે જ પ્રત્યેક પળે ઉત્પતિ અને વિનાશ પામતો આત્મા કોઇનો હિંસક કે હિંસ્ય બની શકતો નથી તેની સયુક્તિક ચર્ચા. ૧–૮.

**૧૬. નિત્યાનિત્યપક્ષમંડનાષ્ટક** **૩૫–૩૭**

નિત્યાનિત્યાત્મક આત્મામાં જ હિંસ્યહિંસકતા અને તેના વિરુદ્ધ ધર્મો ઘટી શકે છે ૧–૪. સત્યાદિ ચાર વ્રતો અહિંસાના

સંરક્ષક અને પોષક છે ૫.-આત્માની નિત્યાનિત્યતાની સિધ્ધિ ૬.- દેહવ્યાપી આત્મા સ્વીકાર્યે તેની ઊર્ધ્વ અધોગતિ ઘટી શકે છે ૭. અહિંસાદિની વિચારણામાં મધ્યસ્થભાવની આવશ્યકતા ૮.

**૧૭-૧૮ માંસભક્ષણદૂષણાષ્ટક** ૩૭-૪૩

'માંસ પ્રાણીનું અંગ છે માટે તે ખાવું' એ દલીલનો ઉત્તર ૧૭,૧-૬. શાસ્ત્રવચન તથા લોકવ્યવહારના આશ્રયનો નિર્દેશ ૧૭, ૭-૮. મનુસ્મૃતિમાં આવેલ માંસભક્ષણની આજ્ઞા અને નિષેધના પરસ્પર વિરોધનું પ્રદર્શન ૧૮, ૧-૩, તેની સયુક્તિક ચર્ચા ૧૮, ૪-૮.

**૧૯. મદ્યપાનદૂષણાષ્ટક** ૪૩-૪૫

મદ્યથી શુભચિત્તનો નાશ વગેરે દોષોનું કથન ૧-૨. મદ્યપાનથી ઋષિના વિનાશની કથા ૩-૮.

**૨૦. મૈથુનદૂષણાષ્ટક** ૪૫-૪૭.

'મૈથુનમાં દોષ નથી' એ સ્મૃતિવાક્યની અસંગતતાનું સયુક્તિક પ્રદર્શન ૧-૮.

**૨૧. સૂક્ષ્મબુદ્ધયાશ્રયણાષ્ટક** ૪૮-૪૯,

વિવેકબુદ્ધિદ્વારા જ ધર્મને સમજવો, અન્યથા ધર્મબુદ્ધિદ્વારા જ ધર્મનો નાશ થાય છે. ૧.-તે ઉપર બિમારની સેવા કરવાનો અભિગ્રહ લઈ બિમાર ન મળ્યે દુઃખી થનાર સાધુનું ઉદાહરણ ૨-૪-વાલીનું લૌકિક દૃષ્ટાંત ૫-૬. તેવી જ રીતે નિષિદ્ધદાનાદિના નિયમ વિરુદ્ધ દીક્ષાદિ દેવામાં ધર્મનો નાશ જ રહેલ છે. ૭-૮.

**૨૨. ભાવવિશુદ્ધિવિચારાષ્ટક** ૫૦-૫૧

ભાવવિશુદ્ધિનું ફળ ૧.-ભાવમાલિન્યના હેતુભૂત રાગ, દ્વેષ અને મોહનું ફળ ૨-૪.-ભાવશુદ્ધિ માટે ગુણીજનાધીનતાની આવશ્યક્તા ૫-૬. કોની ભાવવિશુદ્ધિ આગમાનુસારિણી છે તેનું કથન ૭-૮.

**૨૩. શાસનમાલિન્યનિષેધાષ્ટક** **પર-પ૩.**

શાસનની અવનતિ, નિંદા કે નુકસાન કરવાથી મિથ્યાત્વ પ્રાપ્તિ તથા તેની ઉન્નતિ આદિ કરવાથી સમ્યક્ત્વપ્રાપ્તિ ૧-૪. બન્નેના લાભાલાભનું નિરૂપણ. ૪-૮.

**૨૪. પુણ્યાનુબંધિપુણ્યાદિવિચારણાષ્ટક** **પ૪-પ૬.**

પુણ્યાનુબંધિ પુણ્યાદિ ચાર ભાંગાનો નિર્દેશ. ૧-૪-તેમાંથી પુણ્યાનુબંધિ પુણ્ય કર્તવ્ય છે ૫.-ચિત્તશુધ્ધિથી તેની પ્રાપ્તિ ૬.-જ્ઞાન-વૃદ્ધોની આજ્ઞામાં રહે તેની પ્રાપ્તિ ૬-૭. પુણ્યાનુબંધિ પુણ્ય કયું? તેની ગણતરી ૮.

**૨૫. પુણ્યાનુબંધિપુણ્યપ્રધાનફલાષ્ટક** **પ૬-પ૮.**

પુણ્યાનુબંધિ પુણ્યનું પ્રધાનફળ-સદા ઉચિત પ્રવૃત્તિ કરનાર તીર્થંકરત્વની પ્રાપ્તિ. તે ઉપર મહાવીર પ્રભુની પ્રવૃત્તિઓનું દૃષ્ટાંત ખાસ કરીને માતાપિતાનાં દુઃખ.

**૨૬. તીર્થકૃદ્દાનમહત્ત્વસિદ્ધયષ્ટક** **પ૯-૬૧.**

તીર્થંકરનું દાન સંખ્યાવાળું હોવાથી મહાદાન ન કહેવાય, અપરિમિત દાન મહાદાન કહેવાય તેથી અપરિમિત દાન દેનાર બોધિસત્વનાં જ મહાનુભાવતા અને જગદ્ગુરુત્વ વ્યાજબી છે, ૧-૩ ઉત્તર. મહાદાન એટલે એવું દાન કે જેનાથી કોઈ જરૂરિયાતવાળો જ ન રહે. તેવું દાન તીર્થંકરનું છે તેથી તેમનાં મહાનુભાવતા અને જગદ્ગુરુત્વ પણ સિદ્ધ છે. ૪-૮

**તીર્થકૃદ્દાનનિષ્ફળતાપરિહારાષ્ટક** **૬૧-૬૩.**

અન્યદ્વારા તીર્થંકરના દાનની નિષ્ફળતાનું કથન ૧. ઉત્તરઃ તેમનો તેવો કલ્પ છે તથા 'દાન ધર્મનું અંગ છે' એ બતાવવું છે. ૨-૪. અપવાદરૂપે સાધુદાન પણ કલ્પ્ય છે. તે ઉપર પ્રભુનું દૃષ્ટાંત. ૫-૮.

**૨૮. રાજ્યાદિદાનેપિતીર્થંકૃતોદોષાભાવપ્રતિપાદનાષ્ટક ૬૪–૬૫**

'રાજ્ય એ પાપનું કારણ છે તેથી તેનું દાન દોષવાળું છે' એવી શંકાનો સયુક્તિક ઉત્તર ૧–૮.

**૨૯. સામાયિકસ્વરૂપનિરૂપણાષ્ટક ૬૬–૬૭.**

સામાયિકનું સ્વરૂપ ૧–૨.–કુશળચિત્તનું સ્વરૂપ, તેની મોહ-યુક્તતા, તેનું ફળ ૩–૭. કુશળચિત્ત કરતાં સામાયિકની વિશેષતા ૮.

**૩૦. કેવલજ્ઞાનાષ્ટક ૬૮–૭૦.**

તેનું સ્વરૂપ ૧.–તેની પ્રાપ્તિનો ઉપાય ૨.–તેની આત્મામાં જ વિદ્યમાનતા. ૩–૮.

**૩૧. તીર્થંકૃદ્દેશનાષ્ટક ૭૧–૭૨.**

**૩૨. મોક્ષાષ્ટક ૭૨–૭૪.**

મોક્ષનું સ્વરૂપઃ તેની બાધારહિતતા, આનંદ અને સુખયુક્તતા, ઈચ્છારહિતતા ૧–૨.–'ત્યાં ભોગાભાવ હોવાથી સુખ નથી' એવા કથનનો સયુક્તિક ઉત્તર ૩–૯–ગ્રંથકારની ભાવના. ૧૦.

# અષ્ટક પ્રકરણ

[ આચાર્ય હરિભદ્રકૃત ]

—o—

## महादेवाष्टकम्

[१]

यस्य संक्लेशजननो रागो नास्त्येव सर्वथा ।
न च द्वेषोऽपि सत्वेषु शमेन्धनदवानल: ॥ १ ॥

न च मोहोऽपि सज्ज्ञानच्छादनोऽशुद्धवृत्तकृत् ।
त्रिलोकख्यातमहिमा महादेव: स उच्यते ॥ २ ॥

જેને ક્લેશોત્પાદક રાગ બિલકુલ નથી, જેને સમતારૂપી ઇન્ધનનો નાશ કરનાર દાવાનળસમો દ્વેષ પણ નથી અને જેને સદ્જ્ઞાનાચ્છાદક અશુદ્ધ–કલંકિત–આચરણ કરનારો મોહ પણ નથી, તે ત્રણ લોકમાં પ્રસિદ્ધમહિમાવાળો મહાદેવ કહેવાય છે. [૧—૨]

यो वीतराग: सर्वज्ञो य: शाश्वतसुखेश्वर: ।
क्लिष्टकर्मकलातीत: सर्वथा निष्कलस्तथा ॥ ३ ॥

य: पूज्य: सर्वदेवानां यो ध्येय: सर्वयोगिनाम् ।
य: स्रष्टा सर्वनीतीनां महादेव: स उच्यते ॥ ४ ॥

જે વીતરાગ છે, જે સર્વજ્ઞ છે, જે શાશ્વત સુખનો સ્વામી છે, જે ક્લેશકર કર્મકલા–કર્મરજથી રહિત છે, જે સર્વથા શરીર રહિત છે, જે બધા દેવોનો પૂજ્ય છે, બધા યોગીઓનો આરાધ્ય (દેવ) છે, જે બધી નીતિ–નય–ન્યાયનો ઉત્પાદક છે તે મહાદેવ કહેવાય છે. [૩—૪]

**एवं सद्वृत्तयुक्तेन येन शास्त्रमुदाहृतम् ।**
**शिववर्त्म परं ज्योतिस्त्रिकोटीदोषवर्जितम् ॥ ५ ॥**

ઉપર્યુક્ત નિષ્કલંક આચરણવાળા જે દેવે મોક્ષમાર્ગ સમું પરમ પ્રકાશરૂપ, (આદિ, મધ્ય અને અંત એ) ત્રણેય કોટી–વિભાગોમાં દોષરહિત શાસ્ત્ર સર્જ્યું છે, (તે મહાદેવ કહેવાય છે.) [૫]

**यस्य चाराधनोपायः सदाज्ञाभ्यास एव हि ।**
**यथाशक्ति विधानेन नियमात्स फलप्रदः ॥ ६ ॥**

વળી જેની આજ્ઞાનો–આગમોનો અભ્યાસ જ –યથા-શક્તિ આચરણમાં ઉતારવાથી અવશ્ય ફળ આપતો હોવાથી–(તેની) આરાધના–પ્રસાદ–કૃપા પ્રાપ્ત કરવાના એક માત્ર ઉપાય–હેતુરૂપ છે, (તે મહાદેવ છે.) [૬]

**सुवैद्यवचनाद्यद्वद्व्याधेर्भवति संक्षयः ।**
**तद्वदेव हि तद्वाक्याद् ध्रुवः संसारसंक्षयः ॥ ७ ॥**

જેવી રીતે ઉત્તમ વૈદ્યના વચનથી અર્થાત્ તેના વચનાનુ-સારી વર્તનથી રોગનો નાશ થાય છે, તેવી રીતે મહાદેવના વચનથી અર્થાત્ તેમના વચનાનુસારી વર્તનથી સંસારક્ષય નિશ્ચિત છે. [૭]

एवम्भूताय शान्ताय कृतकृत्याय धीमते ।
महादेवाय सततं सम्यग्भक्त्या नमोनमः ॥ ८ ॥

ઉપર્યુક્ત ગુણવિશિષ્ટ, શાંત, કૃતકૃત્ય, ધીમાન મહાદેવને સમ્યગ્‌ભક્તિભાવે સતત્ નમસ્કાર હો. [૮]

—o—

# स्नानाष्टकम्

## [ २ ]

द्रव्यतो भावतश्चैव द्विधा स्नानमुदाहृतम् ।
बाह्यमाध्यात्मिकं चेति तदन्यैः परिकीर्त्यते ॥ १ ॥

સ્નાન બે પ્રકારનું કહેવામાં આવ્યું છે, (૧) દ્રવ્ય સ્નાન (૨) ભાવ સ્નાન. અન્યધર્માવલંબીઓ તેને જ અનુક્રમે (૧) બાહ્ય સ્નાન અને (૨) આધ્યાત્મિક સ્નાન તરીકે કહે છે. [૧]

जलेन देहदेशस्य क्षणं यच्छुद्धिकारणम् ।
प्रायोऽन्यानुपरोधेन द्रव्यस्नानं तदुच्यते ॥ २ ॥

જળથી (કરાએલું) સ્નાન કે જે ક્ષણભર દેહની શુદ્ધિનું કારણ બને છે, તે પ્રાયઃ બીજા નવા મેલને રોકવામાં અસમર્થ હોવાથી દ્રવ્યસ્નાન કહેવાય છે. [૨]

कृत्वेदं यो विधानेन देवतातिथिपूजनम् ।
करोति मलिनारम्भी तस्यैतदपि शोभनम् ॥ ३ ॥

भावशुद्धिनिमित्तत्वात्तथानुभवसिद्धितः ।
कथञ्चिद्दोषभावेऽपि तदन्यगुणभावतः ॥ ४ ॥

પાપકારી વ્યાપાર કરનાર જે ગૃહસ્થ વિધિપૂર્વક સ્નાન કરીને દેવતા–મહાદેવ–તીર્થંકર અને અતિથિ–સાધુ સાધ્વીનાં પૂજા સત્કાર કરે છે, તેને દ્રવ્યસ્નાન પણ શોભન–લાભદાયી છે; કારણ કે તે ભાવશુદ્ધિમાં–વિચારશુદ્ધિમાં નિમિત્તરૂપ થાય છે એવો આપણો અનુભવ છે તેમ જ તેમાં થોડો દોષ હોવા છતાં પણ તેનાથી (સમ્યકત્વશુદ્ધિ વગેરે) બીજા ગુણોનો લાભ થાય છે. [૩—૪]

શંકા—દ્રવ્યસ્નાન જો શોભન છે તો ગૃહસ્થોને માટે જ કેમ કહ્યું? સાધુને માટે પણ તે શોભન હોવું જોઈએ.

સમાધાન—

**अधिकारिवशाच्छास्त्रे धर्मसाधनसंस्थितिः ।**
**व्याधिप्रतिक्रियातुल्या विज्ञेया गुणदोषयोः ॥ ५ ॥**

રોગના ઉપાયોની વ્યવસ્થાસમી શાસ્ત્રમાં (કહેલી) ધર્મનાં સાધનોની વ્યવસ્થા (તેમનાં) ગુણદોષની બાબતમાં અધિકારીની અપેક્ષાએ જાણવી. (તેથી દ્રવ્યસ્નાન સદોષી હોવાથી સાધુને વિહિત નથી.) [૫]

**ध्यानाम्भसा तु जीवस्य सदा यच्छुद्धिकारणम् ।**
**मलं कर्म समाश्रित्य भावस्नानं तदुच्यते ॥ ६ ॥**

જે સ્નાન ધ્યાનરૂપી પાણી વડે કર્મરૂપી મેલની અપેક્ષાએ અર્થાત્ કર્મરૂપી મેલને ધોઈને આત્માની શુદ્ધિનું કારણ બને છે, તે ભાવસ્નાન કહેવાય છે. [૬]

**ऋषीणामुत्तमं ह्येतन्निर्दिष्टं परमर्षिभिः ।**
**हिंसादोषनिवृत्तानां व्रतशीलविवर्धनम् ॥ ७ ॥**

હિંસાદોષથી નિવૃત્ત થયેલા, ઋષિઓનાં વ્રતનિયમ અને શીલસમાધિની વૃદ્ધિ કરનાર ભાવસ્નાન જ ઉત્તમ છે, એમ મુનિશ્રેષ્ઠોએ કહેલ છે. [૭]

**स्नात्वाऽनेन यथायोगं निःशेषमलवर्जितः ।**
**भूयो न लिप्यते तेन स्नातकः परमार्थतः ॥ ८ ॥**

ઉપર્યુક્ત અધિકારાનુસાર દ્રવ્યસ્નાન અને ભાવસ્નાન કરીને સંપૂર્ણ કર્મરહિત થયેલો ફરીને કર્મથી બંધાતો નથી; તેથી જ તે વાસ્તવિક દૃષ્ટિએ–સાચાઅર્થમાં–સ્નાતક (કહેવા-ય) છે. [૮]

—o—

# पूजाष्टकम्

[ ३ ]

**अष्टपुष्पी समाख्याता स्वर्गमोक्षप्रसाधनी ।**
**अशुद्धेतरभेदेन द्विधा तत्वार्थदर्शिभिः ॥ १ ॥**

તત્વદર્શી—જ્ઞાની પુરુષોએ અષ્ટપુષ્પી પૂજા બે પ્રકારે કહી છે; (૧) અશુદ્ધ અને (૨) શુદ્ધ. તે (અનુક્રમે) સ્વર્ગ અને મોક્ષના સાધનરૂપ છે. [૧]

**शुद्धागमैर्यथालाभं प्रत्यग्रैः शुचिभाजनैः ।**
**स्तोकैर्वा बहुभिर्वाऽपि पुष्पैर्जात्यादिसम्भवैः ॥ २ ॥**

**अष्टापायविनिर्मुक्ततदुत्थगुणभूतये ।**
**दीयते देवदेवाय या साऽशुद्धेत्युदाहृता ॥ ३ ॥**

શુદ્ધ–પ્રામાણિકરીતે પ્રાપ્ત કરેલાં, તાજાં, શુદ્ધ-ભાજનમાં રાખેલાં, થોડાં અથવા ઘણાં, જેવાં સાંપડ્યાં તેવાં માલતી વગેરેનાં પુષ્પો દ્વારા આઠ અપાયના–કર્મોના નાશથી ઉત્પન્ન થયેલ અનંતજ્ઞાનાદિગુણવાળા દેવાધિદેવની જે પૂજા થાય છે, તે અશુદ્ધ પૂજા કહેવાઈ છે. [૨–૩]

**सङ्कीर्णैषा स्वरूपेण द्रव्याद्भावप्रसक्तितः ।**
**पुण्यबन्धनिमित्तत्वाद् विज्ञेया सर्वसाधनी ॥ ४ ॥**

સ્વાભાવિક રીતે જ પાપમિશ્ર આ અશુદ્ધ પૂજા (પુષ્પાદિ) દ્રવ્ય દ્વારા (ભક્તિ) ભાવને ઉત્પન્ન કરનારી હોવાથી અને પુણ્ય-બંધના નિમિત્તરૂપ હોવાથી સ્વર્ગના સાધનરૂપ સમજવી. [૪]

**या पुनर्भावजैः पुष्पैः शास्त्रोक्तिगुणसङ्गतैः ।**
**परिपूर्णत्वतोऽम्लानैरत एव सुगन्धिभिः ॥ ५ ॥**

વળી શાસ્ત્રાજ્ઞારૂપી ગુણ–દોરી–થી ગુંથાયેલાં (અહિંસા-દિરૂપ) ભાવપુષ્પો કે જે પરિપૂર્ણ–વિકસિત–દોષ કે ઉણપવિનાના હોવાથી તાજાં–અણકરમાએલાં અને સુગંધીવાળાં છે, તેમના દ્વારા જે અષ્ટપુષ્પી પૂજા થાય છે, તે ‘શુદ્ધ પૂજા’ કહેવાય છે. [૫]

**अहिंसासत्यमस्तेयं ब्रह्मचर्यमसङ्गता ।**
**गुरुभक्तिस्तपो ज्ञानं सत्पुष्पाणि प्रचक्षते ॥ ६ ॥**

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, ગુરુભ-ક્તિ, તપ અને જ્ઞાન એ આઠ ભાવપુષ્પો કહેવાય છે. [૬]

एभिर्देवाधिदेवाय बहुमानपुरस्सरा ।
दीयते पालनाद्या तु सा वै शुद्धेत्युदाहृता ॥ ७ ॥

એ આઠ ભાવપુષ્પોના યથાર્થ પાલન દ્વારા જ દેવાધિદેવની બહુમાનપૂર્વક જે પૂજા થાય છે, તે શુદ્ધ પૂજા કહેવાય છે. [૭]

प्रशस्तो ह्यनया भावस्ततः कर्मक्षयो ध्रुवः ।
कर्मक्षयाच्च निर्वाणमत एषा सतां मता ॥ ८ ॥

એ શુદ્ધ પૂજાથી ભાવ–આત્મપરિણામ–શુદ્ધ થાય છે, તે શુદ્ધ ભાવથી કર્મક્ષય અવશ્યંભાવી બને છે અને કર્મક્ષયથી મોક્ષ મળે છે, તેથી સત્પુરુષોને ભાવપૂજા–શુદ્ધ પૂજા માન્ય છે. [૮]

—o—

# अग्निकारिकाष्टकम्

[ ४ ]

कर्मेन्धनं समाश्रित्य दृढा सद्भावनाहुतिः ।
धर्मध्यानाग्निना कार्या दीक्षितेनाग्निकारिका ॥ १ ॥

દીક્ષિત સાધુએ કર્મરૂપી બળતણ, સદ્‌ભાવનારૂપી આહુતિ અને ધર્મધ્યાનરૂપી અગ્નિ વડે દૃઢ–પ્રબલ–પ્રજ્વલિત અગ્નિકારિકા કરવી જોઈએ. [૧]

दीक्षा मोक्षार्थमाख्याता ज्ञानध्यानफलं च स ।
शास्त्र उक्तो यतः सूत्रं शिवधर्मोत्तरे ह्यदः ॥ २ ॥

"पूजया विपुलं राज्यमग्निकार्येण सम्पदः ।
तपः पापविशुद्धयर्थं ज्ञानं ध्यानं च मुक्तिदम् " ॥ ३ ॥

દીક્ષા મોક્ષ માટે કહેલી છે, અને તે મોક્ષ શાસ્ત્રમાં જ્ઞાનધ્યાનના ફળસ્વરૂપ કહેવાએલ છે, કારણ કે 'શિવધર્મોત્તર' નામના શૈવ ધર્મગ્રંથમાં એવું સૂત્ર છે કે—

"દ્રવ્યપૂજાથી વિશાલ સામ્રાજ્ય સાંપડે છે, (દ્રવ્ય) અગ્નિકાર્યથી સમૃદ્ધિઓ સાંપડે છે, તપ પાપની વિશુદ્ધિ માટે છે અને જ્ઞાન તથા ધ્યાન મોક્ષદાયક છે." [૨-૩]

पापं च राज्यसम्पत्सु सम्भवत्यनघं ततः ।
न तद्धेत्वोरुपादानमिति सम्यग्विचिन्त्यताम् ॥ ४ ॥

'સામ્રાજ્ય અને સમૃદ્ધિની હૈયાતીમાં પાપ સંભવે છે તેથી તેમનાં હેતુભૂત પૂજા અને અગ્નિકારિકાનું સેવન આચરણ નિરવદ્ય નથી' એવું સમ્યગ્ રીતે વિચારવું ઘટે. [૪]

શંકા—જેમ રાજ્યાદિથી પાપ સંભવે છે તેમ દાન વગેરે ગુણો પણ સંભવે છે અને તેથી પાપશોધન થાય છે માટે દ્રવ્યપૂજા અને દ્રવ્યઅગ્નિકારિકા કરવી જોઇએ.

સમાધાન—

विशुद्धिश्चास्य तपसा न तु दानादिनैव यत् ।
तदियं नान्यथा युक्ता तथा चोक्तं महात्मना ॥ ५ ॥
"धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरीयसी ।
प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम्"[૧] ॥ ६ ॥

આ અગ્નિકારિકા અન્યથા પ્રકારે અર્થાત્ ભાવાગ્નિકા-

૧. મહાભારત વનપર્વ.

રિકાથી અન્ય દ્રવ્યાગ્નિકારિકારૂપે યુક્ત નથી કારણ કે પાપની શુદ્ધિ તપથી જ થાય છે, દાનાદિથી નહિ (કારણકે દાનથી ભોગોની પ્રાપ્તિ થાય છે એવું શાસ્ત્રવચન છે). મહાત્મા વ્યાસર્ષિએ પણ એ જ કહ્યું છે "ધર્મને માટે ધન મેળવવાની જેની ઇચ્છા–પ્રવૃત્તિ છે, તેના કરતાં ( ધર્મ માટે ) ધન જ નહિ મેળવવાની તેની ઇચ્છા–પ્રવૃત્તિ–વધારે સારી સંગત છે; કારણ કે ( કાદવમાં પડીને ) તેને ધોવા કરતાં, તેનાથી દૂર જ રહેવું એ વધારે સારું છે." [૫–૬]

**मोक्षाध्वसेवया चैताः प्रायः शुभतरा भुवि ।**
**जायन्ते ह्यनपायिन्य इयं सच्छास्त्रसंस्थितिः ॥ ७ ॥**

વળી સદાગમોમાં એવી વ્યવસ્થા છે કે (સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ) મોક્ષમાર્ગના સેવનથી પ્રાપ્ત થતી સમૃદ્ધિઓ વધારે સારી અને દોષરહિત છે તેથી ભાવાગ્નિકારિકા જ યુક્ત છે. [૭]

**इष्टापूर्तं न मोक्षाङ्गं सकामस्योपवर्णितम् ।**
**अकामस्य पुनर्योक्ता सैव न्याय्याग्निकारिका ॥ ८ ॥**

'ઇષ્ટાપૂર્ત' (ઇષ્ટ અને પૂર્ત એ બે પ્રકારનાં દાન) મોક્ષના અંગરૂપ નથી, કારણકે તે સકામીનું—અભ્યુદયની ઇચ્છાવાળાનું છે એમ કહેલું છે. કામના–વાંચ્છા–ઇચ્છા રહિત પુરુષને માટે તો ભાવાગ્નિકારિકા કે જે ઉપર વર્ણવાઇ–કહેવાઇ છે તે જ વ્યાજબી છે–મોક્ષાંગરૂપ છે. [૮]

—o—

# भिक्षाष्टकम्

[ ५ ]

सर्वसम्पत्करी चैका पौरुषघ्नी तथाऽपरा ।
वृत्तिभिक्षा च तत्वज्ञैरिति भिक्षा त्रिधोदिता ॥ १ ॥

તત્વજ્ઞપુરુષોએ ભિક્ષા ત્રણ પ્રકારની કહેલી છે, (૧) સર્વસંપત્કરી (૨) પૌરુષઘ્ની તથા (૩) વૃત્તિભિક્ષા. [૧]

यतिर्ध्यानादियुक्तो यो गुर्वाज्ञायां व्यवस्थितः ।
सदानारम्भिणस्तस्य सर्वसम्पत्करी मता ॥ २ ॥

वृद्धाद्यर्थमसङ्गस्य भ्रमरोपमयाटतः ।
गृहिदेहोपकाराय विहितेति शुभाशयात् ॥ ३ ॥

જે યતિ ધ્યાનાદિકાર્યમાં પરોવાયેલો અને ગુરુઆજ્ઞા (ઉઠાવવા) માં તત્પર હોય, તેવા નિર્દોષપ્રવૃત્તિવાળા, મમત્વવિનાના, વૃદ્ધ (ગુરુજન, ગ્લાન) વગેરે માટે તથા ગૃહસ્થના અને પોતાના ઉપકાર માટે એમ શુભાશયથી ભ્રમરની માફક ભિક્ષાટન કરનારને માટે કહેવાયેલી–ઉપદેશાએલી ભિક્ષા 'સર્વસંપત્કરી' નામની ભિક્ષા કહેવાય છે. [૨–૩]

प्रव्रज्यां प्रतिपन्नो यस्तद्विरोधेन वर्तते ।
असदारम्भिणस्तस्य पौरुषघ्नीति कीर्तिता ॥ ४ ॥

જે પ્રવ્રજિત ભિક્ષુ પ્રવ્રજ્યા–દીક્ષા વિરોધી વર્તન રાખે છે, તેવા પાપકારી પ્રવૃત્તિવાળાની ભિક્ષા 'પૌરુષઘ્ની' ભિક્ષા કહેવાઈ છે. [૪]

**धर्मलाघवकृन्मूढो भिक्षयोदरपूरणम् ।**
**करोति दैन्यात्पीनाङ्गः पौरुषं हन्ति केवलम् ॥ ५ ॥**

ધર્મની લઘુતા કરનાર, મૂઢ તથા સ્થૂલકાયી જે સાધુ દીનતા પૂર્વક ભિક્ષાથી પોતાનું ઉદર ભરે છે (તેથી) તે માત્ર પુરુષાર્થનો જ નાશ કરે છે. [૫]

**निःस्वान्धपङ्गवो ये तु न शक्ता वै क्रियान्तरे ।**
**भिक्षामटन्ति वृत्त्यर्थं वृत्तिभिक्षेयमुच्यते ॥ ६ ॥**

ભિક્ષા સિવાયની બીજી ક્રિયા કરવાને અસમર્થ, ગરીબ, આંધળાં કે પાંગળાં માણસો ઉદરનિર્વાહ માટે જે ભિક્ષા માગે છે તે 'વૃત્તિભિક્ષા' કહેવાય છે. [૬]

**नाति दुष्टाऽपि चामीषामेषा स्यान्नह्यमी तथा ।**
**अनुकम्पा निमित्तत्वाद् धर्मलाघवकारिणः ॥ ७ ॥**

ઉપર્યુક્ત માણસોની વૃત્તિભિક્ષા અતિદુષ્ટ કે અતિપ્રશંસનીય નથી, કારણ કે તેઓ (લોકોની) અનુકમ્પાના કારણભૂત હોવાથી 'પૌરુષઘ્ની' ભિક્ષા કરનારની માફક ધર્મની લઘુતા કરનારા નથી. [૭]

**दातॄणामपि चैताभ्यः फलं क्षेत्रानुसारतः ।**
**विज्ञेयमाशयाद्वापि स विशुद्धः फलप्रदः ॥ ८ ॥**

ઉક્ત (ત્રણે) પ્રકારના ભિક્ષુઓને ભિક્ષા આપનાર દાતાઓને પણ ક્ષેત્રાનુસાર–પાત્રાનુસાર ફળ મળે છે એમ સમજવું, અથવા દેનારના આશય અનુસાર પણ ફળ મળે છે. અને (અનેક પ્રકારના આશયોમાંથી) વિશુદ્ધ આશય ફલપ્રદ છે. [૮]

# सर्वसम्पत्करी भिक्षाष्टकम्

[ ६ ]

अकृतोऽकारितश्चान्यैरसंकल्पित एव च ।
यतेः पिण्डः समाख्यातो विशुद्धः शुद्धिकारकः ॥ १ ॥

પોતે કરેલ કે બીજા પાસે કરાવેલ અથવા કોઇને માટે સંકલ્પ કરાએલો ન હોય એવો જ પિંડ-ખાદ્ય પદાર્થ (શયનાસન વગેરે પણ) સાધુઓને માટે વિશુદ્ધ-નિરવદ્ય અને શુદ્ધિકારક કહેવાયો છે. [૧]

નીચેના ચાર શ્લોકોમાં અન્યમતાવલંબી શુદ્ધ પિંડની અસંભવિતતા બતાવે છે.

**या न संकल्पितः पूर्वं हेयबुद्धया कथं नु तम् ।**
**ददाति कश्चिदेवं च स विशुद्धो वृथोदितम् ॥ २ ॥**

જેમાં પહેલાં દેવાની બુદ્ધિ નથી કલ્પાએલી એવા પિંડને કોઇ પણ માણસ કેવી રીતે આપી શકે ? અર્થાત્ નથી જ આપી શકતો; તેથી [ એક પણ પિંડ અસંકલ્પિત નહિ હોવાથી ] તે પિંડ શુદ્ધ છે એવું કથન મિથ્યા છે. [૨]

**न चैवं सद्गृहस्थानां भिक्षा ग्राह्या गृहेषु यत् ।**
**स्वपरार्थं तु ते यत्नं कुर्वते नान्यथा क्वचित् ।**

વળી એ રીતે તો-અસંકલ્પિત પિંડ જ લેવાની દષ્ટિએ તો-ગૃહસ્થોના ઘરમાં ભિક્ષા જ નહિ લઇ શકાય, કારણ કે ગૃહસ્થો તો પોતાને તથા પરને-અતિથિ આદિને-

ઉભયને માટે રસોઈ વગેરે કરે છે, અન્યથા રીતે–માત્ર પોતાને માટે–કદિ નહિ. [૩]

**संकल्पनं विशेषेण यत्रासौ दुष्ट इत्यपि ।**
**परिहारो न सम्यक्स्याद्यावदर्थिकवादिनः ॥ ४ ॥**

'વિશેષરૂપથી એટલે કે અમુક સાધુ માટે આ પિંડ છે એવો જે પિંડમાં સંકલ્પ કર્યો હોય તે દુષ્ટ છે.' એ રીતનો (તમારો) પરિહાર–બચાવ પણ વ્યાજબી નથી, કારણ કે જેટલા ભિક્ષાર્થીઓ છે તે બધા માટે અર્થાત્ સમસ્ત ભિક્ષુકવર્ગ માટે બનાવેલ પિંડને (પણ) તમે ત્યાજ્ય કહેનાર છો અર્થાત્ તમોને ત્યાજ્ય છે [૪]

**विषयो वाऽस्य वक्तव्यः पुण्यार्थं प्रकृतस्य च ।**
**असम्भवाभिधानात्स्यादाप्तस्यानाप्तताऽन्यथा ॥ ५ ॥**

અથવા આ યાવદર્થિક પિંડનો વિષય–સંબંધ–અર્થ બતાવવો જોઈએ, (એટલું જ નહિ પરંતુ) પુણ્ય માટે બનાવેલા પ્રકૃત–પ્રસ્તુત–સામે પડેલા–પિંડનો અર્થ પણ બતાવવો જોઈએ; નહિ તો અસંકલ્પિત પિંડ સર્વથા અસંભવિત હોવાથી, તમારા આપ્તની–સર્વજ્ઞની અસર્વજ્ઞતા સિદ્ધ થશે. [૫]

સમાધાન—નીચેના ત્રણ શ્લોકોમાં આચાર્ય ઉત્તર આપે છે.

**विभिन्नं देयमाश्रित्य स्वभोग्याद्यत्र वस्तुनि ।**
**संकल्पनं क्रियाकाले तद्दुष्टं विषयोऽनयोः ॥ ६ ॥**

'પોતાને કામમાં લેવા યોગ્ય વસ્તુથી બીજાને દેવા-યોગ્ય વસ્તુ જુદી છે' એવો સંકલ્પ જે વસ્તુમાં, તેને બનાવતી વખતે કરવામાં આવે છે, તે દુષ્ટ છે; અને આ જ તેમનો–યાવદર્થિક અને પ્રકૃત પિંડનો–વિષય–સંબંધ–અર્થ છે. [૬]

**स्वोचिते तु यदारम्भे तथा संकल्पनं क्वचित् ।**
**न दुष्टं शुभभावत्वात् तच्छुद्धापरयोगवत् ॥ ७ ॥**

પોતાને યોગ્ય [પાકાદિ] વ્યાપાર–પ્રવૃત્તિ કરતી વખતે ક્યારેક તથાપ્રકારક–સાધુને દેવારૂપ–જે સંકલ્પ સેવાય છે, તે બીજા [મુનિવંદનાદિ] શુદ્ધ વ્યાપારની માફક ચિત્તની વિશુદ્ધિરૂપ હોવાથી દુષ્ટ નથી. [૭]

**दृष्टोऽसंकल्पितस्यापि लाभ एवमसम्भवः ।**
**नोक्त इत्याप्ततासिद्धिर्यतिधर्मोऽतिदुष्करः ॥ ८ ॥**

(વળી) અસંકલ્પિત–સાધુ માટે બનાવેલા નહિ એવા (રાત્રિએ બનાવેલા કે સૂતક વગેરે પ્રસંગે રંધાતા)–પિંડની પણ પ્રાપ્તિ દેખાય છે, તેથી (તમારા કથન મુજબના) અસં-ભવિત પિંડનો ઉપદેશ (આપ્તોએ) આપેલ નથી, માટે સર્વજ્ઞની સર્વજ્ઞતા સિદ્ધ થાય છે. (અલબત્ત એવા અસંક-લ્પિત પિંડ પ્રાપ્તિના પ્રસંગો વિરલ હોય છે તેથી જ કહ્યું છે કે ) યતિ ધર્મ અતિ દુષ્કર છે. [૮]

—o—

# प्रच्छन्नभोजनाष्टकम्

[ ७ ]

सर्वारम्भनिवृत्तस्य मुमुक्षोर्भावितात्मनः ।
पुण्यादिपरिहाराय मतं प्रच्छन्नभोजनम् ॥ १ ॥

બધી પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત થયેલા, પુનિત અંતઃકરણવાળા મુમુક્ષુને માટે, પુણ્યાદિ પ્રવૃત્તિનો પરિહાર કરવા સારું, પ્રચ્છન્ન-ગુપ્ત-ભોજન (કરવાનું) મનાયું છે. [૧]

भुञ्जानं वीक्ष्य दीनादिर्याचते क्षुत्प्रपीडितः ।
तस्यानुकम्पया दाने पुण्यबन्धः प्रकीर्तितः ॥ २ ॥

ભૂખથી ભડભડતા ગરીબ (અનાથ) વગેરે લોકો ખાનારને જોઈને ભિક્ષા માગે છે, (ત્યારે) તેના ઉપર અનુકમ્પા આવવાથી ખાનાર તેને દાન દે તો તેને પુણ્યબંધ થાય છે. [૨]

भवहेतुत्वतश्चायं नेष्यते मुक्तिवादिनाम् ।
पुण्यापुण्यक्षयान्मुक्तिरिति शास्त्रव्यवस्थितेः ॥ ३ ॥

અને આ પુણ્યબંધ ભવહેતુક હોવાથી મુમુક્ષુઓને ઇષ્ટ નથી. શાસ્ત્રમાં કહ્યું છે 'પુણ્ય અને પાપના ક્ષયથી મોક્ષ મળે છે.' [૩]

प्रायो नचानुकम्पावांस्तस्यादत्वा कदाचन ।
तथाविधस्वभावत्वाच्छक्नोति सुखमासितुम् ॥ ४ ॥

અને અનુકંપાવાળો ભૂખ્યાને આપ્યા વિના પ્રાયઃ સુખથી રહી શકતો નથી, કારણ કે તેનો સ્વભાવ જ તેવો છે. [૪]

अदानेऽपि च दीनादेरप्रीतिर्जायते ध्रुवम् ।
ततोऽपि शासनद्वेषस्ततः कुगतिसन्ततिः ॥ ५ ॥

વળી ગરીબ વગેરે માગનારાઓને ન આપ્યે તેઓ ચોક્કસ નારાજ થાય અને તેમ થયે શાસન–ધર્મ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય, પરિણામે (તેમની) કુગતિપરંપરા ચાલે. [૫]

निमित्तभावतस्तस्य सत्युपाये प्रमादतः ।
शास्त्रार्थबाधनेनेह पापबन्ध उदाहृतः ॥ ६ ॥

(ઉપરના પુણ્યપાપબંધથી બચવાનો પ્રચ્છન્નભોજનનો) ઉપાય હોવા છતાં પ્રમાદવશ (ખુલ્લાં ભોજન કરીને) (અપ્રીતિ, શાસનદ્વેષ વગેરેમાં) નિમિત્તભૂત બનવાને કારણે શાસ્ત્રાર્થનો બાધ–ભંગ–ઉલ્લંઘન થતો હોવાથી પ્રકટભોજી સાધુને પાપબંધ થાય છે એમ કહેલું છે. [૬]

शास्त्रार्थश्च प्रयत्नेन यथाशक्ति मुमुक्षुणा ।
अन्यव्यापारशून्येन कर्तव्यः सर्वदैव हि ॥ ७ ॥

(શાસ્ત્રાર્થ કરવા સિવાયના) બીજા કોઇ પણ વ્યાપાર વિનાના મુમુક્ષુએ યથાશક્તિ આદર પૂર્વક હમેશાં શાસ્ત્રાર્થ–આગમોના વાચન, મનન વગેરેરૂપ—કરવો જોઈએ. [૭]

एवं ह्युभयथाप्येतद्दुष्टं प्रकटभोजनम् ।
यस्मान्निदर्शितं शास्त्रे ततस्त्यागोऽस्य युक्तिमान् ॥ ८ ॥

ઉપર્યુક્ત પ્રકટભોજન બન્ને રીતે–દીધે અને ન દીધે–દુષ્ટ છે એમ શાસ્ત્રમાં બતાવેલ છે, તેથી તેનો ત્યાગ જ વ્યાજબી–ઇષ્ટ છે. [૮]

# प्रत्याख्यानाष्टकम्

[ ८ ]

द्रव्यतो भावतश्चैव प्रत्याख्यानं द्विधा मतम् ।
अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यच्चरमं मतम् ॥ १ ॥

પ્રત્યાખ્યાન–ત્યાગ બે પ્રકારનું મનાયું છે, (૧) દ્રવ્ય પ્રત્યાખ્યાન (૨) ભાવ પ્રત્યાખ્યાન. પહેલું (કોઇ પ્રકારની) અપેક્ષા (અવિધિ, અપરિણામ, રાગ, દ્વેષ) વગેરે કારણોએ કરાએલું હોય છે, જ્યારે બીજું તેથી ઉલટું એટલે કે અપેક્ષાદિ રહિત માત્ર ત્યાગબુદ્ધિએ જ કરાએલું હોય છે. [૧]

अपेक्षा चाविधिश्चैवापरिणामस्तथैव च ।
प्रत्याख्यानस्य विघ्नास्तु वीर्याभावस्तथापरः ॥ २ ॥

અપેક્ષા, અવિધિ, અપરિણામ–અશ્રદ્ધા તથા વીર્યાભાવ–પરિણામ હોવા છતાં પણ શક્તિ–ઉલ્લાસ–પ્રયત્નનો અભાવ એ બધાં ભાવપ્રત્યાખ્યાનનાં વિઘ્નો છે (કારણ કે અપેક્ષાદિ–યુક્ત બધાં પ્રત્યાખ્યાન દ્રવ્યપ્રત્યાખ્યાનરૂપ છે.) [૨]

लब्ध्याद्यपेक्षया ह्येतदभव्यानामपि क्वचित् ।
श्रूयते न तत्किञ्चिदित्यपेक्षाऽत्र निन्दिता ॥ ३ ॥

લબ્ધિ–આર્થિક લાભ વગેરેની અપેક્ષાપૂર્વકનું પ્રત્યાખ્યાન તો અભવ્યોને પણ ક્યારેક હોય છે એવું આગમવચન છે, પણ તે તુચ્છ–નકામું–અકિંચિત્કર છે; તેથી પ્રત્યાખ્યાન સમયે (કોઇ પ્રકારની) અપેક્ષા–આકાંક્ષા નિંદ્ય છે. [૩]

यथैवाविधिना लोके न विद्याग्रहणादि यत् ।
विपर्ययफलत्वेन तथेदमपि भाव्यताम् ॥ ४ ॥

અવિધિથી ગ્રહણ કરાએલ વિદ્યા (મંત્ર, તંત્ર) વગેરે વિપરીત ફળ આપતાં હોવાથી લોકોમાં જેમ તેમનું (સમ્યગ્) ગ્રહણ મનાતું નથી અર્થાત્ અગ્રહિત કહેવાય છે, તેમ અવિધિથી ગ્રહણ કરાએલું પ્રત્યાખ્યાન પણ અપ્રત્યાખ્યાનરૂપ જ –દ્રવ્યપ્રત્યાખ્યાનરૂપ જ સમજવું (કારણ કે તે મોક્ષરૂપી સમ્યક્ ફળ આપતું નથી.) [૪]

अक्षयोपशमात्त्यागपरिणामे तथाऽसति ।
जिनाज्ञाभक्तिसंवेगवैकल्यादेतदप्यसत् ॥ ५ ॥

(દર્શન મોહનીય કર્મના) ક્ષયોપશમના અભાવને કારણે જિનાગમો પ્રત્યે શ્રદ્ધાપૂર્વક બહુમાન અને સંવેગ હોતાં નથી અને તેથી ત્યાગ ઉપરનાં સમ્યક્ પરિણામ–શ્રદ્ધાના અભાવમાં અપરિણામજન્ય (દ્રવ્ય) પ્રત્યાખ્યાન પણ અકિંચિત્કર છે. [૫]

उदग्रवीर्यविरहात् क्लिष्टकर्मोदयेन यत् ।
बाध्यते तदपि द्रव्यप्रत्याख्यानं प्रकीर्तितम् ॥ ६ ॥

કિલષ્ટકર્મોદયને કારણે ઉત્કટ વીર્યનો—તીવ્ર શક્તિનો અભાવ રહેવાથી જે પ્રત્યાખ્યાન ખંડિત થાય છે તે પ્રત્યાખ્યાનને પણ દ્રવ્યપ્રત્યાખ્યાન કહે છે. (૬)

एतद्विपर्ययाद्भावप्रत्याख्यानं जिनोदितम् ।
सम्यक्चारित्ररूपत्वान्नियमान्मुक्तिसाधनम् ॥ ७ ॥

(બીજું.) ભાવપ્રત્યાખ્યાન સમ્યક્ ચારિત્રરૂપ હોવાથી અવશ્ય મોક્ષસાધક છે એમ જિનેશ્વરોએ કહેલું છે; કારણ કે તે દ્રવ્યપ્રત્યાખ્યાનથી વિપરીતરૂપ છે. (૭)

**जिनोक्तमिति सद्भक्त्या ग्रहणे द्रव्यतोऽप्यद: ।**
**बाध्यमानं भवेद्भावप्रत्याख्यानस्य कारणम् ॥ ८ ॥**

'જિનદેવે કહેલું છે' એવી સદ્‌ભક્તિપૂર્વકનું ખંડિત થતું પ્રત્યાખ્યાન દ્રવ્યરૂપે ગ્રહણ કરવામાં આવે તો પણ તે ભાવપ્રત્યાખ્યાનનું કારણ બને છે. [૮]

—o—

# ज्ञानाष्टकम्

## (९)

**विषयप्रतिभासं चात्मपरिणतिमत्तथा ।**
**तत्त्वसंवेदनं चैव ज्ञानमाहुर्महर्षय: ॥ १ ॥**

મહર્ષિઓએ જ્ઞાન ત્રણ પ્રકારનું કહેલું છે, (૧) વિષય-પ્રતિભાસરૂપ (૨) આત્મપરિણતિમત્ તથા (૩) તત્ત્વસંવેદનરૂપ.[૧]

**विषकण्टकरत्नादौ बालादिप्रतिभासवत् ।**
**विषयप्रतिभासं स्यात् तद्धेयत्वाद्यवेदकम् ॥ २ ॥**

જેવી રીતે બાળકોને વિષ, કંટક, રત્ન વગેરેનું (તેના ગુણદોષના ભાનવિનાનું સ્થૂલ-ઉપલક) જ્ઞાન થાય છે. તેવી રીતે (વસ્તુમાં રહેલ) હેય (ઉપાદેય) વગેરે ગુણોના ભાન-જ્ઞાન રહિત વસ્તુનું (સામાન્ય-સ્થૂલ-ઉપલક) જ્ઞાન તે વિષયપ્રતિભાસરૂપ જ્ઞાન. [૨]

निरपेक्षप्रवृत्त्यादिलिङ्गमेतदुदाहृतम् ।
अज्ञानावरणापायं महापायनिबन्धनम् ॥ ३ ॥

વળી આ વિષયપ્રતિભાસ જ્ઞાન નિરપેક્ષ–અવિચારી પ્રવૃત્તિરૂપ બાહ્યચિહ્નવાળું, અજ્ઞાનાવરણકર્મના અપાયથી–ક્ષયોપશમથી ઉત્પન્ન થનારું તથા મહા અનર્થના કારણભૂત કહેલું છે. [3]

पातादिपरतन्त्रस्य तद्दोषादावसंशयम् ।
अनर्थाद्याप्तियुक्तं चात्मपरिणतिमन्मतम् ॥ ४ ॥

(સદસદ્‌ગતિમાં થતા) પાત (રાગ, દ્વેષ) વગેરેને વશ થએલ માણસનું, પાત વગેરેના ગુણદોષ જાણવામાં સંશય, વિપર્યય વિનાનું અર્થાત્ ગુણદોષોને યથાર્થરીતે જાણનારું તથા લાભ નુકશાનની પ્રાપ્તિ કરાવનારું જ્ઞાન આત્મપરિણતિમત્ જ્ઞાન મનાયું છે. [૪]

तथाविधप्रवृत्त्यादिव्यङ्ग्यं सदनुबन्धि च ।
ज्ञानावरणह्रासोत्थं प्रायो वैराग्यकारणम् ॥ ५ ॥

વળી આ જ્ઞાન સમ્યક્ પ્રવૃત્તિનિવૃત્તિરૂપે પ્રકટ થતું, શુભ અનુબંધ–પરિણામ પરંપરા વાળું, જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતું તથા પ્રાયઃ વૈરાગ્યના કારણરૂપ મનાયું છે. [૫]

स्वस्थवृत्तेः प्रशान्तस्य तद्धेयत्वादिनिश्चयम् ।
तत्त्वसंवेदनं सम्यग् यथाशक्ति फलप्रदम् ॥ ६ ॥

(ત્રીજું) તત્ત્વસંવેદન જ્ઞાન હેય, ઉપાદેય અને ઉપેક્ષણીય

વસ્તુનો નિશ્ચય કરનારું તથા આત્માની શક્તિ મુજબ (સમ્યક્ ચારિત્ર અને મોક્ષરૂપ) સમ્યક્ ફળ આપનારું છે. તથા તે જ્ઞાન સ્વસ્થ વૃત્તિ-વર્તન-યોગ વાળા, પ્રશાન્ત પુરુષને હોય છે. [૬]

[નોટ- આ ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે પહેલું જ્ઞાન મિથ્યાત્વયુક્ત છે, બીજું ચારિત્ર ન ગ્રહણ કરી શકનાર સમ્યક્ત્વ યુક્ત આત્માનું સમ્યગ્જ્ઞાનરૂપ છે અને ત્રીજું યથાશક્તિ ચારિત્ર અંગીકાર કરનાર ગૃહસ્થ શ્રાવકથી તે મોક્ષ જતા સાધુનું વિશિષ્ટ સમ્યગ્જ્ઞાનરૂપ છે.]

**न्याय्यादौ शुद्धवृत्त्यादिगम्यमेतत्प्रकीर्तितम् ।**
**सज्ज्ञानावरणापायं महोदयनिबन्धनम् ॥ ७ ॥**

આ જ્ઞાન નીતિ વ્યવહાર વગેરેમાં શુદ્ધ (વિચાર) વર્તન વગેરે દ્વારા (પ્રકટરૂપે) જણાય છે, તથા સદ્-મોક્ષસાધક જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમજન્ય, મહોદય-મોક્ષના કારણરૂપ છે, એમ તત્ત્વસંવેદકોએ કહ્યું છે. [૭]

**एतस्मिन्सततं यत्नः कुग्रहत्त्यागतो भृशम् ।**
**मार्गश्रद्धादिभावेन कार्य आगमतत्परैः ॥ ८ ॥**

(તેથી) શાસ્ત્રશ્રદ્ધાળુઓએ કદાગ્રહનો ત્યાગ કરીને, મોક્ષમાર્ગ વિષે શ્રદ્ધા (બહુમાન, જ્ઞાન, આચરણ) વગેરે ભાવપૂર્વક તત્ત્વસંવેદનજ્ઞાન માટે સતત-ખૂબ પ્રયત્ન કરવો જોઇએ. [૮]

—o—

# वैराग्याष्टकम्

( १० )

आर्त्तध्यानाख्यमेकं स्यान्मोहगर्भं तथाऽपरम् ।
सज्ज्ञानसङ्गतं चेति वैराग्यं त्रिविधं स्मृतम् ॥ १ ॥

વૈરાગ્ય ત્રણ પ્રકારનું છે, (૧) આર્ત્તધ્યાનનામક વૈરાગ્ય (૨) મોહગર્ભિત વૈરાગ્ય (૩) સદ્દ્જ્ઞાનયુક્ત વૈરાગ્ય. [૧]

इष्टेतरवियोगादिनिमित्तं प्रायशो हि यत् ।
यथाशक्त्यपि हेयादावप्रवृत्त्यादिवर्जितम् ॥ २ ॥

उद्वेगकृद्विषादाढ्यमात्मघातादिकारणम् ।
आर्त्तध्यानं ह्यदो मुख्यं वैराग्यं लोकतो मतम् ॥ ३ ॥

જે પ્રાય: ઇષ્ટવિયોગ અને અનિષ્ટયોગરૂપ નિમિત્તથી ઉત્પન્ન થાય છે, જે પોતાની શક્ત્યનુસાર પણ હેયોપાદેયના (અનુક્રમે) ત્યાગ કે સ્વીકાર-અંગીકાર કરતું નથી, જે ઉદ્વેગ ઉત્પન્ન કરનાર છે, જે વિષાદ-દીનતાથી પરિપૂર્ણ છે તથા આત્મઘાત વગેરેમાં કારણભૂત છે તે વાસ્તવિકરીતે આર્તધ્યાન જ છે, છતાં લૌકિક દૃષ્ટિએ તે વૈરાગ્ય કહેવાયું છે. (તેથી પહેલું આર્તધ્યાનનામક વૈરાગ્ય કહ્યું.) [૨-૩]

एको नित्यस्तथाऽबद्धः क्षय्यसद्वेह सर्वथा ।
आत्मेति निश्चयाद्भूयो भवनैर्गुण्यदर्शनात् ॥ ४ ॥

तत्त्यागायोपशान्तस्य सद्वृत्तस्यापि भावतः ।
वैराग्यं तद्गतं यत्तन्मोहगर्भमुदाहृतम् ॥ ५ ॥

આત્મા- એક જ છે અથવા નિત્ય જ છે અથવા અબદ્ધ જ છે અથવા ક્ષણિક જ છે, અથવા અસદ્રૂપ જ છે, એવા નિશ્ચયદ્વારા અનેકવાર સંસારની અસારતા જોવાથી, સંસારના ત્યાગ માટે નિગ્રહિત ઇન્દ્રયોવાળા સાધુચરિત પુરુષોને ભાવથી ભવવિષયક જે વૈરાગ્ય થાય છે તે મોહગર્ભિત-અજ્ઞાનજન્ય વૈરાગ્ય કહેવાય છે. [૪-૫]

**भूयांसो नामिनो बद्धा बाह्येनेच्छादिना ह्यमी ।**
**आत्मानस्तद्वशात्कष्टं भवे तिष्ठन्ति दारुणे ॥ ६ ॥**
**एवं विज्ञाय तत्त्यागविधिस्त्यागश्च सर्वथा ।**
**वैराग्यमाहुः सज्ज्ञानसङ्गतं तत्त्वदर्शिनः ॥ ७ ॥**

નામ-પર્યાય-પરિણામ વાળા અર્થાત્ પોતાના સ્વરૂપને છોડ્યા વિના પર્યાયરૂપે ઉત્પન્ન તથા નષ્ટ થવાના સ્વભાવવાળા, બાહ્ય ઇચ્છા આદિથી બદ્ધ-જકડાએલા ઘણા આત્માઓ ઇચ્છાધીન-પરવશ થઇ ગયેલા હોવાને કારણે દારુણ સંસારમાં દુઃખપૂર્વક રખડે છે એમ જાણીને સંસારના ત્યાગની ક્રિયાને તથા તેના સર્વથા ત્યાગને તત્વજ્ઞ પુરુષો સદ્જ્ઞાનયુક્ત વૈરાગ્ય કહે છે. [૬-૭]

**एतत्तत्त्वपरिज्ञानान्नियमेनोपजायते ।**
**यतोऽतः साधनं सिद्धेरेतदेवोदितं जिनैः ॥ ८ ॥**

કારણ કે આ ત્રીજા પ્રકારનો વૈરાગ્ય નિયમથી-માત્ર તત્ત્વજ્ઞાન દ્વારા જ થાય છે; તેથી જિનેશ્વરોએ તેને જ મોક્ષના સાધનરૂપ કહેલ છે. [૮]

—o—

# तपोऽष्टकम्

## (११)

શંકા—

दुःखात्मकं तपः केचिन्मन्यन्ते तन्न युक्तिमत् ।
कर्मोदयस्वरूपत्वाद् बलीवर्दादिदुःखवत् ॥ १ ॥

કેટલાક લોકો માને છે કે બળદના દુઃખની માફક તપ પણ કર્મોદય–કર્મવિપાક–કર્મફળરૂપ હોવાથી દુઃખાત્મક છે, તેથી તે (મોક્ષના સાધનરૂપે) યુક્તિયુક્ત નથી. [૧]

सर्व एव च दुःख्येवं तपस्वी सम्प्रसज्यते ।
विशिष्टस्तद्विशेषेण सुधनेन धनी यथा ॥ २ ॥

વળી સર્વે પ્રાણી દુઃખી છે, (અને તપ પણ દુઃખાત્મક છે.) તેથી જેવી રીતે ઘણા ધનવડે માણુસ ધનવાન કહેવાય છે તેવી રીતે દુઃખ વિશેષ–ઘણું દુઃખ હોવાને કારણે માણસ વિશિષ્ટ–મોટો તપસ્વી કહેવાશે. [૨]

महातपस्विनश्चैवं त्वन्नीत्या नारकादयः ।
शमसौख्यप्रधानत्वाद्योगिनस्त्वतपस्विनः ॥ ३ ॥

(તેથી) ઉપર્યુક્ત નીતિ–ન્યાય–માન્યતા અનુસાર નારક વગેરે મહાતપસ્વી કહેવાશે અને યોગીઓ અતપસ્વી કહેવાશે કારણ કે તેઓ સમતારૂપ સુખવિશિષ્ટ છે એટલે કે અદુઃખી છે. [૩]

युक्त्यागमबहिर्भूतमतस्त्याज्यमिदं बुधैः ।
अशस्तध्यानजननात् प्राय आत्मापकारकम् ॥ ४ ॥

માટે આત્માનું અહિત કરનારું આ તપ, યુક્તિ અને આગમ ક્ષેત્રની બહારનું, તેમજ દુર્ધ્યાન પેદા કરનારું હોવાથી, બુદ્ધિમાન પુરુષોએ તજવું જોઇએ. [૪]

ઉત્તર—

मन इन्द्रिययोगानामहानिश्चोदिता जिनैः ।
यतोऽत्र तत्कथं त्वस्य युक्ता स्याद् दुःखरूपता ॥ ५ ॥

તપદ્વારા મન, ઇન્દ્રિય અને યોગની અહાનિ–રક્ષા થાય છે એમ જિનેશ્વર દેવોએ કહેલું છે; તેથી તેની દુઃખરૂપતા કેવી રીતે ઘટી શકે ? [૫]

यापि चानशनादिभ्यः कायपीडा मनाक् क्वचित् ।
व्याधिक्रियासमा सापि नेष्टसिद्ध्यात्र बाधनी ॥ ६ ॥

અનશન– ઉપવાસ વગેરેથી ક્યારેક જે થોડીક કાયપીડા થાય છે, તે પણ રોગચિકિત્સાની માફક ઇષ્ટસાધક હોવાથી બાધક નથી. [૬]

दृष्टा चेदर्थसंसिद्धौ कायपीडा ह्यदुःखदा ।
रत्नादिवणिगादीनां तद्वदत्रापि भाव्यताम् ॥ ७ ॥

વળી (સંસારમાં) રત્ન વગેરેના વેપારીઓને (પોતાના) ઇષ્ટાર્થની સિદ્ધિમાં થતી કાયપીડા દુઃખદાયી–દુઃખરૂપ દેખાતી નથી, તેમ તપના સંબંધમાં પણ સમજવું [૭]

विशिष्टज्ञानसंवेगशमसारमतस्तपः ।
क्षायोपशमिकं ज्ञेयमव्याबाधसुखात्मकम् ॥ ८ ॥

(વળી) તપ વિશિષ્ટજ્ઞાન, વિશિષ્ટસંવેગ તથા વિશિષ્ટ-

શમરૂપ સારવાળું છે, તેથી તે (ચારિત્રમોહનીય કર્મના) ક્ષયોપશમથી પેદા થનારું તથા અવ્યાબાધ સુખરૂપ છે એમ જાણવું. [૮]

—o—

## वादाष्टकम्

(१२)

शुष्कवादो विवादश्च धर्मवादस्तथाऽपर: ।
इत्येष त्रिविधो वाद: कीर्तित: परमर्षिभि: ॥ १ ॥

(૧) શુષ્કવાદ (૨) વિવાદ અને છેલ્લો (૩) ધર્મવાદ એ રીતે પરમર્ષિઓએ વાદ ત્રણ પ્રકારનો કહેલો છે. [૧]

अत्यन्तमानिना सार्धं क्रूरचित्तेन च दृढम् ।
धर्मद्विष्टेन मूढेन शुष्कवादस्तपस्विन: ॥ २ ॥

અત્યંત અભિમાની, અત્યંત ક્રૂર, ધર્મદ્વેષી કે મૂર્ખ સાથેનો સાધુપુરુષનો જે વાદ તે શુષ્કવાદ. [૨]

विजयेऽस्यातिपातादि लाघवं तत्पराजयात् ।
धर्मस्येति द्विधाऽप्येष तत्त्वतोऽनर्थवर्धन: ॥ ३ ॥

(ઉક્ત અભિમાની વગેરે કોઈ સાથેના વાદમાં) સાધુનો વિજય થાય તો સામાનો અતિપાત–મરણ સંભવે, અથવા સાધુનો પરાજય થાય તો ધર્મની લઘુતા થાય એ રીતે શુષ્કવાદ વસ્તુત: બન્ને પ્રકારે અનર્થને વધારનાર છે. [૩]

लब्धिख्यात्यर्थिना तु स्याद्दु:स्थितेनामहात्मना ।
छलजातिप्रधानो य: स विवाद इति स्मृत: ॥ ४ ॥

વળી (ધન વગેરે ઐહિક) લાભ તથા કીર્તિની કામના-વાળા દુ:સ્થિત–અસ્થિર અને અનુદાર–સંકુચિત–ચિત્તવાળા સાથે છલ, જાતિની પ્રધાનતાવાળો જે વાદ તે વિવાદ કહેવાય છે. [૪]

**विजयो ह्यत्र सन्नीत्या दुर्लभस्तत्त्ववादिनः ।**
**तद्भावेऽप्यन्तरायादिदोषोऽदृष्टविघातकृत् ॥ ५ ॥**

આ વિવાદમાં તત્ત્વ–સત્યવાદીનો સન્ન્યાય દ્વારા વિજય થવો મુશ્કેલ છે, અને કદાચ વિજય થાય તો પણ સાધુ-ને (પ્રતિવાદીના પરલોકમાં વિઘ્ન નાખનાર) અંતરાયાદિ દોષ લાગે છે અર્થાત્ પ્રતિવાદી હારે તો તેને જે લાભ, કીર્તિ વગેરે મળવાનાં હોય તે ન મળતાં તેમાં અંતરાયરૂપ થવાથી પ્રતિ-વાદીમાં દ્વેષ વગેરે જન્મે છે તેથી પ્રતિવાદીનો પરલોક બગડી જાય અને આમાં સાધુ નિમિત્ત થવાથી સાધુને અંતરાય વગેરે દોષો લાગે છે. [૫]

**परलोकप्रधानेन मध्यस्थेन तु धीमता ।**
**स्वशास्त्रज्ञाततत्त्वेन धर्मवाद उदाहृतः ॥ ६ ॥**

પરલોકની મુખ્યતા મનમાં રાખનાર અર્થાત્ પરલોકનો ભય ખાનાર, મધ્યસ્થ અને પોતાના શાસ્ત્રોના જાણકાર બુદ્ધિ-માન સાથેનો વાદ 'ધર્મવાદ' કહેવાયો છે. [૬]

**विजयेऽस्य फलं धर्मप्रतिपत्त्याद्यनिन्दितम् ।**
**आत्मनो मोहनाशश्च नियमात्तत्पराजयात् ॥ ७ ॥**

ઉક્ત ધર્મવાદમાં વાદી સાધુનો વિજય થાય તો પ્રતિવાદીના ધર્મસ્વીકાર (ધર્મપ્રભાવના, મૈત્રી) વગેરે રૂપ અનિન્દિત ફળ

મળે છે અને સાધુનો પરાજય થાય તો (દર્શન) મોહનો અવશ્ય નાશ થાય છે. [૭]

**देशाद्यपेक्षया चेह विज्ञाय गुरुलाघवम् ।**
**तीर्थकृज्ज्ञातमालोच्य वादः कार्यो विपश्चिता ॥ ८ ॥**

વળી વાદ કરવા સંબંધી તો પંડિત પુરુષે શ્રી વીરપ્રભુના દૃષ્ટાન્તની આલોચના-વિચારણા કરીને દેશ (કાળ, સભા, સભ્ય, પ્રતિવાદી) વગેરેની અપેક્ષાએ પોતાના ગૌરવ કે લાઘવનો પુખ્ત વિચાર કરીને (કોઇ પ્રકારનો) વાદ કરવો જોઇએ. [૮]

—o—

# धर्मवादाष्टकम्

## ( १३ )

**विषयो धर्मवादस्य तत्तत्तन्त्रव्यपेक्षया ।**
**प्रस्तुतार्थोपयोग्येव धर्मसाधनलक्षणः ॥ १ ॥**

દરેક દર્શનની અપેક્ષાએ પ્રસ્તુતઅર્થમાં-મોક્ષમાં ઉપયોગી હોય અને ધર્મના સાધનસ્વરૂપ હોય તે ધર્મવાદનો વિષય છે. [૧]

**पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ।**
**अहिंसासत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥ २ ॥**

અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય આ પાંચેય સર્વધર્માવલંબીઓને માટે પવિત્ર છે. [૨]

**क्व खल्वेतानि युज्यन्ते मुख्यवृत्त्या क्व वा न हि ।**
**तन्त्रे तत्तन्त्रनीत्यैव विचार्यं तत्त्वतोह्यदः ॥ ३ ॥**

धर्मार्थिभिः प्रमाणादेर्लक्षणं न तु युक्तिमत् ।
प्रयोजनाद्यभावेन तथा चाह महामतिः ॥ ४ ॥

"प्रसिद्धानि प्रमाणानि व्यवहारश्च तत्कृतः ।
प्रमाणलक्षणस्योक्तौ ज्ञायते न प्रयोजनम्"[१] ॥ ५ ॥

આ પાંચેય વ્રતો (દરેક) ધર્મમાં પોતપોતાની દૃષ્ટિએ -રીતિએ-વાસ્તવિકરીતે ક્યાં ઘટી શકે છે અને ક્યાં નહિ તેનો જ ધાર્મિક પુરુષોએ તત્ત્વથી-પરમાર્થથી વિચાર કરવો, પ્રમાણ (પ્રમેય) વગેરેનાં લક્ષણોનો નહિ; કારણ કે તેવો વિચાર, કશું પ્રયોજન નહિ હોવાથી, યુક્તિયુક્ત નથી. મહામતિ (સિદ્ધસેન દિવાકર) પણ કહે છે કે-"પ્રમાણો અને તેમનાથી નિષ્પન્ન થતો વ્યવહાર એ બન્ને પ્રસિદ્ધ છે-દરેક પ્રાણીનેસ્વાનુભવસિદ્ધ છે, તો પછી પ્રમાણનું લક્ષણ કહેવામાં શું પ્રયોજન છે તે સમજાતું નથી." [૩-૪-૫]

પ્રમાણ દ્વારા નિશ્ચિત કે અનિશ્ચિત એવા બન્ને પ્રકારનું પ્રમાણલક્ષણ ગેરવ્યાજબી છે એમ આચાર્ય નીચેના બે શ્લોકોમાં જણાવે છે.

प्रमाणेन विनिश्चित्य तदुच्यते न वा ननु ।
अलक्षितात्कथं युक्ता न्यायतोऽस्य विनिश्चितिः ॥ ६ ॥

सत्यां चास्यां तदुक्त्या किं तद्वद्विषयनिश्चितेः ।
तत एवाविनिश्चित्य तस्योक्तिर्ध्यान्ध्यमेव हि ॥ ७ ॥

(પહેલો વિકલ્પ વ્યાજબી નથી) કારણ કે જેનું લક્ષણ

૧. ન્યાયાવતાર શ્લોક ૨ જો.

જ થયું નથી એવા પ્રમાણ દ્વારા એટલે કે અનિશ્ચિત પ્રમાણ દ્વારા પોતાના જ લક્ષણનો નિશ્ચય (અનવસ્થાદિ દોષો લાગવાથી) ન્યાયથી યુક્ત નથી. અને (અનિશ્ચિત પ્રમાણથી લક્ષણનો) નિશ્ચય સાબીત થયે પ્રમાણ કથનથી શું ? અર્થાત પ્રમાણનું કશું પ્રયોજન નથી, કારણ કે તેવી રીતે તો (અનિશ્ચિત પ્રમાણથી કે લક્ષણથી) પ્રમેયનો નિશ્ચય પણ થઇ શકે છે. એ જ રીતે બીજો વિકલ્પ–પ્રમાણ દ્વારા નિશ્ચિત કર્યા વિના લક્ષણનું કથન કરવું એ–પણ માત્ર બુદ્ધિની અંધતા જ સૂચવે છે એટલે કે માણસની મૂર્ખતારૂપ જ છે. [૬–૭]

तस्माद्यथोदितं वस्तु विचार्यं रागवर्जितैः ।
धर्मार्थिभिः प्रयत्नेन तत इष्टार्थसिद्धितः ॥ ८ ॥

તેથી રાગરહિત ધાર્મિક પુરુષોએ વસ્તુને યથાસ્વરૂપે પ્રયત્નપૂર્વક વિચારવી, કારણ કે તેથી જ ઇષ્ટ અર્થની સિદ્ધિ થાય છે. [૮]

—o—

# एकान्तनित्यपक्षखण्डनाष्टकम्

## ( १४ )

तत्रात्मा नित्य एवेति येषामेकान्तदर्शनम् ।
हिंसादयः कथं तेषां युज्यन्ते मुख्यवृत्तितः ॥ १ ॥

બધાં દર્શનોમાંથી 'આત્મા માત્ર નિત્ય જ છે' એવું એકાન્તદર્શન જેમનું છે, તેઓમાં મુખ્ય–પ્રધાન–વાસ્તવિક રીતે હિંસા આદિ કેમ સંભવી શકે? [૧]

निष्क्रियोऽसौ ततो हन्ति हन्यते वा न जातुचित् ।
कश्चित् केनचिदित्येवं न हिंसास्योपपद्यते ॥ २ ॥

આત્મા નિષ્ક્રિય છે, તેથી તે કોઈ પણ વખતે કોઈને હણતો નથી તેમ જ કોઈથી હણાતો નથી. એ રીતે તેનામાં હિંસા ઘટતી નથી. [૨]

अभावे सर्वथैतस्या अहिंसापि न तत्त्वतः ।
सत्यादीन्यपि सर्वाणि नाहिंसासाधनत्वतः ॥ ३ ॥

હિંસાના સર્વથા અભાવને કારણે વાસ્તવિક રીતે અહિંસા પણ સંભવતી નથી, તેથી સત્યાદિ બધાં વ્રતો પણ, અહિંસાના સાધનરૂપ હોવાથી, સંભવતાં નથી. [૩]

ततः सन्नीतितोऽभावादमीषामसदेव हि ।
सर्वं यमाद्यनुष्ठानं मोहसङ्गतमेव वा ॥ ४ ॥

તેથી ન્યાયદૃષ્ટિએ તો અહિંસા આદિના અભાવથી યમ, નિયમાદિક સઘળી ક્રિયા અસત્ય–અભાવરૂપ છે અથવા તે બધી ક્રિયાઓ અજ્ઞાનયુક્ત છે. [૪]

शरीरेणापि सम्बन्धो नात एवास्य सङ्गतः ।
तथा सर्वगतत्त्वाच्च संसारश्चाप्यकल्पितः ॥ ५ ॥

તેથી જ–આત્માને માત્ર નિત્ય માનવાથી જ તેનો શરીર સાથેનો સંબંધ યુક્તિયુક્ત નથી, તેમ જ તે સર્વવ્યાપક હોવાથી તેનું વાસ્તવિક ભવભ્રમણ પણ સંભવી શકતું નથી. [૫]

ततश्चोर्ध्वगतिर्धर्मादधोगतिरधर्मतः ।
ज्ञानान्मोक्षश्च वचनं सर्वमेवौपचारिकम् ॥ ६ ॥

અને તેથી જ "ધર્મથી (આત્માની) ઉર્ધ્વગતિ, અધર્મથી અધોગતિ અને જ્ઞાનથી મુક્તિ થાય છે." એવું શાસ્ત્રવચન ઔપચારિક–કલ્પિત છે. [૬]

भोगाधिष्ठानविषयेऽप्यस्मिन् दोषोऽयमेव तु ।
तद्भेदादेव भोगोऽपि निष्क्रियस्य कुतो भवेत् ॥ ७ ॥

ભોગના આધારભૂત શરીરવિષયક સંસારભ્રમણ સ્વીકાર્યે પણ એ જ દોષ આવે છે, વળી ભોગ પણ ક્રિયાનો એક ભેદ હોવાથી, ક્રિયારહિત આત્માનો તે કેવી રીતે સંભવી શકે ? [૭]

इष्यते चेत् क्रियाप्यस्य सर्वमेवोपपद्यते
मुख्यवृत्त्याऽनघं किन्तु परसिद्धान्तसंश्रयः ॥ ८ ॥

જો એકાન્ત નિત્ય આત્મા (કાંઈક) ક્રિયા પણ કરે છે એમ સ્વીકારવામાં આવે, તો અહિંસા આદિ નિર્દોષ તત્ત્વો વાસ્તવિક–તાત્ત્વિક–અકલ્પિત–દૃષ્ટિએ ઘટી શકે છે પરંતુ (તેમ સ્વીકાર્યે) બીજાના–જૈનોના મતનો સ્વીકાર કરવો પડશે. [૮]

# एकान्तानित्यपक्षखंडनाष्टकम्

## [ १५ ]

**क्षणिकज्ञानसंतानरूपेऽप्यात्मन्यसंशयम् ।**
**हिंसादयो न तत्त्वेन स्वसिद्धान्तविरोधतः ॥१॥**

ક્ષણિકજ્ઞાનસંતાનરૂપ આત્મામાં પણ હિંસાઆદિ વાસ્તવિક રીતે નિ:શંક ઘટી શકતાં નથી, કારણ કે (તેમાં બૌદ્ધોના) પોતાના જ સિદ્ધાંતદ્વારા વિરોધ આવે છે. (૧)

**नाशहेतोरयोगेन क्षणिकत्वस्य संस्थितिः ।**
**नाशस्य चान्यतोऽभावे भवेद्धिंसाप्यहेतुका ॥२॥**

(તેઓ માને છે) 'વિનાશક હેતુનો સંયોગ થયા વિના જ એટલે કે સ્વાભાવિક રીતે જ વસ્તુ ક્ષણિક છે' અને (તેથી આચાર્યનું કહેવું છે કે) બીજા વિનાશક હેતુ દ્વારા કોઇના વિનાશનો અસ્વીકાર કર્યે તો હિંસા નિર્હેતુક સાબિત થશે એટલે કે કોઇપણ પ્રાણી હિંસક નહિ કહેવાય. (૨)

**ततश्चास्या सदा सत्ता कदाचिन्नैव वा भवेत् ।**
**कादाचित्कं हि भवनं कारणोपनिबन्धनम् ॥३॥**

અને તેથી—નિર્હેતુક સાબીત થયે હિંસાનો સદૈવ સદ્ભાવ અથવા તેનો આત્યંતિક અભાવ અનુભવાશે, કારણ કે કયારેક થતી ઉત્પત્તિ તો સકારણ જ હોય છે. (૩)

શંકા—'વસ્તુનો ઉત્પાદક પોતે જ તેનો હિંસક છે' એમ કદાચ બૌદ્ધો કહે, તો પ્રશ્ન એ થાય છે કે ખુદ પદાર્થનો જનક અથવા પદાર્થના સંતાનનો જનક એ બે પ્રકારના

જનકમાંથી કયો જનક હિંસક છે? સંતાનનો જનક હિંસક છે એમ તેઓ કહેતા હોય તો તેનો ઉત્તર આ રહ્યો.

**न च सन्तानभेदस्य जनको हिंसको भवेत् ।**
**सांवृतत्वान्न जन्यत्वं यस्मादस्योपपद्यते ॥४॥**

જનક–ઉત્પાદક ( કોઇ બીજો પદાર્થ) તે પ્રવાહનો હિંસક નહિ ગણાય, કારણ કે પ્રવાહ–સંતાન સાંવૃત–કાલ્પનિક હોવાથી જન્ય નહિ બની શકે. (૪)

હવે જો તેઓ એમ કહેતા હોય કે પદાર્થનો જનક હિંસક છે, તો તેનો ઉત્તર પણ આચાર્ય આપે છે કે–

**न च क्षणविशेषस्य तेनैव व्यभिचारतः ।**
**तथा च सोऽप्युपादानभावेन जनको मतः ॥५॥**

અમુક–પદાર્થનો ઉત્પાદક તેનો હિંસક છે એમ પણ નહિ કહી શકાય, કારણ કે નાશ પામતો પદાર્થ પોતે ઉપાદાન ભાવે (ઉત્તરવર્તી) પદાર્થનો જનક છે એમ તમે માનો છો તેથી ખુદ પદાર્થદ્વારાજ વિસંવાદ ઊભો થશે એટલે કે પોતે જ પોતાનો હિંસક બનશે. (૫)

**तस्यापि हिंसकत्वेन न कश्चित्स्यादहिंसकः ।**
**जनकत्वाविशेषेण नैवं तद्विरतिः क्वचित् ॥६॥**

દરેક વસ્તુ જનકરૂપ હોવાથી તે દરેકનો હિંસક તરીકે સ્વીકાર કરીએ તો કોઇપણ માણસ–ખુદ બુદ્ધ પણ–અહિંસક નહી રહી શકે અને એ રીતે તો હિંસાનો અભાવ ક્યારેય નહિ સંભવે અર્થાત્ અહિંસા જેવા તત્વનું અસ્તિત્વજ નહિ રહે. (૬)

उपन्यासश्च शास्त्रेऽस्याः कृतो यत्नेन चिन्त्यताम् ।
विषयोऽस्य यमासाद्य हन्तैष सफलो भवेत् ॥७॥

અને બૌદ્ધશાસ્ત્રમાં તો અહિંસાનો ઉલ્લેખ કરેલો છે જ. તેથી આ ઉલ્લેખના વિષય–અહિંસા સંબંધી ગંભીરપણે વિચાર કરવો જોઇએ, કે જે વિષયને–અહિંસાને મેળવીને ( બિચારો ) ઉલ્લેખ સફળ–સાર્થક બને. (૭)

अभावेऽस्या न युज्यन्ते सत्यादीन्यपि तत्त्वतः ।
अस्याः संरक्षणार्थं तु यदेतानि मुनिर्जगौ ॥८॥

અહિંસાના અભાવમાં સત્યાદિ તત્વો પણ વાસ્તવિક રીતે નહિ ઘટે, કારણ કે એ બધાં (ભગવતી) અહિંસાના સંરક્ષણ (અને પોષણ) માટે છે એમ જિનેશ્વરદેવે કહેલ છે. (૮)

---

## नित्यानित्यपक्षमंडनाष्टकम्

[ १६ ]

नित्यानित्ये तथा देहाद् भिन्नाभिन्ने च तत्त्वतः।
घटन्त आत्मनि न्यायाद्धिंसादीन्यविरोधतः ॥१॥

નિત્યાનિત્ય તથા દેહથી ભિન્નાભિન્ન આત્મામાં ન્યાય દૃષ્ટિએ–તેના નિત્યાનિત્ય સ્વરૂપની દૃષ્ટિએ (કોઇ પ્રકારના) વિરોધ વિના વાસ્તવિક રીતે હિંસાદિ ઘટે છે. (૧)

पीडाकर्तृत्वयोगेन देहव्यापत्त्यपेक्षया ।
तथा हन्मीति सङ्क्लेशाद्धिंसैषा सनिबन्धना ॥२॥

દુ:ખના કર્તાપણાના સંબંધની તથા દેહના થતા નાશની અપેક્ષાએ (મારનારમાં) 'હું હણું છું' એવું મનોમાલિન્ય દેખાય છે, તેથી હિંસા સકારણ છે. (૨)

**हिंस्यकर्मविपाकेऽपि निमित्तत्वनियोगतः ।**
**हिंसकस्य भवेदेषा दुष्टा दुष्टानुबन्धतः ॥३॥**

હિંસ્ય પ્રાણીના કર્મોનો ઉદય ( હિંસામાં પ્રધાન કારણ) હોવા છતાં ય હિંસક તેમાં નિમિત્તરૂપ હોવાથી તેને હિંસા લાગે છે, પણ તે હિંસા દુષ્ટચિત્તપૂર્વક કરાય તો જ દુષ્ટ–સદોષી કહેવાય છે. (૩)

**ततः सदुपदेशादेः क्लिष्टकर्मवियोगतः ।**
**शुभभावानुबन्धेन हन्ताऽस्या विरतिर्भवेत् ॥४॥**

તેવી જ રીતે સદુપદેશાદિદ્વારા, ક્લિષ્ટ કર્મોના ક્ષયને કારણે તથા શુભ ભાવો–અધ્યવસાયો દ્વારા હિંસાની નિવૃત્તિ થાય છે. (૪)

**अहिंसैषा मता मुख्या स्वर्गमोक्षप्रसाधनी ।**
**एतत्संरक्षणार्थं च न्याय्यं सत्यादिपालनम् ॥५॥**

સ્વર્ગ તથા મોક્ષમાં સાધનભૂત (હિંસાવિરતિરૂપ) આ અહિંસા જ મુખ્ય છે અને તેથી અહિંસા વ્રતના સંરક્ષણ માટે સત્યાદિવ્રતોનું પાલન પણ યુક્ત છે. (૫)

**स्मरणप्रत्यभिज्ञानदेहसंस्पर्शवेदनात् ।**
**अस्य नित्यादिसिद्धिश्च तथा लोकप्रसिद्धितः ॥६॥**

સ્મરણ–અતીત કાળમાં અનુભવેલ વસ્તુની વર્તમાનમાં યાદિ–ચિંતન, પ્રત્યભિજ્ઞાન–ભૂતકાળમાં અનુભવેલ વસ્તુ સાથે વર્તમાનમાં ઉપસ્થિત વસ્તુના સંબંધનું જ્ઞાન, અને દેહ સાથેના સ્પર્શથી થતા જ્ઞાન દ્વારા તેમજ લોકાનુભવ દ્વારા આત્મા નિત્યાનિત્યરૂપે તથા દેહથી ભિન્નાભિન્નરૂપે સિદ્ધ થાય છે. (૬)

**देहमात्रे च सत्यस्मिन् स्यात्सङ्कोचादिधर्मिणि ।**
**धर्मादेरूर्ध्वगत्यादि यथार्थं सर्वमेव तत् ॥७॥**

"ધર્મથી ઊર્ધ્વગતિ થાય છે, (અધર્મથી અધોગતિ થાય છે) વગેરે" દેહપરિમાણરૂપ, સંકોચ વિસ્તારાદિ ધર્મોવાળા આત્મામાં વાસ્તવિક રીતે ઘટે છે. (૭)

**विचार्यमेतत् सद्बुद्धया मध्यस्थेनान्तरात्मना ।**
**प्रतिपत्तव्यमेवेति न खल्वन्यः सतां नयः ॥८॥**

(તેથી) મધ્યસ્થ અંતરાત્માએ–જીવે પોતાની સદ્બુદ્ધિ દ્વારા અહિંસા વગેરેનો વિચાર કરી તેનો સ્વીકાર કરવો જોઇએ. સત્પુરુષોને માટે ખરેખર બીજો એકેય ન્યાય–નીતિ–રસ્તો નથી. (૮)

---

## मांसभक्षणदूषणाष्टकम्

[ १७ ]

**भक्षणीयं सता मांसं प्राण्यङ्गत्वेन हेतुना ।**
**ओदनादिवदित्येवं कश्चिदाहातितार्किकः ॥१॥**

કોઈ અતિતાર્કિક-શુષ્કબુદ્ધિવાદી (બૌદ્ધ) કહે છે કે સત્પુરુષોએ ભાત વગેરેની માફક માંસ ખાવું જોઈએ, કારણ કે તે પ્રાણીનું અંગ છે. (૧)

**भक्ष्याभक्ष्यव्यवस्थेह शास्त्रलोकनिबन्धना।**
**सर्वैव भावतो यस्मात्तस्मादेतदसाम्प्रतम् ॥२॥**

(પણ) તે હેતુ બરાબર નથી કારણ કે સર્વ પ્રકારની ભક્ષ્યાભક્ષ્ય (પેયાપેય) વગેરેની વ્યવસ્થામાં વાસ્તવિક રીતે શાસ્ત્ર તથા લોકવ્યવહાર કારણ છે. (૨)

**तत्र प्राण्यङ्गमप्येकं भक्ष्यमन्यत्तु नो तथा।**
**सिद्धं गवादिसत्क्षीररुधिरादौ तथेक्षणात् ॥३॥**

(વળી) લોકવ્યવહારમાં પ્રાણીનાં અંગો પણ અમુક ભક્ષ્ય અને અમુક અભક્ષ્યરૂપે પ્રસિદ્ધ છે. કારણ કે ગાય વગેરેનાં શુદ્ધ દૂધ, લોહી (અસ્થિ) વગેરેમાં ભક્ષ્યાભક્ષ્યપણું દેખાય છે. (૩)

**प्राण्यङ्गत्वेन न च नोऽभक्षणीयमिदं मतम्।**
**किन्त्वन्यजीवभावेन तथा शास्त्रप्रसिद्धितः ॥४॥**

વળી માંસ પ્રાણીના અંગરૂપ છે તેથી તે અભક્ષ્ય છે એવું અમારું માનવું નથી, પણ તે સ્વયં અન્યજીવરૂપ છે માટે અભક્ષ્ય છે; કારણ કે આગમમાં પણ એવું જ પ્રસિદ્ધ છે. (૪)

**भिक्षुमांसनिषेधोऽपि न चैवं युज्यते क्वचित्।**
**अस्थ्याद्यपि च भक्ष्यं स्यात्प्राण्यङ्गत्वाविशेषतः ॥५॥**

અને એ રીતે તો (પવિત્ર) ભિક્ષુના માંસનો નિષેધ

પણ કદિ વ્યાજબી ઠરતો નથી, તેમજ (અભક્ષ્ય) હાડકાં વગેરે પણ ભક્ષ્ય બનશે કારણ કે પ્રાણીનાં અંગરૂપે બધાં સરખાં છે. (૫)

**एतावन्मात्रसाम्येन प्रवृत्तिर्यदि चेष्यते ।**
**जायायां स्वजनन्यां च स्त्रीत्वात्तुल्यैव साऽस्तु ते ॥६॥**

જો માત્ર પ્રાણીના અંગ તરીકેના સામ્યને કારણે (માંસ ભક્ષણની) પ્રવૃત્તિ તમને માન્ય છે, તો સ્ત્રીત્વ (સામાન્ય) હોવાને કારણે પોતાની પત્ની અને માતા બન્ને સાથે તમારો સમાન–પત્નીરૂપ અથવા માતારૂપ–વ્યવહાર થવો જોઇએ. (૬)

**तस्माच्छास्त्रं च लोकं च समाश्रित्य वदेद् बुधः ।**
**सर्वत्रैवं बुधत्वं स्यादन्यथोन्मत्ततुल्यता ॥७॥**

તેટલા માટે ડાહ્યા માણસે શાસ્ત્રવચન અને લોકવ્યવહાર–મહાજનવ્યવહારનો આધાર લઇને (ભક્ષ્યાભક્ષ્યાદિ) બધા વ્યવહારમાં બોલવું. એ રીતમાં જ તેનું ડહાપણ છે નહિ તો તે ઉન્મત્ત તુલ્ય છે. (૭)

**शास्त्रे चाप्तेन वोऽप्येतन्निषिद्धं यत्नतो ननु ।**
**लङ्कावतारसूत्रादौ ततोऽनेन न किञ्चन ॥८॥**

'લંકાવતારસૂત્ર'આદિ શાસ્ત્રોમાં તમારા આપ્ત પુરુષે–બુદ્ધદેવે પણ આદરપૂર્વક માંસભક્ષણનો નિષેધ કરેલ છે, તેથી માંસભક્ષણ માટેના તર્કનું કશું પ્રયોજન (કે કિંમત) નથી. (૮)

---

# मांसभक्षणदूषणाष्टकम्

## [ १८ ]

अन्योऽविमृश्य शब्दार्थं न्याय्यं स्वयमुदीरितम् ।
पूर्वापरविरुद्धार्थमेवमाहात्र वस्तुनि ॥१॥
"न मांसभक्षणे दोषो न मद्ये न च मैथुने ।
प्रवृत्तिरेषा भूतानां निवृत्तिस्तु महाफला" ॥२॥
"मां स भक्षयिताऽमुत्र यस्य मांसमिहाद्म्यहम् ।
एतन्मांसस्य मांसत्वं प्रवदन्ति मनीषिणः" ॥३॥

અન્ય—બ્રાહ્મણોએ સ્વયં 'માંસ' શબ્દનો અર્થ ન્યાયસંગત કહેલ છે, છતાં પૂરો વિચાર કર્યા વિના માંસભક્ષણની બાબતમાં તેઓ પરસ્પર વિરુદ્ધ અર્થ આ રીતે કહે છે.

"માંસભક્ષણમાં દોષ નથી, મદ્યપાન કે મૈથુનસેવનમાં પણ દોષ નથી; ( કારણ કે ) પ્રાણીઓની એ પ્રવૃત્તિ સ્વાભાવિક છે. છતાં પણ તેમનો ત્યાગ મહા ફલદાયી છે".

"જેનું માંસ હું અહીં ખાઉં છું, તે મને જન્માંતરમાં ખાશે" એ 'માંસ' શબ્દનું માંસત્વછે–વ્યુત્પત્ત્યર્થકભાવ છે એમ વિદ્વાન માણસો–વ્યુત્પત્તિવિશારદો વદે છે". (૧–૨–૩)

નીચેના બે શ્લોકોમાં પરસ્પરના વિસંવાદને દૂર કરવા બ્રાહ્મણોવતી આચાર્ય કહે છે–

૧. મનુસ્મૃતિ અધ્યાય ૫. શ્લોક ૫૬.
૨. મનુસ્મૃતિ અધ્યાય ૫. શ્લોક૫૫.

इत्थं जन्मैव दोषोऽत्र न शास्त्राद्बाह्यभक्षणम् ।
प्रतीत्यैष निषेधश्च न्याय्यो वाक्यान्तराद्गतेः ॥४॥
"प्रोक्षितं भक्षयेन्मांसं ब्राह्मणानां च काम्यया ।
यथाविधि नियुक्तस्तु प्राणानामेव वाऽत्यये"[1] ॥५॥

(વ્યુત્પત્તિની અપેક્ષાએ) ભક્ષકના ભક્ષ્ય તરીકે જન્મવારૂપ દોષ અહીં-શાસ્ત્રસમ્મત માંસભક્ષણમાં વ્યાજબી નથી (પણ) શાસ્ત્રમાં નહિ કહેવાએલા માંસભક્ષણની અપેક્ષાએ (ઉક્ત) દોષ તથા માંસભક્ષણનો નિષેધ વ્યાજબી છે; કારણ કે શાસ્ત્રનાં બીજાં વાક્યોથી શાસ્ત્રસમ્મત માંસભક્ષણની સિદ્ધિ થાય છે. (મનુસ્મૃતિ જ કહે છે કે નીચેને ચાર પ્રસંગે દરેક માણસે માંસ અવશ્ય ખાવું.)

"(દરેક માણસે) (૧) પ્રોક્ષિત માંસ-વૈદિક મંત્રોદ્વારા 'પ્રોક્ષણ' નામક સંસ્કાર પામ્યા પછી યજ્ઞમાં હણાયેલ પશુનું માંસ ખાવું (૨) બ્રાહ્મણોની ઈચ્છાખાતર (એકવખત) માંસ ખાવું (૩) (વ્યાધિને કારણે કે બીજા ખોરાકના અભાવમાં) પ્રાણોનો-દેહનો નાશ થતો દેખાય ત્યારે માંસ ખાવું તથા (૪) (શ્રાદ્ધ વગેરેમાં) શાસ્ત્રવિધિ અનુસાર આમંત્રણ અપાયેલ-જોડાયેલ માણસે (તેમાં વપરાતું) માંસ ખાવું."

આચાર્ય ઉત્તર આપે છે—

अत्रैवासावदोषश्चेन्निवृत्तिर्नास्य सज्यते ।
अन्यदाऽभक्षणादत्राभक्षणे दोषकीर्तनात् ॥६॥

---

૧. મનુ સ્મૃ૦ અ૦ ૫. શ્લો. ૨૭ અહીં 'वाऽत्यये' ને બદલે 'चाऽत्यये' પાઠ છે તથા સરખાવો યાજ્ઞવલ્કય સ્મૃતિ અધ્યાય ૧ શ્લો. ૧૭૯.

"यथाविधि नियुक्तस्तु यो मांसं नात्तिवैद्विजः।
स प्रेत्य पशुतां याति सम्भवानेकविंशतिम्" ॥७॥

('न मांस भक्षणे दोषः' એ વચનનો જો એ અર્થ હોય કે) શાસ્ત્રવિહિત માંસભક્ષણમાં જ દોષ નથી, તો માંસભક્ષણનો ત્યાગ કદી નહિ થાય; કારણ કે શાસ્ત્રવિહિત પ્રસંગો સિવાય તેનું (સર્વથા) અભક્ષણ કહેલ છે જ તથા શાસ્ત્રવિહિત પ્રસંગે તેના અભક્ષણમાં (શાસ્ત્રે) દોષ કહેલ છે. (જેમ કે) "યથાવિધિ પ્રવૃત્ત કરાવાએલ જે બ્રાહ્મણ માંસ ખાતો નથી તે પરલોકમાં–જન્માન્તરમાં ૨૧ ભવ સુધી પશુતા પામે છે" (તેથી જે પ્રકારના ભક્ષણનો સર્વથા નિષેધ છે, તેને માટેનું 'निवृत्तिस्तु महाफला' એ કથન નિરર્થક છે અને જેનો ત્યાગ કરવાથી દોષ લાગે છે તેનો ત્યાગ નિરર્થક છે, માટે માંસ-ભક્ષણનો ત્યાગ કદિ નહિ થઈ શકે.) (૬–૭)

[ 'निवृत्तिस्तु महाफला' એ સ્મૃતિવાક્ય નિરર્થક છે એમ ઉપરના શ્લોકમાં સિદ્ધ થવા છતાં ય જો તમે એમ કહેતા હો કે 'નિવૃત્તિ' નો અર્થ પરિવ્રાજકતા–સાધુપણું–ગૃહસ્થાશ્રમનો ત્યાગ એટલે કે હિંસાદિનો ત્યાગ એમ સમજવાનું છે માટે સ્મૃતિવાક્ય સાર્થક છે, તો આચાર્ય તેનો ઉત્તર નીચે આપે છે કે નિવૃત્તિ ને સાર્થક સિદ્ધ

---

૧. મનુસ્મૃ. અ. ૫. શ્લોક. ૩૫; પરંતુ શ્લોકનો પૂર્વાર્ધ આ પ્રમાણે છે—

नियुक्तस्तु यथान्यायं यो मांसं नात्ति मानवः ।

ઉક્ત સ્મૃતિઓના અનુસંધાન ઉપરથી સ્મૃતિપાઠ વધારે ઠીક લાગે છે; પણ આ 'અષ્ટક પ્રકરણ' ઉપર વિ. સં. ૧૦૮૦માં વૃત્તિ લખનાર શ્રી જિનેશ્વરસૂરિ એ અષ્ટક પ્રકરણ'ના પાઠ ઉપર જ વૃત્તિ લખેલ છે. તેથી પાઠ બહુ જૂનો હોઇને જેમનો તેમ રાખેલ છે.

કરવા જતાં માંસ ભક્ષણ સદોષ છે એમ સિદ્ધ થઇ જાય છે, જે તમને ઇષ્ટ નથી. ]

**पारिव्राज्यं निवृत्तिश्चेद्यस्तदप्रतिपत्तितः।**
**फलाभावः स एवाऽस्य दोषो निर्दोषतैव न।८॥**

( શાસ્ત્રવિહિત હિંસાના ત્યાગ પછી જ પરિવ્રાજક થવાનું હોવાથી ) પરિવ્રાજકતા પોતે જ (માંસભક્ષણાદિના) ત્યાગરૂપ છે એવું (જો તમારું કથન) હોય તો પરિવ્રાજકતાના અનંગીકારને કારણે થતો (તેના) ફળનો અભાવ જ વિહિતમાંસભક્ષણનો દોષ છે, તેથી તેની નિર્દોષતા છે જ નહિ. (૮)

---

## मद्यपानदूषणाष्टकम्

[ १९ ]

**मद्यं पुनः प्रमादाङ्गं तथा सच्चित्तनाशनम्।**
**सन्धानदोषवत्तत्र न दोष इति साहसम्॥१॥**

વળી મદ્ય પ્રમાદનું કારણ છે, શુભચિત્તનું વિનાશક છે તથા ( અનેક ચીજોના મિશ્રણથી તે બનતું હોવાથી ) સોડકર્મના દોષવાળું છે ( તેથી ) 'તેમાં દોષ નથી' એ કહેવું માત્ર સાહસ–ધૃષ્ટતા જ છે. (૧)

**किं वेह बहुनोक्तेन प्रत्यक्षेणैव दृश्यते।**
**दोषोऽस्य वर्तमानेऽपि तथा भण्डनलक्षणः॥२॥**

અથવા ( મદ્યવિષે ) બહુ બોલવાની જરૂર નથી, કારણકે વર્તમાનકાળમાં પણ તેનો (યાદવાસ્થળી જેવી) લડાઇરૂપ દોષ પ્રત્યક્ષ રીતે દેખાય છે. (૨)

श्रूयते च ऋषिर्मद्यात् प्राप्तज्योतिर्महातपाः ।
स्वर्गाङ्गनाभिराक्षिप्तो मूर्खवन्निधनं गतः ॥३॥

વળી એવું કહેવાય છે કે કોઈ એક મહાતપસ્વી, (જ્ઞાન-રૂપ) પ્રકાશને પામેલ ઋષિ સ્વર્ગસુંદરીઓથી મોહાઇને મદ્યપાન કરવાથી મૂર્ખની માફક મરણને શરણ થયો. (૩)

कश्चिदृषिस्तपस्तेपे भीत: इन्द्रः सुरस्त्रियः ।
क्षोभाय प्रेषयामास, तस्यागत्य च तास्तकम् ॥४॥

विनयेन समाराध्य वरदाभिमुखं स्थितम् ।
जगुर्मद्यं तथा हिंसां सेवस्वाब्रह्म वेच्छया ॥५॥

स एवं गदितस्ताभिर्द्वयोर्नरकहेतुताम् ।
आलोच्य मद्यरूपं च शुद्धकारणपूर्वकम् ॥६॥

मद्यं प्रपद्य तद्भोगान्नष्टधर्मस्थितिर्मदात् ।
विदंशार्थमजं हत्वा सर्वमेव चकार सः ॥७॥

ततश्च भ्रष्टसामर्थ्यः स मृत्वा दुर्गतिं गतः ।
इत्थं दोषाकरो मद्यं विज्ञेयं धर्मचारिभिः ॥८॥

કોઇ એક ઋષિએ મહાતપ તપ્યું (તેથી) ભયભીત થએલ ઇન્દ્રે ઋષિના વિચલન માટે સુરસુંદરીઓને મોકલી. ત્યાં આવીને તેમણે ઋષિને વિનયથી પ્રસન્ન કર્યા પછી ઈચ્છિત આપવા તત્પર થએલ તેની પાસે વચન માગ્યું 'આપ મદ્યનું, હિંસાનું અથવા મૈથુનનું સેવન કરો.' આ પ્રમાણે કહેવાએલ તે ઋષિએ, હિંસા તથા મૈથુનને નરકના કારણરૂપ તથા મદ્યને (જુદી જુદી વસ્તુઓના મિશ્રણથી બનતું હોવાથી)

શુદ્ધ કારણોવાળું સમજીને મદ્યપાન કર્યું, પછી તેના ઉપભોગથી (થએલ) મદથી ઉપશાંત થવા માટે એક બકરાનો વધ કરીને નષ્ટધર્મી તે ઋષિએ બધું (અનર્થકાર્ય) કર્યું અને તેથી તપશક્તિથી ભ્રષ્ટ થએલ તે મરીને દુર્ગતિમાં ગયો. આ રીતે ધર્માચરણ કરનારાઓએ મદ્યને દોષોની ખાણ સમજવી. (૪–૮)

---

# मैथुनदूषणाष्टकम्

[२०]

रागादेव नियोगेन मैथुनं जायते यतः ।
ततः कथं न दोषोऽत्र येन शास्त्रे निषिध्यते ॥१॥

મૈથુન હમેશાં રાગના ઉદયથી જ થાય છે, તેથી તેના સેવનમાં દોષ કેવી રીતે નથી સંભવતો કે જેથી શાસ્ત્રમાં તેનો –દોષનો નિષેધ કરાયો છે? અર્થાત્ દોષ સંભવે જ છે માટે શાસ્ત્રોક્ત દોષાભાવ અનુચિત છે. (૧)

શાસ્ત્રસમ્મત અમુકપ્રકારનું મૈથુન દોષવાળું નથી એવા કથનનો આચાર્ય ઉત્તર આપે છે.

धर्मार्थं पुत्रकामस्य स्वदारेष्वधिकारिणः ।
ऋतुकाले विधानेन यत्स्याद्दोषो न तत्र चेत् ॥२॥

नापवादिककल्पत्वान्नैकान्तेनेत्यसङ्गतम् ।
वेदं ह्यधीत्य स्नायाद्यदधीत्यैवेति शासितम् ॥३॥

ધર્મ કાજે-પુણ્ય કાજે પુત્રની કામનાવાળા, અધિકારી ગૃહસ્થનું પોતાની સ્ત્રી સાથે ઋતુકાળમાં યથાવિધિ જે મૈથુન થાય તે મૈથુનમાં દોષ નથી એમ જો કહો તો તે બરાબર નથી, કારણ કે તે મૈથુન આપવાદિક આચારરૂપ છે, તેથી તે સર્વથા નિર્દોષ છે એ સંગત નથી. કહ્યું છે કે ( સ્ત્રીસંગની ઈચ્છાવાળાએ ) વેદને ભણીને સ્નાન કરવું. ( 'અધીત્ય'= 'ભણીને' શબ્દ ઉપર વ્યાખ્યા કરતાં ) વ્યાખ્યાકાર કહે છે કે 'અધીત્યૈવ-ભણીને જ' ભણ્યા વિના નહિ; અર્થાત્ વેદાધ્યયન અનિવાર્ય છે, મૈથુન નહિ માટે તે આપવાદિક છે. (૨-૩)

स्नायादेवेति न तु यत्ततो हीनो गृहाश्रमः ।
तत्र चैतदतो न्यायात्प्रशंसाऽस्य न युज्यते ॥४॥

વળી સ્નાન કરવું જ જોઇએ એવું ( અનિવાર્ય ) નથી, માટે ગૃહસ્થાશ્રમ બ્રહ્મચર્યાશ્રમ કરતાં ઉતરતો છે અને ઉક્ત નિર્દોષ મૈથુન ગૃહાશ્રમમાં જ સંભવે છે તેથી ન્યાય-દૃષ્ટિએ-પારમાર્થિક દૃષ્ટિએ મૈથુનની પ્રશંસા વ્યાજબી નથી.

પ્રશંસાનું વ્યાજબીપણું સિદ્ધ કરનારને આચાર્ય ઉત્તર આપે છે.

अदोषकीर्तनादेव प्रशंसा चेत् कथं भवेत् ।
अर्थापत्त्या सदोषस्य दोषाभाव प्रकीर्तनात् ॥५॥

'न च मैथुने' 'મૈથુન સેવનમાં દોષ નથી' એવા દોષનિ-ષેધક કથનથી જ તેની પ્રશંસા (વ્યાજબી સિદ્ધ) થાય છે એમ જો તમે માનતા હો તો અર્થાપત્યા-વેદાર્થકથન દ્વારા સદોષી ( સિદ્ધ થએલ ) મૈથુનની નિર્દોષતાનાં ગાન માત્રથી તેની પ્રશંસા

કેવી રીતે સંભવે? અર્થાત્ વેદ પ્રમાણુ દ્વારા જે સદોષી સિદ્ધ થએલ છે તે અન્ય પ્રમાણદ્વારા નિર્દોષી બની શકે જ નહિ, તેથી તેની પ્રશંસા પણ સંભવી શકે નહિ. (૫)

तत्र प्रवृत्तिहेतुत्वात्त्याज्यबुद्धेरसम्भवात् ।
विध्युक्तेरिष्टसंसिद्धेरुक्तिरेषा न भद्रिका ॥६॥

'મૈથુનમાં દોષ નથી' એ કથન હિતકર નથી, કારણ કે તેવું કથન (મૈથુન) ત્યાજ્ય છે એવી બુધ્ધિ ઉત્પન્ન થવા દેતું નહિ હોવાથી (મૈથુન) પ્રવૃત્તિમાં હેતુભૂત બને છે, તથા મૈથુન-સેવનની આજ્ઞારૂપ હોવાથી, તે વડે (મૈથુન સેવનરૂપ) ઈષ્ટસિદ્ધિ થાય છે. (૬)

प्राणिनां बाधकं चैतच्छास्त्रे गीतं महर्षिभिः ।
नलिकातप्तकणकप्रवेशज्ञाततस्तथा ॥७॥

(મહાવીરાદિ) મહર્ષિઓએ શાસ્ત્રોમાં કહેલ છે કે જેવી રીતે વાંસની અથવા બરુની નળીમાં ધગધગતા લોઢાના સળિયાનો પ્રવેશ નળીમાંના જીવોનો વિઘાતક થાય છે તેવી રીતે મૈથુન પ્રાણીઓનું બાધક-વિઘાતક બને છે. (૭)

मूलं चैतदधर्मस्य भवभावप्रवर्धनम् ।
तस्माद्विषान्नवत्त्याज्यमिदं मृत्युमनिच्छता ॥८॥

મૈથુન અધર્મનું મૂળ છે તથા સંસારભાવ વધારનાર છે તેથી મૃત્યુને નહિ ઇચ્છનારે-મોક્ષાભિલાષીએ તેને વિષ મિશ્ર અન્નની માફક તજવું જોઇએ. (૮)

# सूक्ष्मबुद्ध्याश्रयणाष्टकम्

[ २१ ]

सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो धर्मो धर्मार्थिभिर्नरैः ।
अन्यथा धर्मबुद्ध्यैव तद्विघातः प्रसज्यते ॥१॥

गृहीत्वा ग्लानभैषज्यप्रदानाभिग्रहं यथा ।
तदप्राप्तौ तदन्तेऽस्य शोकं समुपगच्छतः ॥२॥

ધાર્મિક પુરુષોએ ધર્મને હમેશાં વિવેકબુદ્ધિવડે વિચારવો, નહિ તો બિમારને ઔષધ વગેરે આપવાનો અભિગ્રહ ગ્રહણ કરીને બિમાર ન મળ્યે અથવા બિમારને (દવા) આપી લીધા પછી શોક કરનાર અભિગ્રહધારીની માફક ધર્મબુદ્ધિદ્વારા પણ ધર્મનો વિઘાત થાય છે. (૧-૨)

गृहीतोऽभिग्रहः श्रेष्ठो, ग्लानो जातो न च क्वचित् ।
अहो मेऽधन्यता कष्टं, न सिद्धमभिवाञ्छितम् ॥३॥

ગ્રહણ કરેલ અભિગ્રહ શ્રેષ્ઠ છે પણ ક્યારેક કોઈ પણ બિમાર ન હોય (ત્યારે તે એમ વિચારે કે) અહો હું અધન્ય છું, અફસોસ છે કે ઇષ્ટસિદ્ધિ ન થઈ (૩)

एवं ह्येतत्समादानं ग्लानभावाभिसन्धिमत् ।
साधूनां तत्त्वतो यत्तद्दुष्टं ज्ञेयं महात्मभिः ॥४॥

ઉપર્યુક્ત રીતે ગ્લાનભાવની અભિસંધિવાળું-ઇચ્છાકરતું સાધુઓનું જે અભિગ્રહગ્રહણ છે, તેને મહાત્માપુરુષોએ દુષ્ટ સમજવું. (૪)

लौकिकैरपि चैषोऽर्थो दृष्टः सूक्ष्मार्थदर्शिभिः ।
प्रकारान्तरतः कैश्चिदत एतदुदाहृतम् ॥५॥
"अङ्गेष्वेव जरां यातु यत्त्वयोपकृतं मम ।
नरः प्रत्युपकाराय विपत्सु लभते फलम्" ॥६॥

વળી ( વાલ્મીકિ વગેરે ) કેટલાક સૂક્ષ્મબુદ્ધિવાળા ( જૈનેતર ) વિદ્વાનોએ પણ બીજી રીતે એ જ અર્થ સમજેલો છે તેથી તેમણે ( વાલીના મુખમાં ) નીચેનું મૂકેલ છે કે—

"ઉપકૃત માણસ પ્રત્યુપકારનું ફળ ઉપકારીની મુશ્કેલી વખતે મેળવે છે, ( અને ) તેં ( રામચંદ્રે ) મારા ઉપર ( અતિ ) ઉપકાર કર્યો છે, તેથી ( બદલો વાળવા સારુ હું તને મુશ્કેલીમાં દેખવાની ભાવના-ઇચ્છા સરખી પણ ન કરી શકું તે માટે ) મારા ગાત્રોમાં ઘડપણ ઘર કરો." (૫-૬)

एवं विरुद्धदानादौ हीनोत्तमगतेः सदा ।
प्रव्रज्यादिविधाने च शास्त्रोक्तन्यायबाधिते ॥७॥
द्रव्यादिभेदतो ज्ञेयो धर्मव्याघात एव हि ।
सम्यग्माध्यस्थ्यमालम्ब्य श्रुतधर्मव्यपेक्षया ॥८॥

એવી જ રીતે નિષિદ્ધ દાનાદિનું સેવન કરવામાં તેમ શાસ્ત્રે કહેલા નિયમો વિરુદ્ધ દીક્ષાદિ દેવામાં (હીન વસ્તુ અથવા પાત્રને) હમેશાં ઉત્તમ સમજાય છે, તેથી આગમાનુસાર (વર્ણવાએલા) સમ્યક્ સમભાવની અપેક્ષાએ ધર્મનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવથી નાશ જ થાય છે એમ સમજવું. (૭-૮)

# भावविशुद्धिविचाराष्टकम्

[२२]

भावशुद्धिरपि ज्ञेया यैषा मार्गानुसारिणी ।
प्रज्ञापनाप्रियात्यर्थं न पुनः स्वाग्रहात्मिका ॥१॥

જે મોક્ષમાર્ગને અનુસરનારી છે, જેને આગમોપદેશ અતિપ્રિય છે અને જે સ્વમતાગ્રહી નથી, તેવી ભાવવિશુદ્ધિને પણ જાણવી જોઈએ. (૧)

रागो द्वेषश्च मोहश्च भावमालिन्यहेतवः ।
एतदुत्कर्षतो ज्ञेयो हन्तोत्कर्षोऽस्य तत्त्वतः ॥२॥

રાગ, દ્વેષ અને મોહ આત્મભાવોની મલિનતાના હેતુરૂપ છે ( તેથી ) વાસ્તવિક રીતે તેમના ઉત્કર્ષથી મલિનતાનો ઉત્કર્ષ સમજવો. (૨)

तथोत्कृष्टे च सत्यस्मिन् शुद्धिर्वै शब्दमात्रकम् ।
स्वबुद्धिकल्पनाशिल्पनिर्मितं नार्थवद्भवेत् ॥३॥

અને તેથી જો મોહ તીવ્રતમ હોય તો ભાવશુદ્ધિ માત્ર પોતાની સ્વતંત્ર બુદ્ધિકલ્પનાના કૌશલદ્વારા રચેલ, અર્થ રહિત શબ્દચિત્રરૂપ (બની જાય) છે. ૩)

न मोहोद्रिक्तताऽभावे स्वाग्रहो जायते क्वचित् ।
गुणवत्पारतन्त्र्यं हि तदनुत्कर्षसाधनम् ॥ ४ ॥

(અને) જો મોહાદિની ઉત્કટતા ન હોય તો (ભાવમાલિન્યરૂપ) સ્વમતાગ્રહ ક્યારેય ઉત્પન્ન થતો નથી, (માટે

મોહનો હ્રાસ કરવો જોઈએ) અને મોહના હ્રાસનું કારણ ગુણીજનોને અધીન રહેવું એ છે. (૪)

**अत एवागमज्ञोऽपि दीक्षादानादिषु ध्रुवम् ।**
**क्षमाश्रमणहस्तेनेत्याह सर्वेषु कर्मसु ॥ ५ ॥**

તેથી જ આગમજ્ઞ સાધુ પણ કહે છે 'દીક્ષાપ્રદાન વગેરે બધાં કામો સ્વગુરુહસ્તે જ કરાવવાં જોઈએ.' (૫)

**इदं तु यस्य नास्त्येव स नोपायेऽपि वर्तते ।**
**भावशुद्धेः स्वपरयोर्गुणाद्यज्ञस्य सा कुतः ॥ ६ ॥**

સ્વપરના ગુણાગુણને નહિ જાણનાર જે માણસમાં ગુણીજનાધીનતા નથી તે માણસ ભાવશુદ્ધિના (ગુણીજનાધીનતારૂપ) ઉપાયને પણ (હજુ) પામ્યો નથી તો ભાવશુદ્ધિ તો ક્યાંથી પામે ? અર્થાત્ ન પામે. (૬)

**तस्मादासन्नभव्यस्य प्रकृत्या शुद्धचेतसः ।**
**स्थानमानान्तरज्ञस्य गुणवद्बहुमानिनः ॥ ७ ॥**
**औचित्येन प्रवृत्तस्य कुग्रहत्यागतो भृशम् ।**
**सर्वत्रागमनिष्ठस्य भावशुद्धिर्यथोदिता ॥ ८ ॥**

તેથી નજીકના સમયમાં–જલદી મોક્ષે જનાર સ્વભાવથી જ શુદ્ધિચિત્તવાળા, (સ્વપરના) સ્થાન, માનના ભેદને જાણનાર, ગુણીજનોનું બહુમાન કરનાર, યથોચિત પ્રવૃત્તિ કરનાર, અને કદાગ્રહનો બિલકુલ ત્યાગ કરેલ હોવાથી બધે પ્રસંગે (અત્યંત) આગમનિષ્ઠ માણસની ભાવશુદ્ધિ આગમાનુસારિણી બને છે. (૭,૮.)

# शासनमालिन्यनिषेधाष्टकम्

[ २३ ]

यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्त्तते ।
स तन्मिथ्यात्वहेतुत्वादन्येषां प्राणिनां ध्रुवम् ॥ १ ॥

बध्नात्यपि तदेवालं परं संसारकारणम् ।
विपाकदारुणं घोरं सर्वानर्थविवर्धनम् ॥ २ ॥

જે માણુસ અજાણુતાં પણુ શાસનનું માલિન્ય–અવનતિ કરે છે તે માસણુ, બીજા પ્રાણીઓના શાસનવિષયક મિથ્યાત્વમાં કારણુભૂત થતો હોવાથી પોતે પણુ બધા અનર્થોને વધારનાર, દુઃખદાયી ફળ આપનાર, સંસાર વૃદ્ધિમાં કારણુરૂપ, તીવ્ર તથા ઘોર મિથ્યાત્વ મોહનીય કર્મને ખૂબ બાંધે છે. (૧,૨.)

यस्तून्नतौ यथाशक्ति सोऽपि सम्यक्त्वहेतुताम् ।
अन्येषां प्रतिपद्येह तदेवाप्नोत्यनुत्तरम् ॥ ३ ॥

प्रक्षीणतीव्रसंक्लेशं प्रशमादिगुणान्वितम् ।
निमित्तं सर्वसौख्यानां तथा सिद्धिसुखावहम् ॥ ४ ॥

પરંતુ જે માણુસ શાસનની ઉન્નતિમાં યથાશક્તિ જોડાય છે તે પણુ બીજાઓને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવામાં હેતુભૂત બનતો હોવાથી તીવ્ર સંક્લેશના–અનંતાનુબંધી કષાયના–ક્ષયવાળું, પ્રશમ વગેરે ગુણોવાળું, બધાં સુખનું નિમિત્તભૂત તથા સિદ્ધિસુખને પ્રાપ્ત કરાવનારું અનુત્તર સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. (૩–૪)

अतः सर्वप्रयत्नेन मालिन्यं शासनस्य तु ।
प्रेक्षावता न कर्तव्यं प्रधानं पापसाधनम् ॥ ५ ॥

તેથી બુદ્ધિમાન પુરુષે પાપના ઉત્કૃષ્ટ સાધનરૂપ શાસન-માલિન્ય કોઇ પણ રીતે નહિ કરવું. (૫)

अस्माच्छासनमालिन्याज्जातौ जातौ विगर्हितम् ।
प्रधानभावादात्मानं सदा दूरीकरोत्यलम् ॥ ६ ॥

શાસનનું નુકસાન કરવાને કારણે માણસ ભવે ભવે નિન્દાએલ પોતાના આત્માને ઉન્નત ભાવથી હમેશ ખૂબ દૂર રાખે છે (૬)

कर्तव्या चोन्नतिः सत्यां शक्ताविह नियोगतः ।
अवन्ध्यं बीजमेषा यत्तत्त्वतः सर्वसम्पदाम् ॥ ७ ॥

શક્તિ હોય તો શાસનોન્નતિ અવશ્ય કરવી, કારણ કે વાસ્તવિક રીતે, શાસનપ્રભાવના બધા પ્રકારની લક્ષ્મીનું અવન્ધ્ય–ફલપ્રદ બીજ છે. (૭)

अत उन्नतिमाप्नोति जातौ जातौ हितोदयाम् ।
क्षयं नयति मालिन्यं नियमात्सर्ववस्तुषु ॥८॥

શાસનપ્રભાવનાદ્વારા માણસ પ્રત્યેક ભવે કલ્યાણ-દાયિની ઉન્નતિ પામે છે (જ્યારે) માલિન્ય (માણસને) બધી બાબતોમાં અવશ્ય ક્ષય તરફ લઇ જાય છે. (૮)

# पुण्यानुबन्धिपुण्यादिविवरणाष्टकम्

## [ २४ ]

गेहाद्गेहान्तरं कश्चिच्छोभनादधिकं नरः ।
याति यद्वत्सुधर्मेण तद्वदेव भवाद्भवम् ॥१॥

જેવી રીતે કોઇ એક માણુસ રમણીય ઘરમાંથી બીજા અધિક રમણીય ઘરમાં જાય છે, તેવી જ રીતે માસણુ શુભ ધર્મદ્વારા (વર્તમાન) શુભ ભવમાંથી બીજા શુભતર ભવમાં જાય છે. (૧)

गेहाद्गेहान्तरं कश्चिच्छोभनादितरन्नरः ।
याति यद्वदसद्धर्मात्तद्वदेव भवाद्भवम् ॥२॥

જેવી રીતે કોઈ એક મનુષ્ય સુશોભિત ઘરમાંથી ગંદા ઘરમાં જાય છે, તેવી જ રીતે માણુસ અશુભ ધર્મદ્વારા શુભ ભવમાંથી અશુભ ભવમાં જાય છે. (૨)

गेहाद्गेहान्तरं कश्चिदशुभादधिकं नरः ।
याति यद्वन्महापापात्तद्वदेव भवाद्भवम् ॥३॥

જેવી રીતે કોઇ એક માણુસ અશુભ-ગંદા ઘરમાંથી વધારે ગંદા ઘરમાં જાય છે, તેવી જ રીતે મહાપાપાચરણ વડે માણુસ ખરાબ ગતિમાંથી વધારે ખરાબ ગતિમાં જાય છે. (૩)

गेहाद्गेहान्तरं कश्चिदशुभादितरन्नरः ।
याति यद्वत्सुधर्मेण तद्वदेव भवाद्भवम् ॥४॥

જેવી રીતે કોઇ એક માણસ અશોભિત ઘરમાંથી સુશોભિત ઘરમાં પ્રવેશ કરે છે તેવી જ રીતે સદ્ધર્મદ્વારા માણસ અશુભ ગતિમાંથી શુભ ગતિમાં જાય છે. (૪)

**शुभानुबन्ध्यत: पुण्यं कर्तव्यं सर्वथा नरै:।**
**यत्प्रभावादपातिन्यो जायन्ते सर्वसम्पद: ॥५॥**

તેથી સર્વ પ્રકારના માણસોએ શુભ ફલદાયી પુણ્યકર્મ કરવું—બાંધવું જોઇએ કે જેના પ્રભાવથી અવિનશ્વર બધી સંપત્તિ પેદા થાય. (૫)

**सदागमविशुद्धेन क्रियते तच्च चेतसा।**
**एतच्च ज्ञानवृद्धेभ्यो जायते नान्यतः क्वचित् ॥६॥**

ધર્મશાસ્ત્રોથી વિશુદ્ધ થએલ ચિત્તદ્વારા પુણ્ય બંધાય છે અને તે શુદ્ધચિત્ત જ્ઞાનવૃદ્ધ સ્થવિરોની આજ્ઞામાં રહેવાથી થાય છે, બીજે કારણે ક્યારેય નહિ. (૬)

શંકા—સ્વાભાવિક રીતે જ આગમોક્ત રીતે શુદ્ધ થયેલ મનવાળા માણસોના દાખલા આપણને મળે છે તો પછી તેવી શુદ્ધિ માટે જ્ઞાની પુરુષોના પ્રસાદની અનિવાર્યતા શા માટે?

સમાધાન—

**प्रकृत्या मार्गगामित्वं सदपि व्यज्यते ध्रुवम्[1]।**
**ज्ञानवृद्धप्रसादेन वृद्धिं चाप्नोत्यनुत्तराम् ॥७॥**

---

१ चित्तरत्नमसंक्लिष्टमान्तरं धनमुच्यते।
यस्य तन्मुषितं दोषैस्तस्य शिष्टा विपत्तय: ॥७॥

કષાય વિનાનું ચિત્તરત્ન આધ્યાત્મિક ધન કહેવાય છે, જે માણસનું (તેવું શુદ્ધ) ચિત્તરત્ન ચોરાઈ ગયું છે તેની પાસે દુઃખ અને મુશ્કેલીઓ બાકી રહે છે. (૭)

(ક્યારેક) સ્વાભાવિક રીતે થતું મનનું શાસ્ત્રાનુસારીપણું પણ જ્ઞાની પુરુષોની કૃપાથી જ સ્પષ્ટ જણાય છે તેમ જ અનુત્તમ વિકાસ પામે છે. (૭)

दया भूतेषु वैराग्यं विधिवद्गुरुपूजनम् ।
विशुद्धा शीलवृत्तिश्च पुण्यं पुण्यानुबन्ध्यदः ॥८॥

જીવો પર દયા, વૈરાગ્ય, યથાવિધિ ગુરુપૂજન અને વિશુદ્ધ શીલવૃત્તિ એ (બધું) પુણ્ય પુણ્યાનુબંધી છે. (૮)

---

## पुण्यानुबन्धिपुण्यप्रधानफलाष्टकम्

### [ २५ ]

अतः प्रकर्षसम्प्राप्ताद्विज्ञेयं फलमुत्तमम् ।
तीर्थकृत्वं सदौचित्यप्रवृत्त्या मोक्षसाधकम् ॥१॥

ઉત્કૃષ્ટ ( પ્રકારના ) પુણ્યાનુબંધી પુણ્યમાંથી, હમેશાં યથાયોગ્ય પ્રવૃત્તિ કરાવવાને કારણે મોક્ષસાધક 'તીર્થંકરત્વ' નામનું ઉત્તમ ફળ (મળે છે એમ) સમજવું (૧)

सदौचित्यप्रवृत्तिश्च गर्भादारभ्य तस्य यत् ।
तत्राप्यभिग्रहो न्याय्यः श्रूयते हि जगद्गुरोः ॥२॥
पित्रुद्वेगनिरासाय महतां स्थितिसिद्धये ।
इष्टकार्यसमृद्ध्यर्थमेवम्भूतो जिनागमे ॥३॥

---

૧ પ્રભુ ગર્ભમાં હતા ત્યારે માતાનો અત્યંત પ્રેમ અને કાળજી જોઇ તેમણે આ પ્રમાણે અભિગ્રહ કરેલ-

કારણકે ગર્ભમાં હતા ત્યારથી જ જગદ્‌ગુરુ તીર્થંકરની યથોચિત પ્રવૃત્તિ દેખાય છે, તેમાં પણ તેમનો અભિગ્રહ ઘણો ન્યાયસંગત–ઉત્તમ પ્રકારનો છે એમ લોકોમાં સંભળાય છે. (૨)

માતા પિતાનો ઉદ્વેગ દૂર કરવા માટે, મહાન પુરુષોની વ્યવસ્થા સાબિત કરવા માટે તથા ઈષ્ટકાર્ય (દીક્ષા)ને પૂર્વ તૈયારીદ્વારા સમૃદ્ધ કરવા માટે (જગદ્‌ગુરુનો) નિમ્નોક્ત પ્રકારનો અભિગ્રહ હતો એમ જિનાગમોમાં કહેવાયું છે. (૩)

## અભિગ્રહકથન

**जीवतो गृहवासेऽस्मिन् यावन्मे पितराविमौ।**
**तावदेवाधिवत्स्यामि गृहानहमपीष्टतः ॥४॥**

જ્યાં સુધી મારા માતાપિતા આ ઘરમાં જીવે છે ત્યાં સુધી હું પણ સ્વેચ્છાપૂર્વક ઘરમાં રહીશ. (૪)

**इमौ शुश्रूषमाणस्य गृहानावसतो गुरू।**
**प्रव्रज्याप्यानुपूर्व्येण न्याय्याऽन्ते मे भविष्यति ॥५॥**

વળી ઘરમાં રહીને માતાપિતાની સેવા કરનાર મારી પ્રવ્રજ્યા પણ અનુક્રમે તેમના અવસાન પછી જ વ્યાજબી બનશે. (૫)

---

"नो खलु मे कप्पइ अम्मापिऊहिं जीवंतेहिं मुंडे
भवित्ता अगाराओ अणगारिअं पव्वइत्तए" ॥

કલ્પસૂત્ર ૯૪.

"अह सत्तमम्मि मासे गब्भत्थो चेव अभिग्गहं गिण्हे।
नाहं समणो होहं अम्मापियरम्मि जीवंते त्ति" ॥

આવશ્યકભાષ્ય ગાથા ૫૯

सर्वपापनिवृत्तिर्यत् सर्वथैषा सतां मता ।
गुरूद्वेगकृतोऽत्यन्तं नेयं न्याय्योपपद्यते ॥६॥

કારણકે બધા પ્રકારે બધા પાપોની નિવૃત્તિ જ સત્પુરુષોને માન્ય છે, તેથી માતપિતાને ઉદ્વેગ કરનારાની–મારી પ્રવ્રજ્યા તદ્દન વ્યાજબી પ્રકારની નથી ઘટતી. (૬)

प्रारम्भमङ्गलं ह्यस्या गुरुशुश्रूषणं परम् ।
एतौ धर्मप्रवृत्तानां नृणां पूजास्पदं महत् ॥७॥

'વડિલની–માતપિતાની સેવા' પ્રવ્રજ્યાનું પ્રથમ ઉત્તમ મંગળ છે, કારણકે ધર્મમાં જોડાએલ માણુસોનું તેઓ મહત્ પૂજાસ્થાન છે. (૭)

स कृतज्ञः पुमान् लोके स धर्मगुरुपूजकः ।
स शुद्धधर्मभाक् चैव य एतौ प्रतिपद्यते ॥८॥

તે જ માણુસ આ લોકમાં કૃતજ્ઞ છે, તે જ ધર્મગુરુનો પૂજક છે, તે જ શુદ્ધધર્મનું ભાજન છે, જે માતપિતાની પૂજાનો સ્વીકાર કરે છે અર્થાત્ માતપિતાની પૂજામાં માને છે. (૮)

# તીર્થકૃદ્દાનમહત્ત્વસિદ્ધ્યષ્ટકम्

## [ २६ ]

## મહાદાનનો અર્થ

શંકા—

जगद्गुरोर्महादानं सङ्ख्यावच्चेत्यसङ्गतम् ।
शतानि त्रीणि कोटीनां सूत्रमित्यादि[1] चोदितम् ॥१॥

(તમારા) સૂત્રમાં કહેલું છે "ત્રિભુવનગુરુ તીર્થંકરનું (દાન) ૩૮૮૮૦૦૦૦૦૦ સોનૈયા છે," તેથી તે દાન પરિમિત હોવા છતાં 'મહાદાન' છે એ કહેવું અસંગત છે. (૧)

अन्यैस्त्वसङ्ख्यमन्येषां स्वतन्त्रेषूपवर्ण्यते ।
तत्तदेवेह तद्युक्तं महच्छब्दोपपत्तितः ॥२॥

(જ્યારે) બીજાઓએ–બૌદ્ધ લોકોએ પોતાના શાસ્ત્રોમાં બોધિસત્વોનું દાન અપરિમિત (હોવાનું) વર્ણવ્યું છે, તેથી તેમના દાનને 'મહત્' શબ્દ બરાબર ઘટતો હોવાથી તેમના દાનને જ મહાદાન કહેવું યુક્તિસંગત છે. (૨)

ततो महानुभावत्वात्तेषामेवेह युक्तिमत् ।
जगद्गुरुत्वमखिलं सर्वं हि महतां महत् ॥३॥

ઉપર્યુક્ત મહાદાન દ્વારા મહાનુભાવતા (સિદ્ધ થતી હોવાથી બોધિસત્વોનું જ સંપૂર્ણ જગદ્‌ગુરુપણું યુક્તિયુક્ત છે, કારણકે મહાન પુરુષોનું બધું જ મહત્ હોય છે. (૩)

---

૧. "तिन्नेव य कोडीसया अट्ठासीइ च होइ कोडीओ ।
असीइं च सयसहस्सा एयं संवच्छरे दिण्णं" ॥
આવસ્યકનિર્યુક્તિ ગાથા ૨૨૦

સમાધાન—

**एवमाहेह सूत्रार्थं न्यायतोऽनवधारयन्।**
**कश्चिन्मोहात्ततस्तस्य न्यायलेशोऽत्र दर्श्यते ॥४॥**

મોહવશાત્ જૈનસૂત્રના અર્થને ન્યાયબુદ્ધિથી નહિ સમજતો કોઇ એક માણસ-બૌદ્ધ ઉપર્યુક્ત રીતે કહે છે. તેથી તે મૂઢમતિના (કથનમાં રહેલો) ન્યાયનો અંશ અહીં બતાવવામાં આવે છે. (૪)

**महादानं हि संख्यावदर्थ्यभावाज्जगद्गुरोः ।**
**सिद्धं वरवरिकातस्तस्याः सूत्रे विधानतः ॥५॥**

કોઇ પણ જરૂરિયાતવાળો નહિ રહેવાને કારણે પરિગણિત રહેલું જગદ્ગુરુ તીર્થંકરનું દાન 'વરવરિકા-માગો, માગો' એવા વચનથી મહાદાનરૂપે સિદ્ધ થાય છે (અને) વરવરિકાનો ઉલ્લેખ શાસ્ત્રમાં[1] છે જ. (૫)

**तया सह कथं संख्या युज्यते व्यभिचारतः ।**
**तस्माद्यथोदितार्थं तु संख्याग्रहणमिष्यताम् ॥६॥**

વરવરિકા સાથે સંખ્યાનો વિસંવાદ દેખાતો હોવાથી, તે ઘટતી નથી માટે યથાકથિત આશયવાળું-અર્થીના અભાવવાળું સંખ્યાવિધાન સ્વીકારવું. (૬)

**महानुभावताप्येषा तद्भावे न यदर्थिनः ।**
**विशिष्टसुखयुक्तत्वात्सन्ति प्रायेण देहिनः ॥७॥**

**धर्मोद्यताश्च तद्योगात्ते तदा तत्त्वदर्शिनः ।**
**महन्महत्त्वमस्यैवमयमेव जगद्गुरुः ॥८॥**

---

૧ જુઓ આવસ્યકનિર્યુક્તિ ગાથા ૨૧૮, ૨૧૯.

મહાનુભાવતા પણ એ જ છે કે તેની હયાતીમાં કોઈ જરૂરિયાતવાળા નથી રહેતા, કારણકે પ્રાયઃ બધા પ્રાણીઓ વિશિષ્ટ સુખ-સંતોષવાળાં હોય છે, ધર્મમાં તત્પર રહે છે, તથા તે વખતે તેઓ તેના યોગથી-સહયોગથી તત્વ-દર્શી-સત્યદર્શી બને છે. આ જ એની મોટી મહત્તા છે (તેથી) આ જ જગદ્ગુરુ છે (બીજા નહિ.) (૭-૮)

---

# तीर्थकृद्दाननिष्फलतापरिहाराष्टकम्

[ २७ ]

**कश्चिदाहास्य दानेन क इवार्थः प्रसिध्यति ।**
**मोक्षगामी ध्रुवं ह्येष यतस्तेनैव जन्मना ॥१॥**

કોઈ એમ કહે છે કે જગદ્ગુરુના દાનથી (ચાર અર્થ-માંનો ભલા) કયો અર્થ સિદ્ધ થાય છે? અર્થાત્ એકેય નહિ; કારણ કે તેઓ તેજ જન્મમાં અવશ્ય મોક્ષ જનાર છે. (૧)

**उच्यते कल्प एवास्य तीर्थकृन्नामकर्मण: ।**
**उदयात्सर्वसत्त्वानां हित एव प्रवर्त्तते ॥२॥**

તેનો ઉત્તર એ છે કે તીર્થંકરનામકર્મના ઉદયથી તેમનો એવો આચાર હોય છે કે તે બધા પ્રાણીઓના હિતમાં જ પ્રવૃત્તિ કરે છે. (૨)

**धर्माङ्गख्यापनार्थं च दानस्यापि महामतिः ।**
**अवस्थौचित्ययोगेन सर्वस्यैवानुकम्पया ॥३॥**

વળી (લેનાર દેનાર ઉભયની) ઉચિત પરિસ્થિતિનો મેળ ખાવાથી અનુકંપાવશ (દેવાએલ) (ગૃહસ્થ તેમજ ત્યાગી) સર્વેના દાનને પણ ધર્મના અંગ તરીકે જણાવવા માટે ભગવાને મહાદાન દીધું છે. (૩)

**शुभाशयकरं ह्येतदाग्रहच्छेदकारि च।**
**सदभ्युदयसाराङ्गमनुकम्पाप्रसूति च ॥४॥**

અનુકમ્પાજન્ય આ દાન પ્રશસ્તચિત્ત પેદા કરનારું, આગ્રહ-મમત્વનો નાશ કરનારું તથા પુણ્યોદયમાં પ્રધાન કારણભૂત છે. (૪)

[જૈન સાધુઓ કોઈ ગૃહસ્થને દાન આપી શકતા નથી એવો સામાન્ય નિયમ છે તેથી ઉપરના વિરુદ્ધ દેખાતા આચાર્યના કથનના સમર્થનમાં તેઓ વીરપ્રભુનું દૃષ્ટાંત આપે છે.]

**ज्ञापकं चात्र भगवान् निष्क्रान्तोऽपि द्विजन्मने।**
**देवदूष्यं ददद्धीमाननुकम्पाविशेषतः ॥५॥**

અત્રે-સાધુના દાનસંબંધી ભગવાન જ દૃષ્ટાંતરૂપ છે કે ગૃહસ્થાશ્રમ છોડીને નીકળેલ બુદ્ધિમાન ભગવાને પણ અનુકમ્પાથી બ્રાહ્મણને દેવદૂષ્ય આપ્યું હતું. (૫)

**इत्थमाशयभेदेन नातोऽधिकरणं मतम्।**
**अपित्वन्यद्गुणस्थानं गुणान्तरनिबन्धनम् ॥६॥**

આમ આશયભેદ હોવાને કારણે ગૃહસ્થને દાન દીધાથી પણ અધિકરણ-પાપકારી પ્રવૃત્તિ (થયું હોવાનું) મનાયું નથી,

પણ પહેલાનું-ગૃહસ્થનું પાંચમું ગુણસ્થાન ઉત્તર-સાધુના છટ્ઠા ગુણસ્થાનનું કારણરૂપ છે એમ મનાયું છે. (૬)

**ये तु दानं प्रशंसन्तीत्यादिसूत्रं[1] तु यत्स्मृतम् ।**
**अवस्थाभेदविषयं द्रष्टव्यं तन्महात्मभिः ॥७॥**

વળી 'જે લોકો દાનની પ્રશંસા કરે છે તે પ્રાણીઓનો વધ ઇચ્છે છે અને જે તેની નિંદા કરે છે તે વૃત્તિનોજ નાશ કરે છે' એવું દાનનો નિષેધ કરતું જે સૂત્ર-શ્લોક મળે છે તેને મહાત્મા પુરુષોએ અવસ્થાવિશેષવિષયક સમજવું અર્થાત્ અમુક ખાસ અવસ્થાને અનુલક્ષીને કહેવાએલું છે એમ સમજવું. (૭)

**एवं न कश्चिदस्यार्थस्तत्त्वतोऽस्मात्प्रसिध्यति ।**
**अपूर्वः किन्तु तत्पूर्वमेवं कर्म प्रहीयते ॥८॥**

આ રીતે તીર્થંકરના દાનથી વાસ્તવિકરીતે કોઇ અપૂર્વ અર્થ સિદ્ધ નથી થતો, પરંતુ એ પ્રકારના મહાદાનથી પૂર્વે બંધાએલું તેમનું તીર્થંકરનામકર્મ ક્ષીણ થાય છે. (૮)

---

૧ जेउ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं ।
जेउ णं पडिसेहंति वित्तिच्छेयं करंति ते ॥

# राज्यादिदानेऽपि तीर्थकृतो दोषाभावप्रतिपादनाष्टकम्

[ २८ ]

શંકા—

अन्यस्त्वाहास्य राज्यादिप्रदाने दोष एव तु ।
महाधिकरणत्वेन तत्त्वमार्गेऽविचक्षणः ॥१॥

વાસ્તવિક માર્ગ સમજવામાં અકુશળ કોઈ માણસ કહે છે કે રાજ્ય વગેરે મહાપાપના આધાર–કારણરૂપ હોવાથી, તેના દાનમાં દોષ જ છે–તેનું દાન કરવું એ દોષ જ છે. (૧)

સમાધાન—

अप्रदाने हि राज्यस्य नायकाभावतो जनाः ।
मिथो वै कालदोषेण मर्यादाभेदकारिणः ॥२॥
विनश्यन्त्यधिकं यस्मादिह लोके परत्र च ।
शक्तौ सत्यामुपेक्षा च युज्यते न महात्मनः ॥३॥
तस्मात्तदुपकाराय तत्प्रदानं गुणावहम् ।
परार्थदीक्षितस्यास्य विशेषेण जगद्गुरोः ॥४॥

રાજ્યનું પ્રદાન ન કરે તો, કાળના દોષને કારણે (પોતપોતાની) મર્યાદાનો ભંગ કરનાર માણસો, નાયકનો અભાવ હોવાને કારણે, પરસ્પર (લડીને) આ લોક અને પરલોકમાં વધારે વિનાશને પામે, વળી વિનાશ રોકવાની શક્તિ હોવા છતાં મહાત્માઓની ઉપેક્ષા વ્યાજબી નથી,

તેટલા માટે પરોપકાર ખાતર દીક્ષિત થયેલ જગદ્‌ગુરુ તીર્થંકરનું જગહિતાર્થ દેવાએલું રાજ્યદાન વિશેષરૂપે ગુણાવહ છે. (૨–૪)

**एवं विवाहधर्मादौ तथा शिल्पनिरूपणे ।**
**न दोषो ह्युत्तमं पुण्यमित्थमेव विपच्यते ॥५॥**

એવી જ રીતે વિવાહ (કુલ, ગ્રામ, રાજ) ધર્મના અંગીકારમાં તથા શિલ્પનિરૂપણમાં દોષ નથી કારણકે ઉત્તમ પુણ્યનો–તીર્થંકરનામકર્મનો વિપાક આ રીતે જ થાય છે. (૫)

**किञ्चेहाधिकदोषेभ्यः सत्त्वानां रक्षणं तु यत् ।**
**उपकारस्तदेवैषां प्रवृत्त्यङ्गं तथास्य च ॥६॥**

વળી લોકોનું અધિક દોષોમાંથી રક્ષણ કરવું એ જ ઉપકાર છે તથા તીર્થંકરની પ્રવૃત્તિનું અંગ પણ તે જ છે. (૬)

**नागादे रक्षणं यद्वद्गर्ताद्याकर्षणेन तु ।**
**कुर्वन्न दोषवांस्तद्वदन्यथाऽसम्भवादयम् ॥७॥**

ખાડા વગેરેમાં ફેંકીને સર્પાદિથી રક્ષણ કરનાર માણસ જેમ દોષવાન નથી તેમ બીજો કોઇ ઉપાય–રસ્તો નહિ હોવાથી (વિવાહધર્માદિનો ઉપદેશ આપનાર) તીર્થંકર દોષવાન નથી. (૭)

**इत्थं चैतदिहैष्टव्यमन्यथा देशनाप्यलम् ।**
**कुधर्मादिनिमित्तत्वाद्दोषायैव प्रसज्यते ॥८॥**

આ રીતે રાજ્યાદિદાનને નિર્દોષરૂપ સ્વીકારવું જોઇએ, નહિ તો ધર્મદેશના પણ, અન્ય ધર્મ (શાસ્ત્ર, ચારિત્ર) આદિના નિમિત્તરૂપ હોવાથી સદોષી કહેવાશે.(૮)

# सामायिकस्वरूपनिरूपणाष्टकम् ।

[२९]

सामायिकं च मोक्षाङ्गं परं सर्वज्ञभाषितम् ।
वासीचन्दनकल्पानामुक्तमेतन्महात्मनाम् ॥१॥

સર્વજ્ઞદેવે કહેલું, વાંસલા પ્રત્યે પણ (સુગંધ છોડનાર) ચંદનવૃક્ષસમા મહાત્મા પુરુષોનું સામાયિક નામનું ચરિત્ર જ મોક્ષનું પરમ અંગ–કારણ છે. (૧)

निरवद्यमिदं ज्ञेयमेकान्तेनैवतत्त्वतः ।
कुशलाशयरूपत्वात्सर्वयोगविशुद्धितः ॥२॥

તે સામાયિક ચારિત્ર શુભ પરિણામરૂપ હોવાથી તથા મન, વચન અને કાયારૂપ ત્રણેય યોગોની શુદ્ધિસ્વરૂપ હોવાથી (તેને) ખરેખર સર્વથા પાપરહિત–પરમપવિત્ર જાણવું. (૨)

यत्पुनः कुशलं चित्तं लोकदृष्ट्या व्यवस्थितम् ।
तत्तथौदार्ययोगेऽपि चिन्त्यमानं न तादृशम् ॥३॥

પરંતુ લોકદૃષ્ટિએ જે કુશળચિત્તરૂપે પ્રતિષ્ઠિત છે, તે લૌકિક ઉદારતાવાળું હોય તો પણ તેને સામાયિક જેવું નહિ સમજવું. (૩)

मय्येव निपतत्वेतज्जगद्दुश्चरितं यथा ।
मत्सुचरितयोगाच्च मुक्तिः स्यात्सर्वदेहिनाम् ॥४॥

જેવી રીતે બુદ્ધે કહ્યું "જગજ્જીવોનું આ દુષ્ચરિત મારામાં આવીને પડો કે (જેથી) મારા સુચરિતના યોગથી સઘળાં પ્રાણીઓને મોક્ષ મળે." (૪)

असम्भवीदं यद्वस्तु बुद्धानां निर्वृतिश्रुतेः ।
सम्भवित्वे त्वियं न स्यात्तत्रैकस्याप्यनिर्वृतौ ॥५॥

આ વસ્તુ અસંભવિત છે કારણ કે 'બુદ્ધો મોક્ષે ગયા છે' એમ તેમનાં આગમો કહે છે; પણ (કદાચ) તેને સંભવિત માનીએ તો એકપણ માણસનો મોક્ષ બાકી રહે ત્યાં સુધી બુદ્ધોનો મોક્ષ નહિ થાય. (આમ પરસ્પર વિરોધ આવશે). (૫)

तदेवं चिन्तनं न्यायात्तत्त्वतो मोहसङ्गतम् ।
साध्ववस्थान्तरे ज्ञेयं बोध्यादेः प्रार्थनादिवत् ॥६॥

તેથી ઉપર્યુક્ત ચિંતન–ભાવના ઉપર્યુક્ત સંભવિત અસંભવિત દૃષ્ટિએ ખરેખર મોહસંગત છે. (ફક્ત) બોધિલાભ વગેરેની પ્રાર્થનાની માફક તે સરાગ અવસ્થામાં જ સંભવે છે. (૬)

अपकारिणि सद्बुद्धिर्विशिष्टार्थप्रसाधनात् ।
आत्मंभरित्वपिशुना तदपायानपेक्षिणी ॥७॥

અપકાર કરનાર ઉપરનો સદ્‌ભાવ, વિશિષ્ટ અર્થ–મોક્ષની પ્રાપ્તિમાં સાધનભૂત હોવાથી, માત્ર સ્વોન્નતિસૂચક છે (કારણ કે તે) અપકાર કરનારના દુર્ગતિ વગેરે દુઃખ તરફ નિરપેક્ષ છે અર્થાત્ તેનું દુઃખ કે અહિત તે ઇચ્છતો નથી. (૭)

एवं सामायिकादन्यदवस्थान्तरभद्रकम् ।
स्याच्चित्तं तत्तु संशुद्धेर्ज्ञेयमेकान्तभद्रकम् ॥८॥

એવી રીતે સામાયિક સિવાયનું બીજું ચિત્ત–ઉપર્યુક્ત કુશળ ચિત્ત મોહયુક્ત અવસ્થામાં ભદ્ર–કલ્યાણકારી થાય છે (દરેક વખતે નહિ) પરંતુ સામાયિક તો સંપૂર્ણ શુદ્ધ હોવાથી સર્વથા કલ્યાણકર સમજવું. (૮)

# केवलज्ञानाष्टकम्

[ ३० ]

सामायिकविशुद्धात्मा सर्वथा घातिकर्मणः ।
क्षयात्केवलमाप्नोति लोकालोकप्रकाशकम् ॥१॥

સામાયિક વડે વિશુદ્ધ થએલ આત્મા, ઘાતિકર્મોનો સર્વથા ક્ષય કરવાથી, (સમસ્ત) લોકાલોકના પ્રકાશક કેવળ-જ્ઞાનને પ્રાપ્ત કરે છે. (૧)

ज्ञाने तपसि चारित्रे सत्येवास्योपजायते ।
विशुद्धिस्तदतस्तस्य तथा प्राप्तिरिहेष्यते ॥२॥

જ્ઞાન, તપ અને ચારિત્ર હોય તો જ સામાયિકની વિશુદ્ધિ થાય છે, તેથી સામાયિકદ્વારા (આત્માને) ઉક્તરીતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે એમ મનાય છે. (૨)

स्वरूपमात्मनो ह्येतत्किन्त्वनादिमलावृतम् ।
जात्यरत्नांशुवत्तस्य क्षयात्स्यात्तदुपायतः ॥३॥

કેવળજ્ઞાન આત્માના સ્વભાવરૂપ છે, પરંતુ તે અનાદિ કાળથી (જમીનમાં) ઢંકાએલ કીમતી રત્નકિરણોની માફક કર્મમલથી ઢંકાએલું છે તથાપિ ઉપાયોદ્વારા મલનો ક્ષય કરવાથી તે પ્રકટ થાય છે. (૩)

आत्मनस्तत्स्वभावत्त्वाल्लोकालोकप्रकाशकम् ।
अत एव तदुत्पत्तिसमयेऽपि यथोदितम् ॥४॥

લોકાલોકને પ્રકાશિત કરવાં એ આત્માનો સ્વભાવ હોવાથી, (કેવળજ્ઞાન પણ) લોકાલોકપ્રકાશક છે, તેથી જ તેની ઉત્પત્તિસમયે પણ તે લોકાલોકપ્રકાશક છે. (૪)

**आत्मस्थमात्मधर्मत्वात्संवित्त्या चैवमिष्यते ।**
**गमनादेरयोगेन नान्यथा तत्त्वमस्य तु ॥५॥**

તે કેવળજ્ઞાન, આત્માના ધર્મસ્વરૂપ હોવાથી, તેમજ જ્ઞાનથી–સ્વાનુભવથી આત્મામાં જ જણાતું હોવાથી તથા આત્માની બહાર જ્ઞેય પદાર્થ પાસે તે જતું (આવતું) નહિ હોવાથી, આત્મામાં જ રહે છે અન્યથા કેવળજ્ઞાનનું કેવળપણું–સકળપણું જ નહિ રહે. (૫)

શંકા—કોઇ એમ કહે કે આત્મા ચંદ્રતુલ્ય છે અને જ્ઞાન ચંદ્રપ્રભાસમું છે, એવું જે કથન છે, તે મુજબ જેમ ચંદ્રપ્રભા ચંદ્રની બહાર જાય છે તેમ આત્મજ્ઞાન પણ આત્માની બહાર જાય એમાં કશો દોષ નથી.

**यच्च चन्द्रप्रभाद्यत्र ज्ञातं तज्ज्ञातमात्रकम् ।**
**प्रभा पुद्गलरूपा यत्तद्धर्मो नोपपद्यते ॥६॥**

ચંદ્રપ્રભા વગેરે (પ્રકાશક વસ્તુઓ)નું જે દૃષ્ટાંત અહીં (દર્શાવ્યું) છે, તે દૃષ્ટાંતમાત્ર છે એટલે કે તેમાં પ્રકાશકતા-રૂપ ધર્મના સાધર્મ્ય સિવાય બીજા ધર્મોનું સાધર્મ્ય નથી, કારણકે પુદ્ગલદ્રવ્યરૂપ ચંદ્રપ્રભા ( જ્ઞાનની માફક ) ચંદ્રના ધર્મરૂપે ઘટતી નથી. (૬)

**अतः सर्वगताभासमप्येतन्न यदन्यथा ।**
**युज्यते तेन सन्न्यायात्संवित्त्यादोऽपि भाव्यताम् ॥७॥**

(વળી ચંદ્રપ્રભાનો પ્રકાશ સર્વત્ર પ્રસરતો નહિ હોવાથી તમે કહો છો તેવા સંપૂર્ણ સાધર્મ્યવાળા) આ દૃષ્ટાંતથી કેવળજ્ઞાન સર્વત્રપ્રસરેલપ્રકાશવાળું છે એમ પણ નહિ ઘટે કે જે બીજી રીતે એટલે કે દૃષ્ટાંતની દાર્ષ્ટાંત સાથે

આંશિક સાધર્મ્યતા સ્વીકાર્યે ઘટે છે, માટે આ દૃષ્ટાંતને પણ સન્નીતિ દ્વારા પોતાની બુદ્ધિવડે વિચારવું જોઇએ. (૭)

नाद्रव्योऽस्ति गुणोऽलोके न धर्मान्तौ विभुर्न च ।
आत्मा तद्गमनाद्यस्य नाऽस्तु तस्माद्यथोदितम् ॥८॥

કોઈ પણ ગુણ દ્રવ્યરહિત હોતો નથી, અલોકમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નથી તથા આત્મા સર્વ-વ્યાપક નથી માટે કેવળજ્ઞાનનાં ( આત્માની બહાર ) ગમનાગમન પણ નથી, તેથી તે યથોક્ત પ્રકારનું જ હો. (૮)

## तीर्थकृद्देशनाष्टकम्

[ ३१ ]

वीतरागोऽपि सद्वेद्यतीर्थकृन्नामकर्मणः ।
उदयेन तथा धर्मदेशनायां प्रवर्तते ॥१॥

સાતવેદનીય તીર્થંકરનામકર્મના ઉદયથી વીતરાગ પણ પૂર્વોક્ત પ્રકારે ધર્મદેશના આપે છે. (૧)

वरबोधित आरभ्य परार्थोद्यत एव हि ।
तथाविधं समादत्ते कर्म स्फीताशयः पुमान् ॥२॥

ઉત્તમ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થઇ ત્યારથી જ પરોપકારમાં તત્પર, ઉદાર આશયવાળો મહાનુભાવ જ તીર્થં-કર નામકર્મ બાંધે છે. (૨)

यावत्संतिष्ठते तस्य तत्तावत्संप्रवर्तते ।
तत्स्वभावत्वतो धर्मदेशनायां जगद्गुरुः ॥३॥

જ્યાં સુધી જગદ્ગુરુને તે કર્મોદય વિદ્યમાન હોય છે ત્યાં સુધી ધર્મદેશના કરવી એ એમનો સ્વભાવ હોય છે,

માટે તેઓ ધર્મદેશના આપ્યા કરે છે. (૩)

**वचनं चैकमप्यस्य हितां भिन्नार्थगोचरां ।**
**भूयसामपि सत्त्वानां प्रतिपत्तिं करोत्यलम् ॥४॥**

તે જગદ્‌ગુરુનું માત્ર એક વચન અનેક સત્વોને વિવિધ વસ્તુવિષયક હિતકારક પ્રતીતિ ખૂબ (સારી રીતે) કરાવે છે. (૪)

**अचिन्त्यपुण्यसंभारसामर्थ्यादेतदीदृशम् ।**
**तथा चोत्कृष्टपुण्यानां नास्त्यसाध्यं जगत्त्रये ॥५॥**

અકલ્પ્યપુણ્યસંચયના બળે (તેમનું) વચન એવું હોય છે. ખરેખર ઉત્કૃષ્ટપુણ્યશાળી આત્માઓને ત્રણ જગતમાં કશું અસાધ્ય નથી. (૫)

**अभव्येषु च भूतार्था यदसौ नोपपद्यते ।**
**तत्तेषामेव दौर्गुण्यं ज्ञेयं भगवतो न तु ॥६॥**

વળી અભવ્ય આત્માઓમાં (પ્રભુની) ભૂતાર્થ-સત્ય દેશના જે નથી ઘટતી તેમાં અભવ્યોનો જ દોષ છે, ભગવાનનો નહિ. (૬)

**दृष्टश्चाभ्युदये भानोः प्रकृत्या क्लिष्टकर्मणाम् ।**
**अप्रकाशो ह्युलूकानां तद्वदत्रापि भाव्यताम् ॥७॥**

સૂર્યોદય થયે પણ કઠોર-માઠાં કર્મવાળા ઘુવડોને સ્વાભાવિક રીતે જ અંધારું રહે છે, તેમ અહીં-અભવ્યોના સદ્જ્ઞાનાભાવમાં-પણ સમજવું. (૭)

**इयं च नियमाज्ज्ञेया तथानन्दाय देहिनाम् ।**
**तदात्वे वर्तमानेऽपि भव्यानां शुद्धचेतसाम् ॥८॥**

તે કાળમાં-તીર્થંકરના સમસમયે તથા વર્તમાન કાળમાં

પણ શુદ્ધચિત્તવાળા ભવ્ય જીવોને આ દેશના વાણિયાની વૃદ્ધ [1]દાસીની માફક અવશ્ય આનંદ માટે થાય છે એમ સમજવું. (૮)

## मोक्षाष्टकम्

### ( ३२ )

**कृत्स्नकर्मक्षयान्मोक्षो जन्ममृत्य्वादिवर्जितम् ।**
**सर्वबाधाविनिर्मुक्त एकान्तसुखसङ्गत: ॥१॥**

જન્મ, મરણાદિ રહિત, કોઈપણ પ્રકારની બાધા વિનાનો એકાન્ત સુખ–આનંદ–યુક્ત મોક્ષ સકળકર્મના ક્ષયથી થાય છે. (૧)

**यन्न दु:खेन संभिन्नं न च भ्रष्टमनन्तरम् ।**
**अभिलाषापनीतं यत्तज्ज्ञेयं परमं पदम् ॥२॥**

---

૧ કોઈ ગામમાં એક વણિક રહેતો હતો. તેને એક ઘરડી દાસી હતી. એકદા તે જંગલમાં લાકડાં લેવા ગઈ. બપોર થતાં તડકો અને તરસ લાગવાથી તે દાસી લાકડાં થોડાં ભેગાં થયાં હતાં તો પણ ઘેર ચાલી ગઇ. થોડાં લાકડાં દેખીને વાણિયાએ તેને ફરી લાકડાં લેવા મોકલી. બીજી વખત ડોશી લાકડાં લઈને પાછી ચાલી આવતી હતી તેવામાં તેણે રસ્તામાં શ્રી વીરપ્રભુની દેશના સાંભળી અને ઉપદેશ સારો લાગતાં તે ભારાસહિત ત્યાં ઊભી રહી. સાંભળતાં સાંભળતાં તે આનંદમાં એટલી બધી ઓતપ્રોત થઈ ગઈ કે તે પોતાની બધી ભૂખ, તરસ અને ભાર ભૂલી ગઇ. ખરેખર, પ્રિય વસ્તુનું પાન કરતાં પ્રત્યેક પ્રાણી બીજું બધું ભૂલી જાય છે.

જે પદ-સ્થાન દુ:ખમિશ્ર નથી, જે ઉત્પન્ન થયા પછી કદિ ક્ષીણ-નષ્ટ થવાનું નથી, જે સદૈવ ઇચ્છારહિત છે તેને પરમ પદ-મોક્ષ સમજવું. (૨)

कश्चिदाहान्नपानादिभोगाभावादसङ्गतम् ।
सुखं वै सिद्धिनाथानां प्रष्टव्यः स पुमानिदम् ॥३॥
किंफलोऽन्नादिसम्भोगो बुभुक्षादिनिवृत्तये ।
तन्निवृत्तेः फलं किं स्यात्स्वास्थ्यं तेषां तु तत्सदा ॥४॥

કોઇ માણસ એમ કહે કે અન્નપાન વગેરે ભોગોનો અભાવ હોવાથી ત્યાં સિદ્ધોને સુખ મળે છે એ (કહેવું) અસંગત છે, તો તેને એ પૂછવું જોઇએ કે અન્ન વગેરેનો સંભોગ શા માટે છે? (જો તે એમ કહે કે) ક્ષુધા વગેરે દુ:ખને દૂર કરવા માટે છે, (તો તેને ફરી પૂછવું જોઇએ) 'ક્ષુધાનિવારણનું ફળ-પ્રયોજન શું છે?' 'સ્વાસ્થ્યપ્રાપ્તિ તેનું પ્રયોજન છે' (એવો જો તે ઉત્તર આપે તો તેને સમજાવવું જોઇએ કે) સિદ્ધો સદૈવ સ્વસ્થ જ હોય છે. (૩-૪)

अस्वस्थस्यैव भैषज्यं स्वस्थस्य तु न दीयते ।
अवाप्तस्वास्थ्यकोटीनां भोगोऽन्नादेरपार्थकः ॥५॥

ઔષધ તો અસ્વસ્થને જ દેવાય છે, સ્વસ્થને કદી નહિ, તેથી સ્વાસ્થ્યની પરાકાષ્ટાને પામેલા સિદ્ધોને-પરમ સ્વસ્થ સિદ્ધોને-અનાદિનો સંભોગ-ઉપયોગ નિરર્થક છે. (૫)

अकिञ्चित्करकं ज्ञेयं मोहाभावाद्रताद्यपि ।
तेषां कण्ड्वाद्यभावेन हन्त कण्डूयनादिवत् ॥६॥

જેવી રીતે ખાજ વગેરે ન આવતી હોય તો ખજવાળવું

વગેરે કરવું નકામું છે તેવી રીતે સિદ્ધોમાં મોહનો જ અભાવ હોવાથી મૈથુન વગેરે પણ નિષ્પ્રયોજન છે. (૬)

अपरायत्तमौत्सुक्यरहितं निष्प्रतिक्रियम् ।
सुखं स्वाभाविकं तत्र नित्यं भयविवर्जितम् ॥७॥

મોક્ષમાં સુખ તદ્દન સ્વતંત્ર, ઉત્સુકતા–આકાંક્ષા–અધીરાઇરહિત, કોઈ પ્રકારના વિઘ્ન વિનાનું, સ્વાભાવિક, નિત્ય–ત્રૈકાલિક અને ભયમુક્ત છે. (૭)

परमानन्दरूपं तद्गीयतेऽन्यैर्विचक्षणैः ।
इत्थं सकलकल्याणरूपत्वात्साम्प्रतं ह्यदः ॥८॥

અન્ય જૈનેતર વિદ્વાનોએ પણ મોક્ષસુખને પરમાનંદરૂપ કહ્યું છે. આ રીતે સકલ કલ્યાણરૂપ હોવાથી તે જ સાંપ્રત–યુક્ત–ઇષ્ટ છે. (૮)

संवेद्यं योगिनामेतदन्येषां श्रुतिगोचरः ।
उपमाभावतो व्यक्तमभिधातुं न शक्यते ॥९॥

માત્ર કેવલીઓને જ તે સુખ અનુભવગમ્ય છે, જ્યારે બીજાને તે શ્રવણગમ્ય છે. વળી એવી એકેય ઉપમા નથી કે જેથી તેને સ્ફુટ કહી શકાય. (૯)

अष्टकाख्यं प्रकरणं कृत्वा यत्पुण्यमर्जितम् ।
'विरहा'त्तेन पापस्य भवन्तु सुखिनो जनाः ॥१०॥

'અષ્ટક' નામનું આ પ્રકરણ રચીને મેં જે પુણ્ય ઉપાર્જિત કર્યું છે તે પુણ્યદ્વારા થએલ પાપના 'વિરહ'–વિયોગ–વિનાશથી સઘળા માણસો સુખી થાઓ. (૧૦)

# પરિશિષ્ટ ૧

## અષ્ટક નં. ૧૪, ૧૫, ૧૬નું સ્પષ્ટીકરણ

હિન્દના આજ સુધીના ઉપલબ્ધ સાહિત્યમાં ' વેદો ' પ્રાચીનતમ ગ્રંથો છે. તેમને એક અથવા બીજી રીતે ઓછાવત્તા પ્રમાણમાં પ્રમાણરૂપે માનનારા અનેક તત્વચિંતકો એ આ વિશ્વસંબંધી પોતપોતાનાં મંતવ્યો રજૂ કરેલાં મોજૂદ છે, એ મંતવ્યોએ દર્શનોનું રૂપ લીધેલ છે. એવાં દર્શનો મુખ્યપણે આ પ્રમાણે છે. (૧) વેદાંત દર્શન (૨) મીમાંસાદર્શન (૩) સાંખ્ય અને યોગદર્શન (૪) ન્યાય વૈશેષિક દર્શન. વળી વેદોના પ્રામાણ્યનો સર્વથા નિષેધ કરનારા બીજા ચિંતકો પણ તે વખતે મોજૂદ હતા જ. તેમાંના મુખ્ય (૧) બૌદ્ધ અને (૨) જૈન. ચિંતકો છે. તેમણે પણ વિશ્વસંબંધી પોતાના મંતવ્યો પોતપોતાના ગ્રંથોમાં રજૂ કરેલ છે. અત્યારે સર્વ દર્શનોની આત્મા સંબંધી શી માન્યતા છે અને એ માન્યતામાંની કઈ માન્યતામાં અહિંસાદિ ધર્મોનું આચરણ વાસ્તવિક રીતે શકય છે એ અહીં વિચારવાનું છે.

(૧) વેદાન્તીઓનો એટલે કે ઉપનિષદ્કારોનો મત છે કે આત્મા પંચભૂતરૂપ જડ પદાર્થોથી તદ્દન સ્વતંત્ર એક પદાર્થ છે. આત્મા અને પરમાત્મા એક જ છે. તે અનાદિ અનંત છે એટલે કે નિત્ય છે સર્વવ્યાપક છે, જ્ઞાનસ્વરૂપ છે. તેનું બીજું નામ બ્રહ્મ છે. આ ચરાચર જગતનો જે કાંઈ વિસ્તાર દેખાય છે તે બ્રહ્મરૂપ જ છે. છાંદોગ્ય ઉપનિષદ્ ૩–૧૪ માં કહ્યું છે —

**" सर्वं वै खल्विदं ब्रह्म नेह नानास्ति किञ्चन।**
**आरामं तस्य पश्यन्ति न तत्पश्यति कश्चन॥"**

માટે જે કાંઈ દેખાય છે તે મિથ્યા છે. બ્રહ્મ જ પરમ સત્ય છે.

(૨) મીમાંસકોનું માનવું છે કે આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, સુખ

દુઃખનો ભોક્તા છે તથા સર્વવ્યાપક છે, તેઓ કહે છે કે આત્મા વ્યાપક હોવા છતાં તેનું જ્ઞાન મનદ્વારા થતું હોવાથી અને મન શરીરમાં રહેતું હોવાથી તેને સુખદુઃખનો અનુભવ માત્ર શરીરમાં થાય છે સર્વત્ર નહિ.

(૩) સાંખ્ય અને યોગદર્શન એક વસ્તુની બે બાજુ જેવાં છે. સાંખ્યદર્શન જ્ઞાનની અને યોગદર્શન ક્રિયાની–આચરણની વિવેચના કરે છે. સૈદ્ધાંતિક સ્વરૂપ બન્ને દર્શનોનું સરખું જ છે. તેમણે આત્મા સંબંધી નીચેનો શ્લોક ગાયો છે.

**अमूर्तश्चेतनो भोगी नित्यः सर्वगतोऽक्रियः।**
**अकर्ता निर्गुणः सूक्ष्म आत्मा कापिलदर्शने ॥**

તેઓ પ્રકૃતિ અને પુરુષ એ બે મૂળ તત્વોનો સ્વીકાર કરે છે. પ્રકૃતિ જડ છે અને આત્મા ચૈતન્યરૂપ છે. એક દ્રશ્ય છે બીજો અદ્રશ્ય છે. પ્રકૃતિ એટલે સત્વ, રજસ્, અને તમસ્ એ ત્રણ ગુણોની સામ્યાવસ્થા. તે ગુણો જ્યારે વિષમ થાય છે, ત્યારે તેમાંથી બુદ્ધિ, અહંકારાદિ ત્રેવીશ બીજાં તત્વો ઉત્પન્ન થાય છે. આમ પ્રકૃતિનો વિસ્તાર વધે છે, આ સંસારમાં જે કાંઈ સૂક્ષ્મ અથવા સ્થૂળ પરિણામો દેખાય છે, તે પ્રકૃતિની વિકૃતિરૂપ છે. આત્મા આ બધા પરિણામોને જાણે છે અને અનુભવે છે.

આત્મા શુદ્ધ સ્ફટિક જેવો નિર્મળ છે, નિર્વિકારી છે અર્થાત્ તેમાં કશો વાસ્તવિક ફેરફાર થતો નથી. તેને પરિણામોનું જે જ્ઞાન થાય છે તે પ્રકૃતિમાંથી પેદા થએલ બુદ્ધિની મદદથી થાય છે. બુદ્ધિમાં પદાર્થો પ્રતિબિમ્બિત થાય છે અને તેમાં પદાર્થો જે રૂપે સંક્રાન્ત થએલા હોય છે, તે રૂપે જ આત્મા તેમને જાણે છે. અને તેથી આત્માને એમ લાગે છે કે હું અમુક પદાર્થને અમુક પરિણામને જાણું છુ. આ અનુભવ જ એનો ભોગ કહેવાય છે.-આસુરિ નામના સાંખ્યાચાર્ય કહે છે કે–

'विविक्तेदृक्परिणतौ बुद्धौ भोगोऽस्य कथ्यते।
प्रतिबिम्बोदयः स्वच्छे यथा चन्द्रमसोऽम्भसि॥

વળી આત્મા અમૂર્ત સર્વગત અને નિત્ય છે. સુખ, દુઃખાદિનો અનુભવ તેને બુદ્ધિની મદદથી થાય છે અને બુદ્ધિ શરીરમાં રહે છે તેથી આત્માનો સુખદુઃખનો ભોગ પણ શરીરમાં જ થાય છે.

(૪) નૈયાયિક વૈશેષિક લોકો પણ આત્માને નિત્ય અને સર્વ વ્યાપક કહે છે. પરંતુ તેઓ બીજાઓની માફક આત્માને ચૈતન્યમય તેમજ સાંખ્યોની જેમ અકર્તા માનતા નથી. તેમને મતે તો બુદ્ધિ-જ્ઞાન નામનો ગુણ આત્માની સાથે જોડાય છે ત્યારે તે જ્ઞાની બને છે. સ્વતઃ જ્ઞાન રૂપ નથી. વળી તે સુખદુઃખનો ભોક્તા અને રાગ-દ્વેષાદિનો કર્તા છે. બુદ્ધિ આદિ નવ આત્મગુણોનો આત્યંતિક નાશ થયે આત્માની મુકિત થાય છે.

સારાંશ એ કે ઉપર્યુક્ત બધાં વૈદિક દર્શનો માને છે કે આત્મા માત્ર કૂટસ્થ નિત્ય અને સર્વવ્યાપક છે તથા તે સુખ દુઃખાદિ કે પૂણ્ય પાપાદિનો ભોગ મન અથવા બુદ્ધિદ્વારા શરીરમાં કરે છે તેથી જ શરીરને ભોગાયતન કહેવામાં આવે છે.

(૫) બૌદ્ધ દર્શને આ એકાન્ત નિત્યવાદ સામે વિરોધ ઉઠાવ્યો અને કહ્યું કે એકાંત નિત્યવાદીઓના મતે આત્મામાં સુખ દુઃખ કે પુણ્ય પાપ ઘટી શકતાં જ નથી. જો આત્માને પ્રત્યેક પળે પરિવર્તન પામતો એકાન્ત અનિત્ય માનીએ તો જ તેને સુખદુઃખ ભોગવવું શક્ય છે અન્યથા નહિ. તેમનું એમ કહેવાનું છે કે પ્રત્યેક પદાર્થ ક્ષણિક છે. તેથી તે ઉત્પન્ન થતાંની સાથે જ બીજા સજાતીય પદાર્થને ઉત્પન્ન કરી નાશ પામે છે, બીજો ત્રીજા પદાર્થને એમ કાર્યકારણભાવરૂપથી ઉત્પન્ન અને નષ્ટ થતા પદાર્થોનો પ્રવાહ નદીના પ્રવાહની માફક કે દીપકની જ્યોતિ માફક ચાલતો રહે છે. તેઓ આ પ્રવાહને 'સંતાન' કે 'સંતતિ' કહે છે. આત્માની પણ

આવી સંતતિ ચાલ્યા કરે છે. પરંતુ તેઓ આવી સંતતિને માળાના મણકામાં પરોવાયેલા દોરાની માફક જોડનારી ક્ષણિક વસ્તુથી જુદી કોઈ સ્થાયી વસ્તુ તરીકે માનતા નથી. તેમના મતાનુસાર તો જેમ વ્યવહારની સરળતા ખાતર અનેક વૃક્ષોને માટે 'વન' શબ્દ કે હાથ પગાદિ અવયવોને માટે 'શરીર' શબ્દ સંકેતરૂપે વપરાય છે તેમ ક્ષણિક ભાવોની ઉત્પત્તિ વિનાશની પરંપરાને સૂચવવા સરળતા ખાતર 'સંતાન' કે 'સંતતિ' શબ્દ સાંકેતિક છે. એટલે એમને માટે સંતાન કાલ્પનિક છે.

(૬) હવે જૈન દાર્શનિકોનો આત્મા સંબંધી શો ખ્યાલ છે તે તપાસીએ. તેમણે વૈદિક દાર્શનિકોની માફક આત્માને એકાંત નિત્ય કે બૌદ્ધોની માફક એકાન્ત અનિત્ય ન માનતાં બન્ને એકાંતોનો સમન્વય કરી નિત્યાનિત્યરૂપ આત્માનો સ્વીકાર કરેલ છે. તેથી જૈનોએ **अप्रच्यूतानुत्पन्नस्थिरैकरूपः नित्यः** એવી વૈદિકોની 'નિત્ય' શબ્દની વ્યાખ્યાનો અસ્વીકાર કરીને '**तद्भावाव्ययं नित्यम्**' એવી વ્યવહારુ વ્યાખ્યાને સ્થાપી છે 'નિત્ય'ની આ વ્યાખ્યામાં વૈદિકોનો નિત્યભાવ અને બૌદ્ધોનો અનિત્યભાવ બન્નેનો સમાવેશ થાય છે. તેથી જૈનો પોતાના નિત્ય પદાર્થને કૂટસ્થ નિત્ય ન કહેતાં પરિણામી નિત્ય કહે છે. આત્મામાં ઉત્પત્તિ અને વિનાશ પ્રત્યેક ક્ષણે થયા કરે છે છતાં તેમાં પોતાના સ્વરૂપના અસ્તિત્વનો ભાવ કાયમ ટકી રહેવાથી તેમાં સ્થિરતાનો અનુભવ પણ સાથોસાથ ચાલુ જ રહે છે, તેથી એમ કહી શકાય કે આત્મા ઉત્પત્તિ, વિનાશ અને સ્થિતિશીલ છે. બીજું આત્માને કૂટસ્થ નિત્ય માની તેના પોષણ માટે તેને સર્વગત માનવો અથવા સર્વગત માની તેના સમર્થન માટે તેને નિત્ય માનવો એ વ્યવહાર્ય નથી. દેહમાં સુખદુઃખ ભોગવનાર આત્માને સર્વગત માનવાનું કશું જ પ્રયોજન નથી. નહિ તો આત્માનો શરીરગત અમુક અંશ સુખદુઃખ ભોગવશે અને બીજો નહિ. માટે આત્મા નિત્યાનિત્ય

તથા શરીરપરિમાણી છે. આવો આત્મા જ વાસ્તવિક રીતે વ્યવહાર્ય છે, તે જ અર્થક્રિયાકારી છે. બાકી તો નિત્યવાદીઓ અનિત્યવાદીઓને જે દોષો દેશે તેજ દોષો અનિત્યવાદીઓ નિત્યવાદીઓને પાછા દઈ શકશે, કારણકે બન્ને એકાંતવાદી છે. તેથી જ આચાર્ય હરિભદ્રસૂરિ ચૌદમા અને પંદરમા અષ્ટકમાં કહે છે કે અહિંસાદિ પાંચ વ્રતોનું વાસ્તવિક આચરણ કેવળ નિત્ય કે કેવળ અનિત્ય આત્મા કરી શકતો નથી, તેવા બન્ને પ્રકારનો આત્મા હિંસક તેમજ અહિંસક બન્ને રૂપે બની શકતો નથી. આચાર્ય હેમચંદ્રે અન્યયોગવ્યવચ્છેદિકામાં કહ્યું છે—

**'ये एवदोषा किल नित्यवादे विनाशवादेऽपि समास्त एव'।**

અર્થ–નિત્યવાદમાં જે દોષો છે, અનિત્યવાદમાં પણ તે જ સમાન દોષો છે.

તે દોષોને વર્ણવતાં આગળ કહે છે કે

**नैकान्तवादे सुखदुःखभोगौ न पुण्यपापे न च बन्धमोक्षौ।**

એકાન્તવાદમાં સુખદુઃખના ભોગનો તથા પુણ્યપાપનો કે બંધમોક્ષનો સંભવ નથી.'

———o———

# પરિશિષ્ટ ૨

## અષ્ટકપ્રકરણના શ્લોકોનો અકારાદિક્રમ


| श्लोक | पृष्ठ |
|---|---|
| अकिञ्चित्करकं ज्ञेयम् | ७३ |
| अकृतोऽकारितश्चान्यैः | १२ |
| अक्षयोपशमात्त्याग | १८ |
| अङ्गेष्वेव जरां यातु | ४९ |
| अचिन्त्यपुण्यसंभार | ७१ |
| अत उन्नतिमाप्नोति | ५३ |
| अत एवागमज्ञोऽपि | ५१ |
| अतः प्रकर्षसम्प्राप्तात् | ५६ |
| अतः सर्वगताभासम् | ६९ |
| अतः सर्वप्रयत्नेन | ५३ |
| अत्यंतमानिना सार्द्धम् | २६ |
| अत्रैवासावदोषश्चेद् | ४१ |
| अदानेऽपि च दीनादे | १६ |
| अदोषकीर्तनादेव | ४६ |
| अधिकारिवशाच्छास्त्रे | ४ |
| अन्यस्त्वाहास्य राज्यादि | ६४ |
| अन्योऽविमृश्य शब्दार्थ- | ४० |
| अन्यैस्त्वसंख्यमन्येषाम् | ५९ |
| अपकारिणि सद्बुद्धि- | ६७ |
| अपेक्षा चाविधिश्चैव | १७ |
| अप्रदाने हि राज्यस्य | ६४ |
| अभव्येषु च भूतार्था | ७१ |
| अभावे सर्वथैतस्या | ३१ |
| अभावेऽस्या न युज्यन्ते | ३५ |
| अष्टकाख्यं प्रकरणम् | ७४ |
| अष्टपुष्पी समाख्याता | ५ |
| अष्टापायविनिर्मुक्त | ५ |
| असम्भवीदं यद्वस्तु | ६७ |
| अस्माच्छासनमालिन्या- | ५३ |
| अस्वस्थस्यैव भैषज्यम् | ७३ |
| अहिंसासत्यमस्तेयम् | ६ |
| आत्मनस्तत्स्वभावत्वाद् | ६८ |
| आत्मस्थमात्मधर्मत्वात् | ६९ |
| आर्त्तध्यानाख्यमेकम् | २२ |
| इत्थं चैतदिहैष्टव्यम् | ६५ |
| इत्थं जन्मैव दोषोऽत्र | ४१ |
| इत्थमाशयभेदेन | ६२ |
| इदं तु यस्य नास्त्येव | ५१ |
| इमौ शुश्रूषमाणस्य | ५७ |
| इयं च नियमाज्ज्ञेया | ७१ |
| इष्टापूर्तं न मोक्षाङ्गम् | ९ |
| इष्टेतरवियोगादि | २२ |
| इष्यते चेत्क्रिया | ३२ |
| उच्यते कल्प एवास्य | ६१ |
| उदग्रवीर्यविरहात् | १८ |
| उद्वेगकृद्विषादाढ्यम् | २२ |
| उपन्यासश्च शास्त्रेस्याः | ३५ |
| ऋषीणामुत्तमं ह्येतत् | ४ |

| | | | |
|---|---|---|---|
| एको नित्यस्तथाऽबद्धः | २२ | क्व खल्वेतानि युज्यन्ते | २८ |
| एतद्विपर्ययाद्भाव | १८ | क्षणिकज्ञानसंतान- | ३३ |
| एतत्तत्त्वपरिज्ञानात् | २३ | गृहीतोऽभिग्रहः श्रेष्ठो | ४८ |
| एतस्मिन्सततं यत्नः | २१ | गृहीत्वा ज्ञानभैषज्य | ४८ |
| एतावन्मात्रसाम्येन | ३९ | गेहाद्गेहान्तरं कश्चित् | ५४ |
| एभिर्देवाधिदेवाय | ७ | ,, ,, | ५४ |
| एवन्नकश्चिदस्यार्थ | ६३ | ,, ,, | ५४ |
| एवमाहेह सूत्रार्थम् | ६० | ,, ,, | ५४ |
| एवम्भूताय शान्ताय | ३ | जगद्गुरोर्महादानम् | ५९ |
| एवं विज्ञाय तत्त्याग- | २३ | जलेन देहदेशस्य | ३ |
| एवं विरुद्धदानादौ | ४९ | जिनोक्तमिति सद्भक्त्या | १९ |
| एवं विवाहधर्मादौ | ६५ | जीवतो गृहवासेऽस्मिन् | ५७ |
| एवं सद्वृत्तयुक्तेन | २ | ज्ञाने तपसि चारित्रे | ६८ |
| एवं सामायिकादन्यद् | ६७ | ज्ञापकं चात्रभगवान् | ६२ |
| एवं ह्युभयथाप्येतद् | १६ | ततश्च भ्रष्टसामर्थ्य | ४४ |
| एवं ह्यतत्समादानम् | ४८ | ततश्चास्या सदा सत्ता | ३३ |
| औचित्येन प्रवृत्तस्य | ५१ | ततश्चोर्ध्वगतिर्धर्मात् | ३२ |
| कर्तव्या चोन्नतिः | ५३ | ततः सदुपदेशादेः | ३६ |
| कर्मेन्धनं समाश्रित्य | ७ | ततः सन्नीतितोऽभावाद् | ३१ |
| कश्चिदाहान्नपानादि | ७२ | ततो महानुभावत्वात् | ५९ |
| कश्चिदाहास्य दानेन | ६१ | तत्त्यागायोपशान्तस्य | २२ |
| कश्चिदृषिस्तपस्तेपे | ४४ | तत्रप्रवृत्तिहेतुत्वात् | ४७ |
| किञ्चेहाधिकदोषेभ्यः | ६५ | तत्र प्राण्यङ्गमप्येकम् | ३८ |
| किम्फलोऽन्नादिसंभोगो | ७२ | तत्रात्मा नित्य एवेति | ३० |
| किं वेह बहुनोक्तेन | ४३ | तथाविधप्रवृत्त्यादि | २० |
| कृत्वेदं यो विधानेन | ३ | तथोत्कृष्टे च सत्यस्मिन् | ५० |
| कृत्स्नकर्मक्षयान्मोक्षो | ७२ | तदेवं चिन्तनं न्यायात् | ६७ |

| | | | |
|---|---|---|---|
| तया सह कथं संख्या | ६० | न च संतानभेदस्य | ३४ |
| तस्माच्छास्त्रं च लोकं च | ३९ | न चैवं सद्गृहस्थानाम् | १२ |
| तस्मात्तदुपकाराय | ६४ | न मांसभक्षणे दोषो | ४० |
| तस्मादासन्नभव्यस्य | ५१ | न मोहोद्रिक्तताऽभावे | ५० |
| तस्माद्यथोदितं वस्तु | ३० | नागादे रक्षणं यद्वत् | ६५ |
| तस्यापि हिंसकत्वेन | ३४ | नाति दुष्टाऽपि चामीषाम् | ११ |
| दया भूतेषु वैराग्यम् | ५६ | नाऽद्रव्योऽस्ति गुणोऽलोके | ७० |
| दातॄणामपि चैताभ्यः | ११ | नापवादिककल्पत्वात् | ४५ |
| दीक्षा मोक्षार्थमाख्याता | ७ | नाशहेतोरयोगेन | ३३ |
| दुःखात्मकं तपः केचिन् | २४ | नित्यानित्ये तथा देहात् | ३५ |
| दृष्टश्चाभ्युदये भानोः | ७१ | निमित्तभावतस्तस्य | १६ |
| दृष्टा चेदर्थसंसिद्धौ | २५ | निरपेक्षप्रवृत्त्यादि | २० |
| दृष्टोऽसंकल्पितस्यापि | १३ | निरवद्यमिदं ज्ञेयम् | ६६ |
| देशाद्यपेक्षया चेह | २८ | निष्क्रियोऽसौ ततो हन्ति | ३१ |
| देहमात्रे च सत्यस्मिन् | ३७ | निःस्वान्धपङ्गवो | ११ |
| द्रव्यतो भावतश्चैव द्विधा | ३ | न्याय्यादौ शुद्धवृत्त्यादि | २१ |
| द्रव्यतो भावतश्चैव | १७ | पञ्चैतानि पवित्राणि | २८ |
| द्रव्यादिभेदतो ज्ञेयो | ४९ | परमानन्दरूपं तद् | ७३ |
| धर्मलाघवकृन्मूढो | ११ | परलोकप्रधानेन | २७ |
| धर्माङ्गख्यापनार्थं च | ६१ | पातादिपरतन्त्रस्य | २० |
| धर्मार्थं पुत्रकामस्य | ४५ | पापं च राज्यसंपत्सु | ८ |
| धर्मार्थं यस्य वित्तेहा | ८ | पारिव्राज्यं निवृत्ति | ४३ |
| धर्मार्थिभिः प्रमाणादेः | २९ | पित्रुद्वेगनिरासाय | ५६ |
| धर्मोद्यताश्च तद्योगात् | ६० | पीडाकर्तृत्वयोगेन | ३५ |
| ध्यानाम्भसा तु जीवस्य | ४ | पूजया विपुलं राज्यम् | ८ |
| न च क्षणविशेषस्य | ३४ | प्रकृत्या मार्गगामित्वम् | ५५ |
| न च मोहोऽपि सज्ज्ञान | २ | प्रक्षीणतीव्रसंक्लेशम् | ५२ |

| | | | |
|---|---|---|---|
| प्रमाणेन विनिश्चित्य | २९ | मूलं चैतदधर्मस्य | ४७ |
| प्रव्रज्यां प्रतिपन्नो यः | १० | मोक्षाध्वसेवया चैताः | ९ |
| प्रशस्तो ह्यनया भावः | ७ | यच्च चन्द्रप्रभाद्यत्र | ६९ |
| प्रसिद्धानि प्रमाणानि | २९ | यतिर्ध्यानादियुक्तो | १० |
| प्राणिनां बाधकं चैत | ४७ | यत्पुनः कुशलं चित्तम् | ६६ |
| प्रारम्भमङ्गलं ह्यस्या | ५८ | यथाविधिनियुक्तस्तु | ४२ |
| प्राण्यङ्गत्वेन न च नो | ३८ | यथैवाविधिना लोके | १८ |
| प्रायो न चानुकम्पावान् | १५ | यन्न दुःखेन सम्भिन्नम् | ७२ |
| प्रोक्षितं भक्षयेन्मांसम् | ४१ | यस्तून्नतौ यथाशक्ति | ५२ |
| बध्नात्यपि तदेवालम् | ५२ | यस्य चाराधनोपाय | २ |
| भक्षणीयं सता मांसम् | ३७ | यस्य संक्लेशजननो | १ |
| भक्ष्याभक्ष्यव्यवस्थेह | ३८ | यः पूज्यः सर्वदेवानाम् | १ |
| भवहेतुत्त्वतश्चायम् | १५ | यः शासनस्यमालिन्ये | ५२ |
| भावविशुद्धिरपि ज्ञेया | ५० | यो न संकल्पितः पूर्वम् | १२ |
| भावशुद्धिनिमित्तत्वात् | ३ | यापि चाशनादिभ्यः | २५ |
| भिक्षुमांसनिषेधोऽपि | ३८ | या पुनर्भावजैः पुष्पैः | ६ |
| भुञ्जानं वीक्ष्य दीनादिं | १५ | यावत्संतिष्ठते तस्य | ७० |
| भूयांसो नामिनो बद्धाः | २३ | युक्त्यागमबहिर्भूत | २४ |
| भोगाधिष्ठानविषये | ३२ | ये तु दानं प्रशंसन्ति | ६३ |
| मद्यं पुनः प्रमादाङ्गम् | ४३ | यो वीतरागः सर्वज्ञो | १ |
| मद्यं प्रपद्य तद्भोगात् | ४४ | रागादेव नियोगेन | ४५ |
| मनइन्द्रिययोगानाम् | २५ | रागो द्वेषश्च मोहश्च | ५० |
| मय्येव निपतत्वेतद् | ६६ | लब्धिख्यात्यर्थिना तु | २६ |
| महातपस्विनश्चैवम् | २४ | लब्ध्याद्यपेक्षया ह्येतद् | १७ |
| महादानं हि संख्यावद् | ६० | लौकिकैरपि चैषोऽर्थो | ४९ |
| महानुभावताऽप्येषा | ६० | वचनं चैकमप्यस्य | ७१ |
| मांस भक्षयिताऽमुत्र | ४० | वरबोधित आरभ्य | ७० |

विचार्यमेतत् सद्बुद्ध्या ३७
विजयेऽस्य फलं धर्म २७
विजयेऽस्याऽपि पातादि २६
विजयोह्यत्र सन्नीत्या २७
विनयेन समाराध्य ४४
विनश्यन्त्यधिकं यस्मात् ६४
विभिन्नं देयमाश्रित्य १३
विशिष्टज्ञानसंवेग- २५
विशुद्धिश्चास्य तपसा ८
विषकण्टकरत्नादौ १९
विषयप्रतिभासं चा १९
विषयो धर्मवादस्य २८
विषयो वाऽस्य वक्तव्यः १३
वीतरागोऽपि सद्वेद्य- ७०
वृद्धाद्यर्थमसङ्गस्य १०
शरीरेणाऽपि सम्बन्धो ३१
शास्त्रार्थश्च प्रयत्नेन १६
शास्त्रे चाप्तेन वोऽप्येतन् ३९
शुद्धागमैर्यथालाभम् ५
शुभानुबन्ध्यतः पुण्यम् ५४
शुभाशयकरं ह्येतद् ६२
शुष्कवादो विवादश्च २६
श्रूयते च ऋषिर्मद्यात् ४४
स एवं गदितस्ताभिः ४४
स कृतज्ञः पुमान् लोके ५८
संकल्पनं विशेषेण १३
सङ्कीर्णैषा स्वरूपेण ६
सत्यां चास्यां तदुक्त्या २९
सदागमविशुद्धेन ५५
सदौचित्यप्रवृत्तिश्च ५६
संवेद्यं योगिनामेतद् ७४
सर्व एव च दुख्येवम् २४
सर्वपापनिवृत्तिर्यत् ५८
सर्वसंपत्करी चैषा १०
सर्वारम्भनिवृत्तस्य १५
सामायिकविशुद्धात्मा ६८
सामायिकं च मोक्षाङ्गम् ६६
सुवैद्यवचनाद्यद्वद् २
सूक्ष्मबुद्धया सदा ज्ञेयो ४८
स्नात्वानेन यथायोगम् ५
स्नायादेवेति न तु ४६
स्मरणप्रत्यभिज्ञानम् ३६
स्वरूपमात्मनो ह्येतद् ६८
स्वस्थवृत्तेः प्रशान्तस्य २०
स्वोचिते तु यदारम्भे १३
हिंसैषा मता मुख्या ३६
हिंस्यकर्मविपाकेऽपि ३६


—— ० ——

# —શુદ્ધિવૃદ્ધિપત્રક—

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૧ | ૧૭ | चैताभ्यः | चैतेभ्यः |
| ૧૨ | ૧૧ | था न | यो न |
| ૧૨ | ૧૧ | हेयबुद्धया | हेयबुद्ध्या |
| ૧૮ | ૫ | અગ્રહિત | અગૃહીત |
| ૧૮ | ૧૧ | ક્ષયોપયમ | ક્ષયોપશમ |
| ૨૦ | ૪ | અજ્ઞાનાવરણકર્મ | અજ્ઞાનાવરણીય કર્મ |
| ૨૫ | ૫ | मन् इन्द्रिय- | मनइन्द्रिय- |
| ૨૯ | ૨૧ | શરૂઆતમાં ઉમેરો | પ્રમાણલક્ષણ પ્રમાણ-દ્વારા નિર્ણીત કરીને કહેવાય છે કે નિર્ણીત કર્યા વિના જ ? |
| ૩૦ | ૪ | પ્રમાણકથનથી શું ? | પ્રમાણલક્ષણના કથ-નથી શું ? |
| ૩૦ | ૫ | પ્રમાણનું | પ્રમાણલક્ષણનું |
| ૩૦ | ૬ | પ્રમાણથી કે લક્ષણથી | પ્રમાણથી |
| ૩૩ | ૧૭ | સાબીત | સાબિત |
| ૪૨ | ૧૩ | કદિ | કદી |
| ૪૪ | ૮ | समाराघ्य | समाराध्य |
| ૫૨ | ૪ | ध्रवम् | ध्रुवम् |
| ૫૬ | ૧૬ | श्रयते | श्रूयते |
| ૫૮ | ૮ | વડિલ | વડીલ |

